પૂ. શ્રી [illegible]

પૂ. શ્રી [illegible]

પૂ. શ્રી [illegible]

પૂ. શ્રી [illegible]

પૂજ્ય શ્રી લાધાજીસ્વામી સ્મારક ગ્રંથમાળા

જૈન મુનિ શ્રી [illegible] પ્રકાશિત

મણકો ૧-૨ [illegible] ભાગ ૧ રૂ. [illegible], ભાગ ૨ રૂ. [illegible]
„ ૩ સદુપદેશ કુસુમમાળા (બીજી આવૃત્તિ) ભેટ
„ ૪ આંતરની [illegible] ૦-૨-૦ (નથી)
„ ૫ શ્રી [illegible] (બીજી આવૃત્તિ) રૂ. [illegible]
„ ૬ વિશુદ્ધ [illegible] ([illegible]) ૦-૧૨-૦ (નથી)
„ ૭ પૂ. શ્રી લાધાજીસ્વામીનું જીવનચરિત્ર રૂ. [illegible] (નથી)
„ ૮ [illegible] ભાગ ૨ જો (છપાય છે)
„ ૯ પ્રભુસ્તુતિ (ગા. સં. [illegible]) ૦-૨-૦
„ ૧૦ [illegible] ૦-૧-૦
„ ૧૧ [illegible] વિતક વાર્તા ૦-૪-૦ (નથી)
„ ૧૨ પવિત્ર પ્રમદાનું પરાક્રમ (કથા) ૦-૧૦-૦
„ ૧૩ શ્રી લઘુ કાવ્યબત્રીસી (કાવ્યો) ૦-૮-૦
„ ૧૪ અપવિત્ર વસ્ત્ર વિરુદ્ધ પવિત્ર ખાદી (નિબંધ) ભેટ
„ ૧૫ લાખા પટેલની લાકડી (બોધક વાર્તા) ભેટ
„ ૧૬ શ્રી લઘુ સદ્બોધ પુષ્પમાળા (ભેટ) નથી.
„ ૧૭ ત્રિરત્ન (ભેટ). મણકો ૧૮ સામાયિક સૂત્ર (ભેટ)
„ ૧૯ બે હાથ જોડી (સર્વમાન્ય પ્રાર્થના) ૦-૪-૦
„ ૨૦ સામાયિક પ્રતિક્રમણ સૂત્ર ૦-૨-૦
„ ૨૧ નવરત્ન (ભેટ)
„ ૨૨ શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રનો અનુવાદ ૦-૧૦-૦
„ ૨૩ માયાવી સંસાર ૨-૦-૦
„ ૨૪ શ્રી રાયપસેણઇય સૂત્રનો અનુવાદ ૦-૧૦-૦
„ ૨૫ પાંચ જ્ઞાનનો નકશો ૦-૨-૦

ભેટ આપવાના દરેક પુસ્તક દીઠ ૧ આનો પોસ્ટેજ મોકલવું.

પૂજ્ય શ્રી લાધાજીસ્વામી પુસ્તકાલયના વ્યવસ્થાપક

બાહેલા પરા, લીંબડી (કાઠિયાવાડ)

શિરસ્તેદાર) કરતા. ૭ વર્ષ સુધી તેમણે તે કાર્ય કર્યું અને ખૂબ કાળજીથી પુસ્તકો સાચવ્યાં, વધાર્યાં તથા તે માટે કેટલાક ભોગો પણ આપ્યા. ધર્મ કે જ્ઞાતિના ભેદભાવ વિના સૌને મુફત પુસ્તકો વાંચવા અપાતાં, એટલે માત્ર રૂ. ૧૦૦ ના વાર્ષિક ખર્ચમાં પુસ્તકાલયનો નિભાવ થતો. તેમની રાજકોટ ખાતે બદલી થવાથી બે ત્રણ જુદા જુદા વ્યવસ્થાપકોએ કામ ઉપાડ્યું, પરંતુ તેમને હાથે પુસ્તકાલય અવ્યવસ્થિત થયું અને તેનું નામ પણ કલંકિત થયું. આથી મુનિઓનું મન નારાજ થયું અને પુસ્તકાલય વીંખી નાંખી જૂદાં જૂદાં ગામનાં બીજાં પુસ્તકાલયોને થોડાં થોડાં પુસ્તકો મોકલી આપવાનો તેમણે વિચાર કર્યો. પરન્તુ શેઠ જેશીંગભાઇ પોચાલાલ પીતાંબરદાસ, શ્રી. ચુનીલાલ વ. શાહ, શ્રી. સુખલાલ દ. ખંધાર, શ્રી. ખુશાલચંદ હી. સંઘાણી, શ્રી. નાથાલાલ ડાહ્યાભાઇ શાહ વગેરેએ મુનિઓને એવી ઉતાવળ ન કરવા સૂચવ્યું, અને શ્રી. નાથાલાલે વ્યવસ્થા કરવાનું માન્ય રાખવાથી પુસ્તકાલયને વઢવાણ કેમ્પમાંથી ઉઠાવી લીંબડી ખાતે લઇ જવામાં આવ્યું, તે અત્યારે સારી રીતે ચાલી રહ્યું છે. પુસ્તકાલય માટે જાહેર રસ્તા પર મકાન ભાડે લેવામાં આવ્યું છે અને ત્યાંથી બધાં પુસ્તકો જિજ્ઞાસુઓને મુફત વાંચવા મળતાં હોવાથી તેનો સારી પેઠે લાભ લેવામાં આવે છે. આજે પુસ્તકાલયમાં ૧૬૫૦ પુસ્તકો છે. નવાં પુસ્તકો ખરીદવામાં આવે છે અને જૂનાંની મરામત કરવામાં આવે છે. તે ઉપરાંત મકાનભાડાનું પણ ખર્ચ કરવામાં આવે છે. આ બધા ખર્ચને પહોંચી વળવા માટે કોઇ જાતની કાયમી આવક નથી, એટલે પુસ્તકાલય તરફથી પ્રસિદ્ધ કરવામાં આવતાં પુસ્તકોની આવકમાંથી એ ખર્ચ કરવામાં આવે છે. આ સંસ્થા કાંઇક વધુ સંપન્ન સ્થિતિમાં આવે તો મોટાં પુસ્તકોની પ્રસિદ્ધિ અને પ્રચાર કરવાનું કાર્ય પણ ઉપાડી લેવાનો તેનો અભિલાપ પરિપૂર્ણ થાય. જનતાની ઉદારતા અને સહાયકો ઉપર તેનો આધાર છે.

પૂજ્ય શ્રી લાધાજીસ્વામી પુસ્તકાલય, લીંબડી.

ઉપોદ્ઘાત

(૧)

' શ્રી રાયપસેણીય સૂત્ર ' જૈન આગમોમાંના શ્વેતામ્બર જૈન સિદ્ધાન્તમાં અન્યતમ છે, જોકે દિગંબર જૈન સિદ્ધાન્ત જૈન સૂત્રોને માન્ય રાખતો નથી. શ્વેતામ્બર જૈન સિદ્ધાન્ત મૂળ સૂત્રોને શ્રી તીર્થંકર-દેવકથિત માને છે, દિગમ્બર જૈન સિદ્ધાન્ત તેમ માનવાની ના કહે છે. શ્વેતામ્બર જૈન સિદ્ધાન્તમાંનો મૂર્તિપૂજક વિભાગ જે ૪૫ આગમોને માને છે, અને અમૂર્તિપૂજક – સ્થાનકવાસી જૈન વિભાગ જે ૩૨ સૂત્રોને માને છે, તેમાં રાયપસેણીય સૂત્રનું મહત્વનું સ્થાન છે. તેમાં પ્રદેશી રાજા અને પાર્શ્વપ્રભુના સંતાનીય શ્રી કેશી કુમારશ્રમણનો પ્રસંગ છે. કેશી કુમારના ઉપદેશથી પ્રદેશી રાજાની જીવનચર્યા સંપૂર્ણ રીતે પરિવર્તન પામે છે અને તે અત્યંત તપસ્વી જીવન ગાળી, સમાધિ ધારણ કરી, મૃત્યુ પામી, સૂર્યાભ વિમાનમાં સૂર્યાભદેવ તરીકે ઉત્પન્ન થઈ મહાઋદ્ધિનો ઉપભોગ કરે છે, એવું દૈવત પામનાર પ્રદેશી રાજાના જીવનચર્યાનું જ આ આખા સૂત્રનું એકક તેમની વિષય છે, એમ આપણે સંક્ષેપમાં કહી શકીએ.

મૂર્તિપૂજક વર્ગ અને સ્થાનકવાસી વર્ગ આ સૂત્રને એક જુદી દૃષ્ટિએ વિવાદનું કેન્દ્ર બનાવે છે. સૂર્યાભદેવ જિનપ્રતિમાનું પૂજન કરે છે, એને મૂર્તિપૂજક વર્ગ અત્યંત મહત્વ આપીને એમ સિદ્ધ કરે છે કે જિનપ્રતિમા સૂત્રમાં કહી છે, એટલે કે મૂર્તિપૂજા કેવળી ભાષિત છે, અતિપ્રાચીન છે અને દેવલોકમાં તેમજ મનુષ્યલોકમાં મૂર્તિપૂજાનું મહત્વનું સ્થાન છે. સ્થાનકવાસી વર્ગ કહે છે કે મૂર્તિપૂજા એ તો દેવોનો કુળાચાર છે, પરન્તુ સૂર્યાભદેવે જે જિનપ્રતિમાનું પૂજન કર્યું હતું એમ સૂત્રમાં કહ્યું છે તે કયા જિનની – કયા તીર્થંકરની પ્રતિમા હતી, એ સૂત્રમાં કહ્યું નથી, વળી દેવલોકમાં જિન

પ્રતિમા હોય તો તે શાશ્વતી હોય, મનુષ્ય લોકમાંની પ્રતિમા પેઠે અશાશ્વતી ન હોય; જિનનો અર્થ કાંઈ એક 'તીર્થંકર ભગવાન' એવોજ થતો નથી, છતાં જો તે કોઈ તીર્થંકરની પ્રતિમા હોય તો તેને આદિ હોય, અને જેને આદિ હોય તેનો અંત પણ હોય; એટલે મનુષ્ય-લોકમાંની અશાશ્વતી પ્રતિમાની પૂજા શાસ્ત્રસિદ્ધ થતી નથી. આવા તો બીજા અનેક વિવાદના મુદ્દાઓ છે, પરન્તુ જે મુદ્દાઓ માટે આ સૂત્ર યોજાયું છે તે મુદ્દાઓ ઉપર થોડાઓજ પોતાના લક્ષને કેન્દ્રીભૂત કરે છે. રાયપસેણીય સૂત્ર ભગવાને કહ્યું, તે સૂર્યાભદેવની પેઠે મનુષ્યોએ પ્રતિમાપૂજન કરવું એમ ઉપદેશવાને કહ્યું નથી, કે પ્રતિકૂળ પતિને પત્નીએ ઝેર દઈને મારી નાંખવો એમ સૂચવવા માટે પણ કહ્યું નથી. પરન્તુ પ્રદેશી રાજાને કેશી કુમારશ્રમણ પાસેથી જે આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન સાંપડ્યું હતું, તેથી તેનો જે અદ્ભુત જીવન પલટો થયો હતો, અને તેથી કરીને તે જે ઉચ્ચ પ્રકારના દેવતાં પામ્યો હતો તે પ્રબોધવાને આ સૂત્ર યોજાયું હતું, અને તેટલા પૂરતો નિર્ણય જ તેમાંથી કાઢવો જોઈએ. આ તત્ત્વ આ સૂત્રમાં સર્વાંગીણ ઓતપ્રોત થઈ રહ્યું છે.

સાધ્ય એક જ હોવા છતાં સાધન જૂદાં જૂદાં હોઈ શકે છે. ધર્મ આચરવા પ્રત્યેક મનુષ્યનું સાધ્ય મોક્ષ હોય છે એ નિર્વિવાદ વાત છે. વિવાદ માત્ર સાધન સંબંધી છે. પણ જ્યારે એ સાધન [illegible] થતી જાય છે, ત્યારે વિવાદનું સ્થાન વિતંડા અને કલહ લે છે. [illegible] પૂજાની એ એક નિશાની છે. હું સ્થાનકવાસી વર્ગનો એ [illegible] અને બીજાઓ સંપ્રદાયના લોકો પાળે છે. મારી દૃષ્ટિ [illegible] સંપ્રદાયમાં રહી ધર્મ આચરનાર [illegible] નથી, સ્થાનકવાસી વર્ગના એમ [illegible] પ્રમાણે ધર્મનું પાલન કરે તો જ આ [illegible] કહું છું કે, [illegible] કહી [illegible] નહિ. [illegible]

[illegible]

વિતંડા અને કલહને પોષી રહ્યા છે. તેનો એટલો વિચાર કરી અહીં એટલુંજ પ્રસ્તુત છે.

(૨)

'રાયપસેણુઇય'નો પએસી રાજા અને બૌદ્ધ 'દીઘનિકાય'-નો પાયાસી રાજા એ બેઉ એકજ વ્યક્તિ હોય એમ માનવાનાં કારણો પં. બેચરદાસજીએ ટિપ્પણમાં દર્શાવ્યાં છે, તે જોતાં એને એક ઐતિહાસિક વ્યક્તિ માની શકાય તેમ છે. મહાવીર ભગવાનના કાળે આર્યાવર્તમાં આત્મતત્ત્વજ્ઞાનના જે મત–મતાંતર પ્રવર્તતા હતા તે જોતાં આત્મા અને દેહને એકજ માનનાર ચાર્વાકવાદી કોઈ રાજા હોય એ શક્ય છે, અને એવા રાજાને કેશી કુમારશ્રમણે આત્માની નિત્યતા, પુનર્જન્મ અને ઈહલોક તથા દેવલોકને સાંકળનારી જીવન-ચર્યા વિષે ઉપદેશ આપી તેની શંકાઓનું નિવારણ કરી, તેનો જીવન-પલટો નીપજાવ્યો હોય એ પણ શક્ય છે. તત્કાલીન જે જે માન્ય-તાઓએ જનતાને ચાર્વાકવાદ તરફ ધસડી હોય, તે તે માન્યતા-ઓનું નિરસન એક રાજા સમીપે કરવામાં આવ્યું હોય, અને પછી તે આખા પ્રકરણને મહાવીર ભગવાને સૂર્યાભદેવના પરિચયકાળે ગૌતમાદિને કહી સંભળાવ્યું હોય, એ સંભવિત છે.

પૂર્વજન્મ હતો, વર્તમાન જન્મ છે અને પુનર્જન્મ થશે–અર્થાત્ આત્માનું નિત્યત્વ એ વર્તમાનકાળે બધા આર્ય ધર્મોનો પાયો મનાય છે. ભારતમાં ધર્મમંથનના કાળમાં વિવિધ દર્શનો એ પાયા સંબંધેજ વિવાદે ચડ્યાં હતાં; પરન્તુ છેવટે આત્માની નિત્યતા માન્ય રાખનારા ધર્મોજ વિજયી નીવડી પ્રચાર પામ્યા હતા. જૈન ધર્મ એ ધર્મોમાંનો એક છે. પરદેશી પ્રજાના આગમન સાથે પશ્ચિમના જડ-વાદની અસર ભારત પર થઈ અને પૂર્વજન્મ–પુનર્જન્મ વિષેની માન્યતા ડગમગવા લાગી, ત્યારે પશ્ચિમમાંથીજ આવેલી થીઓસોફી એ માન્યતાને સુદૃઢ કરવામાં દેશના બીજા ધર્મોની સાથે રહી અને તેણે પણ કાંઇક કાર્ય કરી બતાવ્યું. સ્વ. ડૉ. બેસંટે પુનર્જન્મ

માન કાળના દૃષ્ટાન્તરૂપ છે. આત્માના નિત્યત્વને માન્ય કરનારા જૈનાદિ આર્ય ધર્મો અને તેના અનિત્યત્વને સિદ્ધ કરવા મથતા પાશ્ચાત્ય વૈજ્ઞાનિકોની દલીલોની સમાલોચના કરીને તેનો નિર્ણય કરવાનું આ સ્થાન નથી; તેમજ ખુદ યુરોપમાં જે જાતિ ઉત્ક્રાન્તિની શાખાઓ વિષે વિદ્વાનોમાં વિવાદ ચાલી રહ્યો છે તેના કોઈ પૂર્ણ અભ્યાસીએજ એ વિષે એક સ્વતંત્ર ગ્રંથ લખવો જોઈએ એવી મારી માન્યતા છે; છતાં એટલું તો હું નિશ્ચિત રૂપે કહી શકું છું કે આત્માની નિત્યતા વિષેની શ્રદ્ધા વર્તમાન જીવસૃષ્ટિને સુખે જીવન નિર્વહવા માટે જેટલી કલ્યાણકારક અને ઇષ્ટ છે તેટલીજ આત્માની અનિત્યતા વિષેની માન્યતા અકલ્યાણકારક અને અનિષ્ટ છે.

(૩)

અંધશ્રદ્ધાનો આ યુગ નથી, જો કે જનતાની શ્રદ્ધા કેળવવા માંગનારા સાંપ્રદાયિકો તો બહુધા તેને અંધશ્રદ્ધાને માર્ગેજ દોરે છે; એ અંધશ્રદ્ધાની કેળવણીનો પ્રત્યાઘાત અશ્રદ્ધાના સ્વરૂપમાં પડતો જનતામાં જોવામાં આવે છે. એ અશ્રદ્ધાને ટાળી સુશ્રદ્ધાને સ્થાપવા માટે વિજ્ઞાનની સહાય લેવામાં આવે, તો તે ઉપયોગી થઇ પડે છે. પૂર્વકાળમાં સામાન્ય જનતા આધુનિક સમયના જેટલી જડ-વિજ્ઞાનમાં આગળ વધેલી નહિ હોય, એટલે કેવળી ભગવંતે સૂત્રરૂપે સત્યો કહી સંભળાવ્યાં. એ સૂત્રો એજ સ્વરૂપમાં પછીની જનતાને ન પચે એવાં જણાયાં, ત્યારે ટીકાકારોએ એ સૂત્રો ઉપર વિસ્તૃત ટીકાઓ રચી અને તેમાં વિજ્ઞાનની સહાય લીધી, પણ એ વિજ્ઞાન વર્તમાન જડ-વિજ્ઞાન નહોતું. આત્મવિજ્ઞાન અને મનોવિજ્ઞાન એ ટીકાઓમાંથી સ્ફુરતું આપણે કેટલેક અંશે જોઇએ છીએ. આધુનિક સમય તો જડવિજ્ઞાનની કસોટીએ એ સૂત્રકથિત સત્યોને કસી જોવાની જિજ્ઞાસાવાળો છે, એટલે નવીન દૃષ્ટિએ એ સૂત્રો ઉપર ટીકાઓ રચાય તે અત્યંત આવશ્યક છે. આ અનુવાદને અંતે જોડેલાં ટિપ્પણોમાં પંડિતજીએ અનેક સ્થળે શંકાસ્થાનો નિર્દિષ્ટ કરેલાં છે, તેમાં વિજ્ઞાનદૃષ્ટિ અપેક્ષિત રહેલી છે; વિજ્ઞાનદૃષ્ટિએ લખેલી ટીકાઓની આ-

[illegible] કેવા નથી !

(૮)

મુમુક્ષુનું સાધ્ય મોક્ષ હોય છે, [illegible] છે. મનુષ્યના મન ઉપર નિર્ભર રહેલું છે. તેથી જ મનુષ્યના બંધ અને મોક્ષના કારણરૂપ મન હોવાનું શાસ્ત્રકારોએ કહેલું છે.

શ્રીમાન આનંદઘનજી કહે છે :—

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું,
એહ વાત નહિ ખોટી;
એમ (કોઇ) કહે સાધ્યું તે નહિ માનું,
એ કહિ વાત છે મોટી.

એવા આ મનને પ્રેમ અને નેમ વડે સંસ્કારી અને પવિત્ર કરવાથી જ મનુષ્યનું પરમ સાધ્ય સિદ્ધ થઈ શકે તેમ હોવાથી જગતના મહાત્માઓએ અને જ્ઞાની પુરુષોએ મન ઉપર સીધી અસર કરે તેવા ઉપદેશો આપેલા છે.

ઇંદ્રાદિકના સુખમાંહી મનડું રમે,
તેવુંજ મન રહે નરક સમા દુઃખમાંહે જો:

મનની એવી સમસ્થિતિ નીપજાવવા જીવોને શીખવવાનો ઉપદેશોનો પવિત્ર આશય હોય છે. મનની આવી સમસ્થિતિ પ્રદેશી

રાજાએ કેશી કુમારશ્રમણના ઉપદેશથી અને તપ-સંયમ વડે સાધી હતી તેનો પરિચય આ સૂત્રમાંથી થાય છે. રાણીએ ઐહિક સુખના સ્વાર્થમાં ભાન ભૂલીને રાજાને ઝેર આપ્યું, એ ઝેરની રાજાને જાણ થઈ ત્યારે પણ રાણી પ્રત્યે રાજાએ સ્હેજ પણ અભાવ ધારણ કર્યા વિના દેહ પરનો મમત્વભાવ છાંડયો, એ મનની અપૂર્વ સમસ્થિતિનું આપણને દર્શન કરાવે છે. મનની આવી સમસ્થિતિ પ્રાપ્ત કરનારજ ઝેર આપનાર પ્રતિ નિર્વૈર બુદ્ધિ ધરાવી શકે છે, આત્મરમણતા અનુભવી શકે છે, ઇંદ્રાદિકના સુખ તથા નરકનાં દુઃખને સમભાવે વેઠી શકવા સમર્થ બને છે અને નવાં કર્મનાં બંધનને અવરોધી શકે છે. પાપી મનુષ્યો પણ મન ઉપર સીધી અસર કરનારા ઉપદેશોથી બહુધા સન્માર્ગે વળી શકે છે.

જનસમુદાયમાં વિશેષ ભાગ સામાન્ય બુદ્ધિશક્તિવાળો હોય છે, તેને એ ઉપદેશશૈલીના લક્ષ્યરૂપ લેખવામાં આવે છે અને એ ઉપદેશ એવા સમુદાયના મન ઉપર અસર કરીને તેમના જીવનને ઇષ્ટ દિશાએ દોરવામાં મહાયક બને છે. એટલું ખરૂં છે કે જેમ જૂદાં જૂદા દર્દીઓના દર્દ જૂદા જૂદા હોય છે અને તેમના વ્યક્તિગત ઉપચારો જૂદા જૂદા પ્રકારના કરવા જોઇએ છે, તેમ પ્રત્યેક વ્યક્તિનાં મન એકજ-સમાન ભૂમિકા ઉપર હોતા નથી, તેથી તેમને માટે ઉપદેશકથાનક તેમજ ઉપદેશશૈલી પણ જૂદા જૂદા હોવા જોઇએ છે; પરન્તુ જેવી રીતે નિષ્ણાત વૈદ્ય અનેક દર્દીઓના સમુદાયના દર્દનું એક સામાન્ય સ્વરૂપ નિરીક્ષીને તેને શક્તિનું ઔષધ આપે છે અને એથી શક્તિ પ્રાપ્ત થતા જૂદા જૂદા દર્દીઓના પૃથક્ પૃથક્ દર્દી એ શક્તિના આવિર્ભાવથી શમવા માડે છે, તેવી રીતે એક જ્ઞાની ઉપદેશા જૂદી જૂદી કોટિના શ્રોતાઓના સમુદાયને એવો સર્વસામાન્ય ઉપદેશ આપવા યત્ન કરે છે કે જે ઉપદેશ પ્રત્યેકના જૂદા જૂદા માનસિક દર્દો ઉપર ઔષધરૂપ નીવડે ઉપર જણાવ્યુ તેમ સામાન્ય જનસમુદાયને લક્ષ્ય કરીને આપવામાં આવેલા ઉપદેશમા જે વિશિષ્ટ

શૈલી ઉપદેષ્ટાને આવશ્યક લાગી હોય, તે શૈલી કોઈ વિશિષ્ટ બુદ્ધિ-શક્તિવાળા શ્રોતાને અણગમતી કે અણઘટતી લાગતી હોય તો ભલે લાગે; પરન્તુ તેથી જે એમ કહેવું કે શાસ્ત્રકારોએ તો ભોળા લોકોને ભ્રમાવવા માટે વિચિત્ર ઉપદેશો આપ્યા છે અને ન મનાય એવાં કથાનકો જોડી કાઢ્યાં છે, તેવું કથન તો અજ્ઞાનતાભર્યું છે.

આદર્શ અને વાસ્તવિકતા વચ્ચે અંતર હોય છે, અને હોવાનુંજ. વાસ્તવિક સૃષ્ટિનો આદર્શ એવો હોવો જોઇએ કે જે આદર્શરૂપ જ રહે અને તેમાં જ સૃષ્ટિનું આદર્શ પ્રતિ આગળ વધવાપણું રહેલું છે. આ કારણથી વાસ્તવદર્શીઓને મન આદર્શમયતા કાલ્પનિક ભલે લાગે, પરન્તુ જ્યાંસુધી આદર્શપ્રતિ કૂચકદમ કરવાનાં સોપાન-પગથીયાં રહેલાં છે, એ પગથીયાં પર ચડીને ઉચ્ચ-ઉચ્ચતર અવસ્થાને પહોંચ-નારાના દૃષ્ટાન્તો આ વાસ્તવિક જગતમાંથી પણ મળે છે, ત્યાંસુધી એ દૂરસ્થ આદર્શને કેવળ કાલ્પનિક માની શકાય તેમ નથી. આ જ પ્રકારનું અંતર ઉપદેશવચનોમાં આવતી આદર્શમયતા અને વાસ્તવિક સૃષ્ટિના મર્યાદિત અનુભવો વચ્ચે પણ રહેલું હોય છે. એ અનુભવોને ઉક્ત આદર્શમયતા કાલ્પનિક કે વાસ્તવિકતાથી દૂર-અત્યંત દૂરની લાગે છે અને તેના અવલંબનથી વાસ્તવિક સૃષ્ટિનો મનુષ્ય કેવી રીતે આગળ વધી શકે એમ તે પૃચ્છા કરે છે. આ પૃચ્છા-આ જિજ્ઞાસા એક એવી કસોટી છે કે જે આદર્શ અને વાસ્તવિકતા વચ્ચે વધેલા-ઘટેલા અંતરનું માપ કાઢી આપે છે. આદર્શ તો તે જ રહે છે પણ વાસ્તવિક સૃષ્ટિ બદલાય છે, બેઉ વચ્ચેનું અંતર-વધેઘટે છે, ત્યારે આદર્શને સ્પષ્ટ કરતી શૈલી નવીન સંસ્કરણ માંગે છે. તેનું જૂનું સંસ્કરણ જે વાસ્તવિક સૃષ્ટિને આદર્શ તરફ પ્રગતિમાન કરી શકતું હતું, તે હવે પ્રગતિમાન કરવાને બદલે પૃચ્છાને જગાડે છે, શંકાને જન્મ આપે છે, અશ્રદ્ધા ઉપજાવે છે; એમ લાગે તે સમયે ઉપ-દેશકોએ સમયનું સ્વરૂપ પિછાણી લઇને આદર્શને રજુ કરવાની શૈલીમાં પણ પલટો કરવો જોઇએ; પરન્તુ આ પલટાની આવશ્યકતા

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

તીથરી-મારવાડ,
તા. ૨૧-૧૦-૩૫.

આપનો
બેચરદાસ

પણ તેની જેવોજ ક્રૂર હતો અને માતામહી તો ધર્મનિષ્ઠ શ્રમણો-પાસિકા હતી અને ઉગ્ર ગણતંત્ર તત્ત્વોની જાણકાર હતી.

પએસીનું વર્ણન આપતાં ગ્રંથકાર કહે છે કે તે અધાર્મિક ચંડ રૌદ્ર સાહસિક અને ઘાતક હતો, શ્રમણ બ્રાહ્મણ ગુરુજન કોઈનો વિનય ન કરતો, એટલુંજ નહિ પણ એ પોતાના દેશનો કારભાર સુદ્ધાં બરાબર ન ચલાવતો.

'શરીરથી જુદો એક આત્મા છે', 'મરણ પછી જન્માંતર છે', 'પુણ્યપાપની પ્રવૃત્તિદ્વારા જ સુખદુઃખનું નિર્માણ છે' એવા એવા ખ્યાલોને તે સ્વીકારતો નહિ. તેને લીધેજ સંભવ છે કે તે એવો ક્રૂર અને અવિનયી થઇ ગયો હોય.

તેનો કલ્યાણમિત્ર ચિત્ત, પએસીના એ ખ્યાલો સંબંધે બહારથી તો ઉદાસીન-તટસ્થ જેવો રહેતો, પણ પોતાના મિત્ર રાજાને એ સંબંધે કહેવાનો-સમજાવવાનો-અવસર તો તે શોધ્યા જ કરતો.

એક પ્રસંગે ચિત્ત, રાજકીય કાર્ય માટે રાજધાની છોડી બીજે ગામ ગયો, ત્યાં તે કેશી નામના શ્રી પાર્શ્વનાથ ભગવાનની પરંપરાના મુનિનો ધર્મોપદેશ સાંભળી તેમનો અનુયાયી થયો-શ્રમણોપાસક થયો.

એ ચિત્તે પોતાના ગુરુભૂત મુનિને પોતાના રાજાની માન્યતાઓ વિશે વાત કરી અને રાજાની એ માન્યતાઓને લીધે પોતાના દેશની દુઃખમય કથની કહી સંભળાવી અને એ દુઃખમય સ્થિતિમાંથી દેશને અને રાજાને છોડવવા અને તે અર્થે પોતાની રાજધાનીમાં પધારવા તે મુનિરાજને તેણે આગ્રહભર્યું આમંત્રણ આપ્યું અને સાથે ઉમેર્યું કે, આપ આવશો તો રાજા જરૂર સુધરી જશે અને તે દ્વારા અમારો-અમારા આખા દેશનો-દેશની સમસ્ત જનતાનો ઉદ્ધાર કરવાનું શ્રેય આપને મળશે.

રાજાનો ક્રૂર સ્વભાવ અને નાસ્તિકતાભરેલા ખ્યાલો જાણી કેશી મુનિએ ચિત્તના તે આમંત્રણનો પ્રથમ તો અસ્વીકાર કર્યો

બરાબર લાગ જોઈને એક વાર ચિત્તે કહ્યું: મહારાજ! આપણે ત્યાં કંબોજ દેશના પેલા જે ચાર ઘોડાઓ આવેલા છે તેમની તો હજુ પરીક્ષા પણ ન કરી, તે હવે ક્યારે કરવાના છો?

રાજાએ કહ્યું: ચિત્ત! આજે જ કરીએ, ચાલ, તૈયાર થા અને એ ઘોડાઓને ધરમાં નાખી રથ જોડી લાવ.

બન્ને જણા રથમાં બેસી અશ્વપરીક્ષા માટે બહાર નીકળ્યા. ચિત્ત સારથિએ રથને પુરપાટ હાંકી મૂક્યો, બહુ દૂર જઈ પહોંચ્યા. રાજા તો થાકી ગયો અને ગરમી તથા ધૂળથી ગભરાયો. એણે રથને પાછો વળાવ્યો.

ચતુર અને સમયજ્ઞ ચિત્તે વિશ્રાંતિ માટે તેજ બગીચો પસંદ કર્યો જ્યાં તેના ગુરુ કેશી મુનિ ઊતર્યા હતા.

બગીચામાં પહોંચી ઘોડા છોડયા, તેમને ચારો નાખ્યો અને બન્ને જણ થાક ખાવા બેઠા. એવામાં રાજા પએસીને કાને કેશી મુનિનો ઘેરો અવાજ અથડાયો.

રાજા બડબડ્યો: આ મુંડકો અહીં આટલે છેટે થાક ખાવા આવ્યા છીએ તોપણ સુખે નિરાંતે બેસવા દેતો નથી, આ તે આવડો મોટો ઘાંઘાટ શેનો?

ચિત્તે ઘણી જ નમ્રતાથી પોતાના પ્રિય રાજાને મુનિનો પરિચય કરાવ્યો અને તેમની વિદ્વત્તાની થોડી પ્રશંસા પણ કરી. સરળ સ્વભાવી રાજા મુનિને મળવા ઉત્સુક થયો અને બન્ને જણા-રાજા અને અમાત્ય-મુનિશ્રી પાસે પહોંચ્યા.

રાજાએ આત્મા જન્માંતર અને પુણ્ય પાપ સંબંધી પોતાની જિજ્ઞાસા મુનિ સામે રજુ કરી અને કહ્યું:

હે શ્રમણાયુષ્માન્' મેં આત્મા વગેરે તત્ત્વોને શોધવા પ્રાણ કરતાં ઘણા ઘણા પ્રયોગો કરી જોયા છતાં અત્યારસુધીમાં હું એ પ્રયોગોમાં સાવ નીવડ્યો છું અને અત્યારસુધીના મારા જાતજાતના એ પ્રયોગો ઉપરથી હું એવા નિર્ણય ઉપર આવ્યો છું કે આત્મા

નથી. અહીં તો " માથા સાટે માલ છે." " મરી જાણ્યા તે મહા-સુખ માણે " એ જ ન્યાય છે. માટે તારે હવે આ જ પ્રયોગ કરવાનો રહ્યો અને હું તારી જિજ્ઞાસા અને આત્માનુભવ સંબંધી તાલાવેલીથી જાણી શકું છું કે એ પ્રયોગને અંતે વિજય તારો જ છે.

પએસી ! એ પ્રયોગ તો ઘણા લોકો કરે છે પણ તેમાંના કેટ-લાક તો સાધનોમાં જ અટકી પડે છે, કેટલાક બાહ્ય પ્રવૃત્તિમાં જ ફસાઈ જાય છે, કેટલાક નરી પ્રતિષ્ઠામાં જ પટકાઇ જાય છે, માટે તારે એ પ્રયોગ કરતાં બરાબર વિવેક–સાવધાની રાખવી જરૂરી છે

સાંભળ,

" કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ
બાહ્ય ક્રિયામાં રાચતા અંતર્ભેદ ન કાંઈ. "
" બંધ મોક્ષ છે કલ્પના ભાખે વાણી માંહિ
વર્તે મોહાવેશમાં શુષ્કજ્ઞાની તે આંહિ. "
" વૈરાગ્યાદિ સફળ તો જો સહ આતમજ્ઞાન
તેમજ આતમજ્ઞાનની પ્રાપ્તિતણાં નિદાન. "
" ત્યાગ વિરાગ ન ચિત્તમાં થાય ન તેને જ્ઞાન
અટકે ત્યાગ વિરાગમાં તો ભૂલે નિજભાન. "
" જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવૂં તેહ
ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ. "
" હોય મુમુક્ષુ જીવ તે સમજે એહ વિચાર
હોય મતાર્થી જીવ તે અવળો લે નિર્ધાર. "
" બાહ્ય ત્યાગ પણ જ્ઞાન નહીં તે માને ગુરુ સત્ય
અથવા નિજકુળધર્મના તે ગુરુમાં જ મમત્વ. "

તાત પએસી ! તારે એકડે એકથી શરૂ કરવાનું છે, ગભરાવાનું કશું કારણ નથી. તેં અત્યારસુધીમાં ઈંદ્રિયોના મનના અને સંકલ્પોના જે ઘોડા પૂરપાટ દોડાવ્યા છે અને તે અર્થે કોઇના પણ સુખની



[illegible]

[illegible]

તેમને નમન કરીએ છે.

પછી તો ગુરુદેવ પોતાની [illegible] કર્યાં. જેમાંનો એક ભાગ [illegible] જ્ઞાનમાર્ગે-જ્ઞાનાનુભવોમાં-[illegible] પોતાની [illegible] લીન રહેવા લાગ્યા.

હવે તે ક્રમશઃ [illegible] પોતાની પ્રિય રાણીની પણ ભોગસાધન તરીકેની વિસ્મૃતિ થવા લાગી. એટલું જ નહિ પણ રાણીએ રાજાને વિષ આપ્યું અને તે રાજાની જાણમાં આવ્યું છતાં તેનું એક રુંવાડું પણ ન ફરક્યું. તેને પોતાના દેહની એટલી બધી વિસ્મૃતિ થઈ ગઈ કે દેહનો નાશ કરનારી રાણી માટે તેને મનમાં કશું જ ન ઉગ્યું—ને તદ્દન સ્વસ્થ રહ્યો અને "આત્મન્યેવ આત્મના તુષ્ટઃ" ની પરિસ્થિતિ લગભગ પહોંચ્યું પહોંચ્યું થતાં સૂર્યાભ-સૂર્ય જેવી અગાધ આભાની દિવ્ય-સ્થિતિને પામ્યો અને છેવટે* વિદેહ થઈ જ્યોતમાં જ્યોતની દશાને તે અનુભવશે.

ગતાનુગતિકતા, અંધશ્રદ્ધા, પરીક્ષણશક્તિનો તિરોધ વા અભાવ, નવા નવા પ્રયોગોને વિવેકપૂર્વક ખેડવાનું સાહસ ન હોવું, પૂર્વગ્રહનો અસહિષ્ણુ પક્ષપાત, કોઈએક જાતની વિવેક વિનાની સ્થિતિચુસ્તતા, જિજ્ઞાસા જ ન થવી, તર્કશક્તિનો દુરુપયોગ, આડંબરપ્રિયતા, મુંઝ-

* શ્રી કેશી મુનિરાજ અને રાજા પએસીના સંવાદમાં મેં જે નવનીત જોયું છે તે અહીં જણાવેલું છે.

[illegible] [illegible]

છે ને પાયાસીની કથામાં [illegible]

આ આખ્યાનમાં પણ [illegible]

પ્રમાણે કોઈ જણાવેલું છે. [illegible]

અને બીજી વિગતો ને પાયાસીના આખ્યાનમાંથી [illegible]

આ રીતે મોટો ભાગ કેવળ [illegible] નમાં બરાબર સરખામણી છે એ વિચાર કરવા જેવું છે. [illegible] આ આખ્યાનની ઐતિહાસિક [illegible] નથી [illegible] છે. આ અને ભિન્નભિન્ન પરંપરાઓ પણ કેવી રીતે [illegible] રહી રહી છે તે પણ જાણવા જેવું છે.

રાજા પસેનજિત અને પએસી [illegible] પાયાસી એ બન્ને એક નથી એ વસ્તુ કોઈ ન ભૂલે.

બન્ને આખ્યાનનાં પાત્રો અને સ્થળ વિશેની સવિસ્તર ઐતિહાસિક માહિતી આપવી જરૂરી છે પણ અહીં તો જે કેટલાક મહત્ત્વના મુદ્દાઓ સ્ફુરે છે તે વાચકોની જાણ માટે નોંધી દઉં છું.

૧. સૂત્રનું મૂળ નામ રાયપસેણઇય છે કે રાયપએસિય છે? પ્રથમ નામ કબૂલ રાખીએ તો તેમાં રાજા પ્રસેનજિતનો સંબંધ માલુમ પડે છે અને બીજું સ્વીકારીએ તો તેમાં રાજા પએસીનો સંબંધ જણાય છે અને હાલ જે સ્થિતિએ સૂત્ર ઉપલબ્ધ છે તેમાં છે પણ પએસીનો સંબંધ. ટીકાકાર (શ્રી મલયગિરિ—આચાર્ય હેમચંદ્રના સમસમયી) મૂળ નામ સાથે રાજા પએસીનો સંબંધ વ્યક્ત કરે છે, ત્યારે ટીકાકારની પૂર્વે થએલા આચાર્યો રાજા પ્રસેનજિતનો સંબંધ જણાવે છે.

૨. અંગ—આગમોમાં અનેક સ્થળે બાર અંગોનાં નામો તો જણાવેલાં છે પણ બાર ઉપાંગનાં નામો કોઇ મૂળ-અંગ સૂત્રમાં જણાવેલાં છે ખરાં? ઉપાંગોની યોજનાના ઇતિહાસ માટે આ પ્રશ્ન અવશ્ય વિચારણીય છે.

[illegible]

આ અનુવાદનો [illegible] મુનિ શ્રી [illegible]
વ્યાકરણના અનુવાદની નકલમાંથી થયો છે. [illegible]
પ્રેરક મુનિરાજ શ્રી [illegible] [illegible]
માટે તેમનો હું આભાર માનું છું અને અનુવાદમાં [illegible]
જિજ્ઞાસુઓને [illegible] [illegible]
ટિપ્પણો પણ મૂકેલા છે, [illegible]
મુદ્રણ વગેરેના સંશોધનનો ભાર [illegible]
માટે તેઓ પણ ધન્યવાદાર્હ છે. આગમોના શુદ્ધ પ્રકાશન માટે [illegible]
પણ શ્રી લાધાજી સ્વામી પુસ્તકાલયના સંચાલકોનું ધ્યાન ખેંચું છું.

તીવરી
(જોધપુર-મારવાડ)
આસો વદિ ૭.

બેચરદાસ જીવરાજ દોશી.

મહિ કપિશીર્ષ-કાંગરી ટેકીવાળો; ગોળી કે બાણો વગેરે પ્રકારના ઉપાયોથી રક્ષિત હતી. નગરીમાં રહેનારા વિદ્વાનો વિશાળે સારી રીતે ગોઠવી ગણવા હતા. ત્યાં રહેનારા પ્રત્યેક મનુષ્યના આવાસમાં કોઈ પણ કાળે ભયનો સંભવ ન હતો તેથી તે નિરાકુળપણે સુખથી ત્યાં રહી શકતા. અનેક કોટિના૭ કૌટુમ્બિક-કણબી લોકો ત્યાં સુખે સુખે રહેતા હતા.

અનેક નટો, નાચનારાઓ, રાજાનાં ગુણગાન ગાનારાઓ, મલ્લો, મુષ્ટિયુદ્ધ કરનારાઓ, હસાવનારા વિદૂષકો, કથા કરનારાઓ, કુદનારાઓ કે તરનારાઓ, રાસ લેનારાઓ કે ભાંડ લોકો, શુભ અશુભ કહી બતાવનારા જ્યોતિષીઓ, ઉંચા-વાંસડાની ટોચ ઉપર ખેલ કરનારાઓ, ચિત્રનાં પાટિયાં હાથમાં રાખી જનમનરંજન કરનારાઓ, તૂણ વગાડનારાઓ અને તુંબની વીણા વગાડનારાઓ, એ બધા લોકો નગરીમાં સારો આશ્રય મેળવતા હતા.

દંપતીઓને ક્રીડા કરવાના રમણીય આરામો, મોટા મોટા ઉત્સવો અને મોટી મોટી ઉજાણીઓ ઉજવી શકાય એવાં સુંદર ઉદ્યાનો, સરસ કુવાઓ, આંબાને ઠારે એવાં તળાવો, દીર્ઘિકાઓ-લાંબી લાંબી મનોહર વાવડીઓ અને ક્યારાઓ નગરીની શોભામાં વધારો કરતાં હતાં.

નગરીની રક્ષા કરતું નગરીની ફરતું ઉંડું, ઉપર પહોળું નીચે સાંકડું એવું ખાત૮ હતું તથા નગરી ફરતી ઉંડી અને ઉપર નીચે સરખી ખોદેલી વિશાળ ખાઇ હતી, નગરીમાં કોઈ ઉપદ્રવકારી ન પેસી શકે માટે મોટાં

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] બાંધેલાં હતાં,

એમાં ઉપર નીચે સુગંધી પાણીનો છંટકાવ થ
મોટી મોટી માળાઓ લટકાવેલી હતી, પાંચ વર્ણનાં સુગં
ફુલો, કાળો અગર, ઉત્તમ કુંદુરુ, તુરુષ્કનો[15] (ઉત્તમ
રનો ધૂપ વગેરે અનેક સુગંધી ધૂપોથી એ મહેકી ર
હતું—જાણે કે સુગંધોનો ભરેલો ઓરડો જ ન હોય?

એ ચૈત્યમાં નટો,[17] નાચનારાઓ, જલ્લો, મલ્લ
મૌષ્ટિકો, વિદૂષકો, કૂદનારાઓ, તરનારાઓ, જ્યોતિષિ
રાસ લેનારાઓ, ભાંડો, કથા કરનારાઓ, ચિત્રપટને બત
વનારાઓ, તૂણ અને તુંબવીણાને વગાડનારાઓ, ભુજંગ
ભોગી—શોખી—જનો અને મગધો—ભાટો વગેરે રહેતા હત

એ ચૈત્ય ઘણા લોકોમાં અને અનેક દેશો
પ્રખ્યાત હતું, ઘણા આહોતા લોકો ત્યાં આહુતિ દે

પૂજા કરવા,[૧૮] વંદન કરવા અને નમન કરવા આવતા, ઘણા લોકોનું એ સત્કારનું, સન્માનનું અને ઉપાસનાનું સ્થાન હતું, કલ્યાણ અને મંગલરૂપ એવા દેવતા સંબંધી ચૈત્યની પેઠે એ, વિનયપૂર્વક પર્યુપાસવાને યોગ્ય હતું,

દેવતાઇ શક્તિવાળું, સાચવાળું, સાચા ઉપાયોવાળું અને હજારો યાગોના ભાગો જ્યાં નૈવેદ્યરૂપે ધરવામાં આવે છે એવા એ ચત્યને ઘણા લોકો આવી આવીને પૂજતા–અર્ચતા.

વળી, એ ચૈત્ય, ચારે બાજુ એક મોટા વનખંડથી ઘેરાએલું હતું, એ વનખંડ લીલોછમ, ઠંડો હિમ, કયાંય હરી કાંતિવાળો, કયાંય નીલી કાંતિવાળો, સઘન છાયાવાળો અત્યંત રમણીય હતો–એ વનખંડ જોતાં જાણે કે મેઘનો સમૂહ જ ન હોય એવો ભાસ જોનારને થતો હતો.

૩ ચૈત્યની ચારે બાજુ પથરાએલા એ પહોળા વનખંડમાં વચ્ચોવચ્ચ એક મોટું ઉંચું અશોકનું વૃક્ષ હતું, એ પણ આંખને ઠારે એવું, પ્રસન્નતા પમાડનારું ઘણું સુશોભિત હતું.

એ અશોકવૃક્ષની આસપાસ કેટલાંય બીજાં તિલકનાં, લકુચનાં–લવકનાં, છત્રોપનાં, શિરીષનાં, સાદડનાં, દધિપર્ણનાં, લોદરનાં, ધવનાં, ચંદનનાં, અર્જુનનાં, નીપનાં, કુડજનાં, કદંબનાં, ફનસનાં, દાડિમનાં, શાલનાં, તાડનાં, તમાલનાં, પ્રિયકના, પ્રિયંગુનાં, પુરોભક–કુરબકનાં, રાજવૃક્ષના અને નંદિવૃક્ષના ઉત્તમ વૃક્ષો[૧૯] આવેલાં છે.

એ બધાંય વૃક્ષો મૂળ, કંદ, સ્કંધ-થડ, છાલ, શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ અને બીજથી યુક્ત છે; એ વૃક્ષોનાં મૂળો ભોંયમાં બહુ ઉંડે પસોંગેલાં, સીધાં અને એકસરખી રીતે ગોળ એ બધાં ઉગેલાં, પહેલું મૂળ, પછી કંદ, પછી થડ, પછી શાખા પ્રશાખા એ જાતની એકસરખી ઉગેલી એ વૃક્ષાવળીમાં સચવાએલી, એમની શાખા પ્રશાખાઓ ચારે કોર ફેલાએલી, એમનાં મોટાં મોટાં ગોળ થડો વામ વામ જેટલાં ઘેરાવવાળાં, એ વૃક્ષોનાં પત્રો વાયુના દોષથી વા અન્ય પ્રકારની ઈતિ-ઉપદ્રવ-થી નહિ ખરેલાં અર્થાત્ એમનાં પાંદડાં એવાં ઘાટાં હતાં કે તેમાં ક્યાંય છિદ્ર જ ન જણાય, એ વૃક્ષોનાં પાકાં ઘરડાં પાંદડાં તો ખરી પડેલાં અને તાજાં નવાં કૂણાં પાંદડાંને લીધે એ, લીલા લીલા કાચ જેવા ઓપતા, વૃક્ષોની ટોચે આવેલા નવા કોમળ કિસલયો શિખરની જેમ હલ્યા કરતા, છએ ઋતુઓમાં એ બધાં કોળેલાં-કળીઓવાળાં, પુલેલાં-પુલોવાળાં, ફળેલાં-ફળોવાળાં, પલ્લવવાળાં, ગુચ્છાવાળાં અને ફળોના ભારથી નમેલાં રહેતાં.

એ ઉંચાં ઉંચાં તરુઓ ઉપર દંપતીરૂપ સૂડા, મોર, મેના, કોયલ, કોરક, કોભવ, ભિંગાર, કોંડલક, જીવંજીવક, નંદીમુખ, કપિલ, કપિલાક્ષ, કારંડ, ચકવા, કલહંસ અને સારસ વગેરે પક્ષીઓ આમતેમ ઉડતાં, કૂજતાં-મધુર કલકલ કર્યા કરતાં, ભમરા-ભમરીઓનું ઝુંડ (એમની ઉપર) ગુંજારવામાં મસ્ત રહેતું.

રોગ વિનાના, કાંટા વગરના અને મધુર રસભર એ

સ્વસ્તિક, [illegible]

[illegible]

[illegible]

[illegible]

હતાં; એ ઉપરાંત એ [illegible]

ઉપર [illegible]

અને ગાગરની [illegible]

સુભગ, સૌગંધિક, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર અને સહ-
સ્રપત્રના [illegible] હતા.

૪ [illegible] એ અશોકવૃક્ષની નીચે એક મોટી
કાળી શિલાપાટ હતી.

અશોક વૃક્ષના થડની લગોલગ આવેલી એ શિલા-
પાટ ઉંચાઇ, લંબાઇ અને પહોળાઇમાં પ્રમાણસર હતી.

જાંબુડાં, નીલાં કમળનો ઢગલો, મરકતમણિ, બીયાનું
વૃક્ષ, આંખની કીકી અને તરવારના વર્ણ જેવી તે કાળી
શિલાપાટ, આંજણનાં વૃક્ષો, મેઘનો સમૂહ, નીલાં કમળ
અને બલદેવના વસ્ત્રની માફક ચમકતી હતી તથા ભમરા-
ઓનું ઝુંડ, આંખનો સુરમો, ગળીની ગોળીઓ, પાડાનું
શિંગડું—એ બધાં કરતાંય વધારે કાળી તે શિલાપાટ, જાણે
રને કેમ જાણે પથરાઇને બેઠેલા ભમરાઓનું ઝુંડ ન હોય
એવો ભાસ કરાવતી હતી.

એનો કાળો રંગ ઘન–ઘેરો હતો, એ ક્યાંય કોઠ-
લાની જેમ પોલી ન હતી, રૂપમાત્રનાં પ્રતિબિંબો તેમાં
આરિસાની પેઠે પડતાં, ઘાટે સિંહાસન જેવી આઠખૂણી એ

પાણી [illegible] દેવામાં આવતાં [illegible]
સુખી હતા.

ઘણા હાથીઓ, હાથણીઓ, ગાડાંઓ, ગાડીઓ, [illegible] અને
ઘોડાઓનો એ પ્રભુ[31] હતો. એનો [illegible], અન્નકોશ,
ધનકોશ અને આયુધકોશ ભરેલો રહેતો, બહુ રાજાઓને
એ મિત્ર હતો—એવો એ સેય રાજા આમલકપ્પા નગરીમ
અકંટક રાજ્ય ચલાવતો હતો—એના રાજ્યમાં ક્યાંય દુકા
મરકી વગેરે ઉપદ્રવો ન હતા, સદા સુભિક્ષ રહેતો એ
એનું રાજ્યશાસન શિવરૂપ અને ક્ષેમરૂપ લેખાતું.

૬ રાણી ધારિણી હાથેપગે સુકુમાળ હતી, તેની પાં
ઇંદ્રિયોમાં કે અંગમાં કોઈ પ્રકારની ખોડ ન હતી, તે
અંગપ્રત્યંગો સામુદ્રિક લક્ષણો,[32] વ્યંજનો અને ગુણો
યુક્ત હતાં, વજનમાં અને ઉંચાઈમાં તે બરાબર માપસર[3
હતી, દેખાવમાં ચંદ્ર જેવી પ્રિયકર જણાતી, મુઠીમાં આ
જાય એવી તેની પાતળી કડ[34] મજબૂત અને ત્રિવલીવાળી હત

પૂર્ણચંદ્રમુખી એ રાણી કાનોમાં કુંડળ પહેરતી, કપો
ઉપર કસ્તૂરી લગાડતી, એની આકૃતિ, શૃંગાર અને વે
બધું ચારુ—સારું હતું, બોલવે, ચાલવે અને હસવે
કુશળ હતી, વિવિધ ચેષ્ટાઓ, વિવિધ વિલાસો, લલિ
સંલાપો અને યુક્ત ઉપચારો કરવામાં તે વિશેષ નિષ્ણાત હત

એવી એ અંગે અંગે અનુપમ લાવણ્ય ધરતી ધારિ
રાણી સેય રાજા સાથે અનુરક્ત હતી અને તેની સાથે મ
નુષ્યના શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ એ પાંચ પ્રકાર
કામભોગોને[35] અનુભવતી રહેતી હતી.

વિસર્જનનાં સ્થાન જેવાં નિર્લેપ અને પીઠ, બન્ને તરફનાં પાંસળાં તથા ઉરુ સુન્નત હતાં.

એમનો શ્વાસ સુગંધી,[૪૩] નીરોગી ઉત્તમ માંસ, છબી ઉદાત્ત અને પ્રશસ્ત, શરીર નિર્મળ અને અંગેઅંગમાંથી ઝરતું લાવણ્ય અસાધારણ હતું.

લોઢાના ઘણની જેવી સુબદ્ધ સ્નાયુવાળી અને શિખર જેવી ઉન્નત ખોપરી ઉપર શિરોભાગ, માથાના વાળ ઘન-નિચિત–લગોલગ ઉગેલા–વાંકડિયા જમણા વાંકવાળા સુંવાળા અને ભમરા જેવા કાળા, વાળ ઉગવાની ચામડી–કેશાંતભૂમિ–સોના જેવી ચમકતી અને દાડિમના ફુલ જેવી સ્નિગ્ધ, છત્ર જેવું ઉંચું ઉત્તમ ઉત્તમાંગ–મસ્તક, વ્રણવિનાનો એકસરખો અર્ધચંદ્ર જેવો લલાટપટ્ટ અને પૂર્ણચંદ્ર સમાન સોમાકાર મુખ,

સાંભળવામાં સરવા પ્રમાણયુક્ત બન્ને કાન, માંસથી ભરેલા પુષ્ટ બન્ને કપોલ, ધનુષ જેવી વાંકડી કાળી આછી ભમરો, ખીલેલાં કમળ જેવાં એકાદ ધોળા વાળવાળી[૪૪] પાંપણવાળાં બન્ને નયનો, ગરુડની નાસિકા જેવી ઉત્તુંગ લાંબી સરળ નાસિકા, પરવાળા જેવા બન્ને હોઠ,

ચંપાની કળી જેવા નિર્મળ[૪૫] એક શ્રેણીબદ્ધ બધા દાંત, અગ્નિથી ધમેલા સોનાના જેવું રાતું તાળવું અને જીભ, અવસ્થિત–અવસ્થાસૂચક અને સુવિભક્ત શ્મશ્રુ–દાઢી મૂંછ,[૪૬] શાર્દૂલની હડપચી જેવી માંસલ પ્રશસ્ત હડપચી,

પ્રમાણસર ચાર આંગળ ઉંચી ઉત્તમ શંખ જેવી રૂપાળી ડોક, ઉત્તમ પાડો વરાહ સિંહ શાર્દૂલ બળદ

ઉત્તમ હાથી જેવી મસ્તાની લલિત અને વિક્રમવાળી ગતિ, હાથીની સુંઢ જેવા શોભન ઉરુઓ, ઢાંકણીમાં બરાબર બેઠેલા માંસલ બન્ને ઘુંટણો, હરણી જેવી ઝીણી ગોળ જંઘાઓ, સુશ્લિષ્ટ સુસંસ્થિત અને બહાર ન દેખાય તેવી ઘુંટીઓ,

કાચબાના ચરણ જેવા સુપ્રતિષ્ઠિત ઉન્નત ચારુ ચરણો, નાની મોટી છતાં પગની આંગળીઓ સુસંહત અને કોમળ, પગના નખો રાતા અને ચમકતા, તળિયાં રાતાં કમળના પત્ર જેવાં સુકોમળ અને મૃદુ, પગમાં પર્વત નગર મગર સાગર ચક્ર વગેરેની જેવી ઉત્તમ રેખાઓ,

વિશિષ્ટ રૂપ જાજ્વલ્યમાન અગ્નિ, ચમકતી વીજળી, અને તરુણ સૂર્યની જેવું ઉગ્ર તેજ તથા અંગમાં ઉત્તમ પુરુષનાં અંગમાં હોય એવાં એક હજાર આઠ સુલક્ષણો:[૪૯] શ્રમણ ભગવાન મહાવીર શરીરે એવા પ્રકારના હતા.

૯ સ્વભાવે શ્રમણભગવાન મહાવીર અનાસ્રવ–આસ્રવ[૫૦] વિનાના–સામાજિક વા આધ્યાત્મિક દૂષણ જેથી ઉત્પન્ન થાય તેવી પ્રવૃત્તિ વિનાના, મમતારહિત, અકિંચન[૫૧]–ઐચ્છિક ગરીબીને વરેલા–અપરિગ્રહી, સંસારના સ્રોતે–પ્રવાહે–નહિ વહેનારા, આસક્તિ વિષયાનુરાગ દ્વેષ અને અજ્ઞાનથી પર રહેલા, નિર્ગ્રંથ પ્રવચનના ઉપદેશક, શ્રમણ શાસ્તાઓના નાયક–તેમના વ્યવસ્થાપક, શ્રમણોના અધિપતિ, શ્રમણવૃંદમાં પરિવર્તન કરનાર[૫૨] –ક્રાન્તિ કરનાર, બુદ્ધોને છાજે એવા ચોત્રીશ અતિશયોથી[૫૩] સંપન્ન હતા.

વચનના પાંત્રીશ ગુણોથી[૫૪] સંયુક્ત એવા શ્રમણ ભગવાન મહાવીર જે વખતે આમલકપ્પા નગરીમાં આવ્યા તે વખતે

અને કલ્યાણરૂપ મંગલરૂપ દિવ્ય ચૈત્યની જેમ તેમની પર્યુપાસના કરીએ તો એ, આપણે માટે આ ભવ પરભવ અને જન્મ જન્માંતરમાં હિતરૂપ થશે, સુખરૂપ અને નિઃશ્રેયસરૂપ નીવડશે.

૧૩ આમ વિચારીને ઘણા ઉગ્રો ઉગ્રપુત્રો ભોગો ભોગપુત્રો રાજન્યો ક્ષત્રિયો બ્રાહ્મણો ભટો યોધો પ્રશાસ્તાઓ મલ્લકિઓ લિચ્છવિપુત્રો લિચ્છવિઓ અને બીજા ઘણા માંડલિક રાજાઓ યુવરાજો રાજમાન્ય પુરુષો માડંબિકો કૌટુંબિકો–કણબીઓ ઇભ્યો શ્રેષ્ઠિઓ સેનાપતિઓ સાર્થવાહો વગેરે અનેક લોકો જ્યાં ભગવાન ઊતર્યા હતા ત્યાં જવા નીકળ્યા.

૧૪ એમાંના કેટલાક[૩૦] શ્રમણ ભગવાન મહાવીરને વાંદવાની–નમવાની વૃત્તિવાળા હતા, કેટલાક માત્ર ભગવાનને જોવાના ઇચ્છુક હતા, કેટલાક તો ‘ભગવાન કેવા હોય’ એ જાતના કુતૂહલથી જવા પ્રેરાયા હતા, કેટલાકને અર્થવિનિશ્ચય–ખુલાસા મેળવવા હતા, કેટલાકને એમ હતું કે ત્યાં જઈશું તો અશ્રુતપૂર્વ સાંભળશું અને જે સાંભળ્યું છે તે સંબંધી શંકાઓ દૂર કરશું, કેટલાકે એમ ધારેલું કે આપણે તો ભગવાનની પાસે સર્વ પ્રકારે મુંડભાવ ધારણ કરી અગાર–ઘર છોડી અનગાર થશું, કેટલાકે એવો સંકલ્પ કરેલો કે આપણે પાંચ અણુવ્રતવાળો અને સાત શિક્ષાવ્રતવાળો એમ બાર પ્રકારનો ગૃહિધર્મ સ્વીકારશું, કેટલાક તો માત્ર જિનભક્તિના રાગથી પ્રેરાયા હતા અને કેટલાક ગતાનુગતિક હતા અર્થાત્ તેઓ એમ સમજેલા કે આ

આમલકપ્પાનો રાજા સેય અને રાણી ધારિણી પણ એ બધાંની સાથે શ્રમણ ભગવાન મહાવીરની સેવામાં જોડાયાં હતાં.

૧૭ આમલકપ્પાના રાજા સેય, રાણી ધારિણી અને ત્યાંના જનસમુદાયને ઉદ્દેશીને શ્રમણગણમાં પરિવર્તન કરનાર શ્રમણ ભગવાન મહાવીરે પોતાની ધર્મસંશોધક વાણી સંભળાવી. તેમણે [૬૨]કહ્યું કે—

(૧) " જે મનુષ્યો દુર્બુદ્ધિથી પ્રેરાઇને પાપકર્મો કરી તે દ્વારા ધન પેદા કરે છે તેઓ આ વિરાટ વિશ્વને દુઃખના ઊંડા ખાડામાં ધક્કેલે છે અને પોતે પણ સતત તરફડિયાં મારતાં મારતાં ઝુરી ઝુરીને ઉપડી જાય છે–છેવટે લેશ પણ શાંતિ પામતા નથી. આ સંસારમાં શાંતિ પણ છે અને અશાંતિ પણ છે. શાંતિ કે અશાંતિ મેળવવી માનવીના પોતાના હાથનીજ વાત છે. મનુષ્યમાં તૃષ્ણાવૃત્તિ વિશેષ બળવાન છે તેને લીધે એ સુખદુઃખનું ખરું સ્વરૂપ સમજી શકતો નથી, ઉલટું દુઃખને સુખ સમજે છે અને સુખને દુઃખ સમજે છે. એ તૃષ્ણાવૃત્તિની પ્રબળ બળવત્તાનેજ લીધે ક્રોધ વધે છે, મૂઢતા વ્યાપે છે અને મનુષ્ય પોતાનું–પોતાના સ્વરૂપનું–પોતાના કર્તવ્યનું ભાન ભૂલી જાય છે એટલે આખર તે માનવ મટી દાનવી વૃત્તિ ઉપર આવી જાય છે. આમ થવાથી મનુષ્યોની પરસ્પર હિતકારિણી બંધુતાની વૃત્તિ શિથિલ થાય છે, તેથી અન્યોઅન્ય વૈર-વૃત્તિ પેદા થઇ સર્વત્ર અશાંતિ ઉપજાવે છે. શું મનુષ્ય, પશુ કે પક્ષીઓ વા આ સ્થાવર જગત એ બધું એ ધખ-

ભ્રાતૃભાવ ઉપરજ ચાલતો યોગ.

(૩) "તૃષ્ણાનું ચક્ર એટલું બધું પ્રબળ છે કે મનુષ્ય તેનાથી શીઘ્ર છૂટો થઈ શકતો નથી-ઇચ્છા છતાં પોતાના વ્યવહારોમાં વિવેકપૂર્વક રહી શકવામાં શિથિલતા આવ્યા કરે છે; આમ છતાં મુમુક્ષુ જનોએ ગભરાવાનું નથી જ, તેઓએ તો વારંવાર પ્રબળ પ્રયત્ન કર્યા કરવાનો છે અને તૃષ્ણાની પ્રવૃત્તિઓના પાશમાં ન ફસાતાં આત્મસંશોધનોના પ્રયત્નોમાં મચ્યાજ રહેવાનું છે.

(૪) "જુઓ—જે આ શ્રમણો અહીં બેઠેલા છે તેઓ તૃષ્ણાના ચક્રથી છૂટવા માટેજ શ્રમ કરી રહ્યા છે. તમે એમ ન સમજતા કે શ્રમણનો માત્ર વેશ પહેરવાથી શ્રમણ થઇ જવાય છે. આ તો એક પ્રકારની શાળા છે. જેમ તમે નિશાળમાં જઇને અંકજ્ઞાન વગેરે વિદ્યાઓ શિખો છો તેમ આ મારી શાળાના શ્રમણ વિદ્યાર્થીઓ તૃષ્ણાના ચક્રને છેદવાની વિદ્યાઓ શિખી રહ્યા છે, તેઓ એ માટે સબળ પ્રયત્ન કરે છે, છતાંય તૃષ્ણાનાં નવાં નવાં રૂપો તેમને વારંવાર સતાવે છે જેથી તેઓમાં પણ ભારે અસમંજસતા ફેલાઇ રહે છે; આમ છતાંય તેમને કહું છું કે તેઓએ મુમુક્ષાવૃત્તિનો એક છાંટો બાકી હોય ત્યાંસુધી જરાય ગભરાવાનું નથી, પણ આરંભેલા પ્રયત્નમાંજ દિનપ્રતિદિન શિથિલતા છોડી સવિશેષ ઉગ્ર બનવાનું છે. કોઈ તમે કહેશો કે શ્રમણ થયા પછી વળી તૃષ્ણા શાની? તો મારે જણાવવું જોઈએ કે તૃષ્ણા કાંઇ ધનની, સ્ત્રીની કે પુત્રની જ હોય છે એમ નથી, એ તો અનેક સ્વાંગો કરીને પ્રાણી-

આમલકપ્પાનો એ જનસમુદાય ભગવાનની ઉક્ત દેશના સાંભળીને વિશેષ પ્રમુદિત થયો અને 'ભગવાને નિર્ગ્રંથ પ્રવચન ઠીક કહી બતાવ્યું છે' 'એવો કોઈ શ્રમણ કે બ્રાહ્મણ નથી જે આ પ્રકારની ધર્મદેશના કરી શકે' એમ કહેતો કહેતો એ સમુદાય પોતપોતાના સ્થાનકે જઈ પહોંચ્યો.

૧૮ રાજા સેય અને રાણી ધારિણી પણ ભગવાનની એ અપૂર્વ દેશના સાંભળીને પ્રસન્ન પ્રસન્ન થઈ ગયાં, તેમણે ભગવાનને વંદન-નમન કરી કેટલાક પ્રશ્નોના ખુલાસા પૂછી લીધા અને પછી તેઓ નિર્ગ્રંથ પ્રવચનની તેમજ ભગવાનની યશોગાથા ગાતાં ગાતાં પોતાને મહાલયે આવી પહોંચ્યાં.

૧૯ જે સમયે શ્રમણ ભગવાન મહાવીર આમલકપ્પા નગરીની બહાર આવેલા અંબસાલવણ ચૈત્યના [૬૩]સમવસરણમાં બિરાજતા હતા તે કાલે તે સમયે [૬૪]સૌધર્મકલ્પમાં સૂર્યાભ વિમાનમાં સુધર્મા નામની સભામાં સૂર્યાભસિંહાસન ઉપર બેઠેલો સૂર્યાભદેવ પોતાના વિપુલ અવધિવડે સમગ્ર જંબૂદ્વીપ તરફ નજર નાંખી તેને બરાબર નિરખી રહ્યો હતો.

૨૦ એ સૂર્યાભદેવના પરિવારમાં ચાર હજાર સામાનિક દેવો, પોતપોતાના પરિવારથી વિંટળાએલી તેની ચાર પટ્ટરાણીઓ, ત્રણ સભાઓ, સાત સેનાઓ, સાત સેનાધિપતિઓ, સોળ હજાર આત્મરક્ષક દેવો અને સૂર્યાભવિમાનમાં રહેનારા બીજા પણ ઘણા દેવો અને દેવીઓ હતાં.

૨૧ સૂર્યાભસિંહાસન ઉપર બેઠેલો તે સપરિવાર સૂર્યાભદેવ-નાટ્ય, ગીત, વાદ્ય, તંત્રી, તલ, તાલ, બીજાં વિવિધ વાજાંઓ અને વાદનકળામાં દક્ષ પુરુષ જેને વગાડે છે

[illegible] મૃદંગ—એ બધાંમાંથી નીકળતા મધુર સ્વરો સાંભળતો સાંભળતો દિવ્ય ભોગોને ભોગવતો રહેતો હતો.

૨૨ સૂર્યાભદેવે પ્રથમ જંબૂદ્વીપને નિરખતાં નિરખતાં ભારતવર્ષમાં આમલકપ્પા નગરીની બહાર આંબશાલવણ ચૈત્યમાં આવી રહેલા અને યોગ્ય અવગ્રહપૂર્વક સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા શ્રમણ ભગવાન મહાવીરને જોયા.

૨૩ ભગવાનનું દર્શન કરીને તે સૂર્યાભદેવ હર્ષ-વાળો, તોષવાળો અને આનંદિત ચિત્તવાળો થયો તથા ભગવાન તરફ એના મનમાં પ્રીતિ થઈ—પરમ સૌમનસ્ય થયું. હર્ષના આવેગથી તેનું હૃદય ધબકવા લાગ્યું, એનાં કમળ જેવાં ઉત્તમ નેત્રો ખીલી ઉઠ્યાં, આનંદના વેગથી એનાં ઉત્તમ કડાં બેરખા કેયૂર મુગટ બન્ને કુંડલો અને સુંદર હારથી સુશોભિત છાતી—એ બધું ચલાયમાન—હલતું-થઈ ગયું

૨૪ નીચે સુધી લટકતા પ્રલંબને અને કંપાયમાન એવાં બીજા આભૂષણોને ધારણ કરતો તે સૂર્યાભદેવ ભગવાન મહાવીરને જોતાજ સંભ્રમ સાથે ત્વરા અને ચપળતાપૂર્વક સિંહાસનથી ઊભો થઈ ગયો, પછી તેણે પાદપીઠ ઉપર ચડી પાદુકાઓ—મોજડીઓ—કાઢી નાખી અને તીર્થંકરની સામે સાત આઠ પગલાં જઈ ડાબો ઘુંટણ ઊંચો કરી જમણો ઘુંટણ ધરણી ઉપર ઢાળી મસ્તકને ત્રણ વાર ધરણી ઉપર નમાવ્યું. પછી જરાક માથાને ઉંચું કરી

કર્યાં અને [illegible] ત્રણ [illegible],
[illegible] [illegible]
આમ રાખી શિરસાવર્તપૂર્વક [illegible]
પ્રમાણે બોલ્યો:

૨૫ યાવત્ સિદ્ધિગતિ[11] સ્થાનને પામેલા [illegible] અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ, સિદ્ધિગતિ સ્થાનને મેળવવાની વૃત્તિવાળા શ્રમણ ભગવાન મહાવીરને નમસ્કાર થાઓ, અહીં રહેલો હું ત્યાં રહેલા શ્રમણ ભગવાન મહાવીરને વાંદું છું, ત્યાં રહેલા શ્રમણ ભગવાન મહાવીર અહીં રહેલા મને જુઓ છે: એમ કરીને તે સૂર્યાભદેવ ભગવાનને વાંદી નમી પાછો પૂર્વાભિમુખ થઈ સિંહાસન ઉપર બેસી ગયો.

૨૬ ત્યારપછી તે સૂર્યાભદેવના આત્મામાં [12]ચિંતન-રૂપ, અભિલાષરૂપ આ આ પ્રકારનો મનોગત સંકલ્પ-વિચાર-ઉત્પન્ન થયો:

૨૭ "યોગ્ય અવગ્રહપૂર્વક સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા શ્રમણ ભગવાન્ મહાવીર જંબૂદ્વીપના ભારતવર્ષમાં આમલકપ્પા નગરીની બહાર અંબસાલવણ ચૈત્યમાં આવીને વિહરે છે તે મારે માટે શ્રેયરૂપ છે.

૨૮ "તેવા પ્રકારના અરહંત ભગવંતોનાં માત્ર નામ ગોત્ર કાને પડે તોપણ તે મહાફલરૂપ છે, તો પછી તેમની સામે જવાનો, તેમને વાંદવાનો, નમસ્કાર કરવાનો, તેમની પાસેથી કેટલાક ખુલાસા પૂછવાનો અને તેમની ઉપાસના કરવાનો પ્રસંગ મળે તો તો કહેવું જ શું?

[illegible]

[illegible]

[illegible]

[illegible]

કરીને [illegible]
[illegible]
[illegible]
[illegible]

૨૫ [illegible] અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ, [illegible] મેળવવાની વૃત્તિવાળા શ્રમણ ભગવાન મહાવીરને નમસ્કાર થાઓ, અહીં રહેલો હું ત્યાં રહેલા શ્રમણ ભગવાન મહાવીરને વાંદું છું, ત્યાં રહેલા શ્રમણ ભગવાન મહાવીર અહીં રહેલા મને જુઓ છે: એમ કરીને તે સૂર્યાભદેવ ભગવાનને વાંદી નમી પાછો પૂર્વાભિમુખ થઈ સિંહાસન ઉપર બેસી ગયો.

૨૬ ત્યારપછી તે સૂર્યાભદેવના આત્મામાં ચિંતન-રૂપ, અભિલાષરૂપ આ આ પ્રકારનો મનોગત સંકલ્પ-વિચાર-ઉત્પન્ન થયો:

૨૭ "યોગ્ય અવગ્રહપૂર્વક સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા શ્રમણ ભગવાન્ મહાવીર જંબૂદ્વીપના ભારતવર્ષમાં આમલકપ્પા નગરીની બહાર અંબસાલવણ ચૈત્યમાં આવીને વિહરે છે તે મારે માટે શ્રેયરૂપ છે.

૨૮ "તેવા પ્રકારના અરહંત ભગવંતોનાં માત્ર નામ ગોત્ર કાને પડે તોપણ તે મહાફલરૂપ છે, તો પછી તેમની સામે જવાનો, તેમને વાંદવાનો, નમસ્કાર કરવાનો, તેમની પાસેથી કેટલાક ખુલાસા પૂછવાનો અને તેમની ઉપાસના કરવાનો પ્રસંગ મળે તો તો કહેવું જ શું?

ત્યાંથી ઉઠાવી દૂર કરો અને એ જમીનને તદ્દન ચોખ્ખી કરો. વળી, તેટલી જમીન ઉપર સુગંધી પાણીનો છંટકાવ એવી રીતે કરો જેથી ત્યાંની ઉડતી બધી ધૂળ બેસી જાય, બહુ પાણીપાણી ન થાય અને વધારે કિચડ પણ ન થાય. પછી, જેની રજ જરા પણ ઉડતી નથી એવી જમીન ઉપર જલજ અને સ્થલજ એવાં પાંચ પ્રકારનાં સુગંધી પુષ્પોનો વરસાદ એવી રીતે વરસાવો કે ત્યાં બધાં પુષ્પો ચત્તાંજ પડે, તેમનાં ડિંટિયાં નીચે રહે અને એ પુષ્પો[70] બધે જમીનથી ઉંચે એક એક–જાનુ–હાથ–સુધી ઉપરાઉપર ખીચોખીચ રહે. આ ઉપરાંત તે જમીનને કાળો અગર, ઉત્તમ કિનરૂ અને તુરુક્કના સુગંધી ધૂપથી મઘમઘિત કરો અને એ રીતે એ ભૂમિને સર્વ પ્રકારે દિવ્ય કરો–જ્યાં ઉત્તમ દેવ આવી શકે એવી સુંદરમાં સુંદર, સુગંધીમાં સુગંધી અને પવિત્રમાં પવિત્ર બનાવો–આમ કરી કારવીને પછી મને શીઘ્ર સમાચાર પણ આપો."

૩૩ આભિયોગિક દેવોએ 'શ્રીમાન દેવ જે કહે છે તે બરાબર છે' એમ કહી સૂર્યાભદેવની એ આજ્ઞાને તે સહર્ષ વિનયપૂર્વક હાથ જોડીને સ્વીકારી અને પછી તેઓ ઈશાનકોણ તરફ જવા નીકળ્યા. ઈશાનકોણ તરફ જઇ વૈક્રિયસમુદ્ઘાત[71] વડે તેમણે સંખ્યેય યોજન લાંબો દંડ કાઢ્યો અર્થાત્ એ દ્વારા તે દેવોએ રત્ન, વજ્ર, વૈડુર્ય, લોહિતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ, પુદ્ગલ, સૌગંધિક, જ્યોતિરસ, અંજનપુલક, અંજન, રજત, જાતરૂપ, અંક, સ્ફટિક અને રિષ્ટનાં મોટાં–જાડાં પુદ્ગલો દૂર કરી સૂક્ષ્મ પુદ્ગલો

ગોત્રો કહી સંભળાવે છે, તે દેવો! એ પુરાતન પ્રવૃત્તિ છે અને તે અભ્યનુજ્ઞાત થયેલી છે."

૩૬ ત્યારપછી, શ્રમણ ભગવાન મહાવીરે જેમને ઉક્ત રીતે કહેલું છે એવા તે આભિયોગિક દેવો હર્ષિત થયા અને યાવત્ પ્રફુલ્લ હૃદયવાળા થયા. તેમણે શ્રમણ ભગવાનને વાંદી નમી ઉત્તરપૂર્વના ખૂણા તરફ જઈ વૈક્રિયસમુદ્ઘાત કર્યો, તે દ્વારા સંખ્યેય યોજન લાંબો દંડ કાઢ્યો અર્થાત્ એ સમુદ્ઘાતદ્વારા તે દેવોએ મોટાં-જાડાં-પુદ્ગલોને દૂર કરી સૂક્ષ્મ પુદ્ગલો લીધાં. પછી ફરી પણ વૈક્રિયસમુદ્ઘાત કરી [૭૨]તે દેવોએ સંવર્તક વાયુની રચના કરી અને તે વાયુદ્વારા શ્રમણ ભગવાન મહાવીરનો જે સ્થળે ઉતારો હતો તે સ્થળની આસપાસ ચારે બાજુ એક યોજન સુધીમાં જે કાંઈ અપવિત્ર-સડેલાં, દુર્ગંધી તણખલાં, લાકડાં, પાંદડાં કે કચરો વગેરે પડ્યું હતું તે બધું ત્યાંથી ઉઠાવી દૂર કરી યોજનપ્રમાણ ભૂમંડલને સ્વચ્છ કર્યું.[૭૩]

૩૭ વળી, ફરીવાર વૈક્રિયસમુદ્ઘાત કરી તે દ્વારા તે દેવોએ પાણીભરેલાં વાદળની[૭૪] રચના કરી. જેમ કોઈ કુશળ છંટારો પાણીભરેલા મોટા ઘડાદ્વારા કોઈ બગીચાને છાંટે અને તેને શાંતરજ-શીતળ કરે તેમ તે દેવોએ એ પાણી ભરેલાં વાદળદ્વારા એ સ્વચ્છ કરેલ ભૂમંડળ ઉપર સુગંધી પાણી વરસાવી-છાંટી ત્યાં ઉડતી ધૂળને બેસારી દીધી-તેને શાંતરજ-શીતળ બનાવી દીધું. પાણીને વરસાવતો મેઘ જેમ ગાજે છે અને વીજળીથી ઝબકે છે તેમ તે દેવોએ રચેલું

ગયા. ત્યાં જે તરફ સૂર્યાભનામનું વિમાન હતું અને સુધર્મા સભામાં જે તરફ સૂર્યાભદેવ બિરાજેલો હતો ત્યાં જઈ તેમણે સૂર્યાભદેવ તરફ વિનયપૂર્વક હાથ જોડી માથું નમાવી 'સૂર્યાભદેવનો જય થાઓ-વિજય થાઓ' એવો પ્રઘોષ કર્યો અને તેમણે તેને જણાવ્યું કે "હે મહારાજ ! આપે અમને ભગવાન મહાવીરના ઉતારાની આસપાસના ભૂમંડળને શુદ્ધ અને સુગંધિત કરવાની જે આજ્ઞા આપી હતી તે પ્રમાણે અમે બધું કરી આવ્યા છીએ અર્થાત્ આપે આપેલી આજ્ઞા અમે હવે આપને પાછી સોંપીએ છીએ."

૪૧ ત્યારપછી તે સૂર્યાભદેવ, એ આભિયોગિક દેવો પાસેથી તેમણે કહેલી ઉક્ત હકીકતને સાંભળીને-અવધારીને હર્ષિત થયો, તુષ્ટ થયો યાવત્ પ્રફુલ્લ હૃદયવાળો થયો.

૪૨ ત્યારબાદ તેણે પોતાના સેનાપતિ દેવને બોલાવીને આ પ્રમાણે કહ્યું : "હે દેવાનુપ્રિય ! સૂર્યાભવિમાનમાં આવેલી સુધર્મા સભામાં એક મોટી સારા રણકારાવાળી ઘંટા ટાંગેલી છે, જેનો ઘેરાવો યોજનપ્રમાણ છે અને જે મેઘની પેઠે ગંભીર અને મધુર રણકો કરે છે તે ઘંટાને તું શીઘ્ર ઉલાળતો ઉલાળતો-ઉંચા ઉંચા ઘોષથી ઉદ્‌ઘોષણ કરતો કરતો આ હકીકતને જાહેર કર : હે દેવો ! સૂર્યાભવિમાનમાં રહેનારા પ્રત્યેક દેવદેવીઓને સૂર્યાભદેવ આજ્ઞા કરે છે કે હે દેવો ! જંબૂદ્વીપના ભારતવર્ષમાં આવેલી આમલકપ્પા નગરીના અંબસાલવણ ચૈત્યમાં શ્રમણ ભગવાન મહાવીર સમોસર્યા છે, તેને વાંદવા માટે સૂર્યાભદેવ જનાર છે તો

સમક્ષ હાજર થવું' એવી એ સેનાપતિદેવે સૂચવેલી સૂર્યાભદેવની આજ્ઞાને ધ્યાનપૂર્વક સાંભળી.

૪૫ સેનાપતિદેવે સંભળાવેલી સૂર્યાભદેવની આજ્ઞાને સાંભળીને એ બધાં દેવો અને દેવીઓ કુપિત થયાં. એમાંનાં કેટલાંકને તો ભગવાન મહાવીરને વાંદવાની વૃત્તિ થઈ આવી, કેટલાંક તો ભગવાન મહાવીરને પૂજવા માટે ઉત્સુક થઇ ગયાં, કેટલાંકને ભગવાન તરફ સત્કારનો ભાવ ઉપજ્યો, કેટલાંક ભગવંત તરફ સન્માનવૃત્તિવાળાં થયાં, કેટલાંક માત્ર કુતૂહળવૃત્તિથી જ ભગવાનની પાસે જવાને તૈયાર થવા લાગ્યાં, કેટલાંકને એમ થયું કે ભગવાન પાસે જશું તો જેવું આજસુધી નથી સાંભળ્યું તેવું નવું સાંભળશું; કેટલાંક એવું વિચારવા લાગ્યાં કે ભગવાન પાસે જશું તો અર્થોને, હેતુઓને, પ્રશ્નોને, કારણોને અને વ્યાકરણોને પૂછવાનો પ્રસંગ મળશે. બીજાં કેટલાંક માત્ર સૂર્યાભદેવની આજ્ઞાની ખાતર જ તૈયાર થવા માંડયાં, કેટલાંક વળી પરસ્પરના અનુરાગથી ભગવાન પાસે જવાની તૈયારી કરવા લાગ્યાં, કેટલાંક જિનભક્તિના રાગને લીધે અને કેટલાંક ભગવાન પાસે જવાનો પોતાનો ધર્મ છે, આચાર છે, એમ સમજીને[૭૬] સજ્જ થવા લાગ્યાં. આ પ્રમાણે અનેક પ્રકારની વૃત્તિથી ઉત્સાહિત થએલાં તે દેવો અને દેવીઓ પોતપોતાની ઋદ્ધિ સમૃદ્ધિ અને પરિવાર સાથે તૈયાર થઈ પોતપોતાના યાન વિમાન સજ્જ કરી બરાબર વખતસર સૂર્યાભદેવની સમક્ષ હાજર થયાં.

૪૬ પોતે કરેલી સૂચના પ્રમાણે બરાબર વખતસર

વૈક્રિયસમુદ્‌ઘાત કર્યો અને તે દ્વારા સંખ્યેય યોજન લાંબો દંડ કાઢ્યો, જાડાં પુદ્‌ગલોને મૂકી સૂક્ષ્મ પુદ્‌ગલોને લીધાં, વળી, ફરીવાર પણ વૈક્રિયસમુદ્‌ઘાત કર્યો અને પછી તે આભિયોગિક દેવો દિવ્ય એવા તે વિમાન બનાવવાની પ્રવૃત્તિમાં લાગી પડ્યા.[૭૭]

૪૮ તે દેવોએ એ દિવ્ય યાન વિમાનની ત્રણ બાજુએ ત્રણ મોટાં સુંદર સોપાન ગોઠવ્યાં: એક સોપાન પૂર્વમાં, બીજું દક્ષિણમાં અને ત્રીજું ઉત્તરમાં. તે સોપાનોની ભોંય વજ્રમય બનાવી તેનાં પ્રતિષ્ઠાનો રિષ્ટરત્નોનાં બનાવ્યાં, ટેકા માટે મૂકેલા સ્તંભો વૈડુર્યરત્નમાંથી ઘડ્યા, સોપાનોનાં પાટિયાં સોનારૂપામય રચ્યાં, કઠેડામાં આવેલી સૂઈઓ (સળિયાઓ) લોહિતાક્ષરત્નોમાંથી નીપજાવી સાંધાના ભાગો વજ્રથી જડ્યા, અવલંબનોને અનેક પ્રકારનાં મણિઓમાંથી બનાવ્યાં, અવલંબન બાહુઓને—સોપાનોની બન્ને બાજુની કઠેડાવાળી ભીંતોને પણ મણિઓમાંથી જ રચ્યાં. આ પ્રકારે તે દેવોએ યાન વિમાની ત્રણ બાજુએ મૂકેલાં સોપાનો અતિ આકર્ષક, જોનારના ચિત્તને પ્રસાદ ઉપજાવે એવાં અને ઘણાં મનોહર બનાવ્યાં.

૪૯ તે ત્રણે સુંદર સોપાનોની આગળ સુંદર તોરણો બાંધ્યાં. તે તોરણો પણ ચંદ્રકાંત અને સુર્યકાંત વગેરે અનેક મણિઓથી બાંધેલાં હતાં, મણિમય સ્તંભો ઉપર ગોઠવેલાં હોવાથી નિશ્ચલ હતાં, તેમાં વિવિધ પ્રકારનાં મોતીઓ મુકીને અનેક પ્રકારની ભાતો પાડેલી હતી, હાથી, ઘોડા, મગર, પક્ષી, વનવેલો અને કમળવેલો વગેરે અનેક

જેવો સર્વ પ્રકારે સરખો હોય છે—ક્યાંય ઊંચો નીચો નથી હોતો, એ પ્રકારે તે વિમાનની અંદરનો ભૂભાગ સર્વ પ્રકારે સમ કરેલો હતો. વળી, જેમ ઘેટાનું, બળદનું, વરાહનું, સિંહનું, વાઘનું, હરણનું, બકરાનું અને દીપડાનું ચામડું સર્વ બાજુઓથી શંકુ શંકુ જેવડા ખીલાઓ મારી ખેંચતાં જેવું એકસરખું થઈ જાય છે તેવો તે વિમાનનો અંદરનો ભૂભાગ સમ બનાવેલો હતો. તે ભૂભાગમાં, કાળા, નીલા, રાતા, પીળા અને ધોળા એવા અનેક મણિઓ જડેલા હતા. તેમાંના કેટલાક આવર્તવાળા, પ્રત્યાવર્તવાળા, શ્રેણિ અને પ્રશ્રેણિવાળા હતા, કેટલાક વળી સ્વસ્તિક જેવા, પુષ્પમાણવ જેવા, શરાવસંપુટ જેવા હતા. તે મણિઓમાં બીજા કેટલાક માછલાનાં ઈંડાં જેવા અને મગરનાં ઈંડાં જેવા જણાતા હતા. કેટલાક મણિઓમાં ફૂલવેલ, કમળપત્ર, સમુદ્રતરંગ, વાસંતીલતા, કમળવેલ વગેરે જેવાં ઘણાં બીજાં સુંદર ચિત્રો કોરેલાં હોય એમ દેખાતું હતું. તે ભૂભાગમાં જડેલા બધા મણિઓ ભારે ચકચકાટવાળા, અનેક કિરણોવાળા, ઉત્કટ પ્રભાવાળા અને તેજના અંબારથી ભરેલા હતા.

૫૪ એ મણિઓમાં જે કાળા મણિ હતા તે મેઘ જેવા, આંજણ જેવા, દીવાની મેશ જેવા, કાજળ જેવા, પાડાના શિંગડા જેવા, પાડાના શિંગડામાંથી બનાવેલી ગોળી જેવા, ભમરા જેવા, ભમરાની હાર જેવા, ભમરાની પાંખના સારભાગ જેવા, જાંબૂડા જેવા, કાગડાના નાના બચ્ચા જેવા, કોયલ જેવા, હાથીના બચ્ચા જેવા, કાળા સાપ જેવા, કાળા બકુલ જેવા, શરદ ઋતુના વાદળા જેવા, કાળા અશોક

હોય, કે બીજી કર્કેતન હોય તેવા કાળા બંધુજીવક જેવા કાળા હતા.

પ્ર૦—શું તે કાળા મણિઓ શું એ આપેલી ઉપમાઓ જેવા જ ખરેખર કાળા હતા ?

ઉ૦—એ અર્થ સમર્થ નથી અર્થાત્ હે આયુષ્માન્ શ્રમણ ! એ તો માત્ર ઉપમાઓ છે, પણ તે કાળા મણિઓ તો તે બધી ઉપમાઓ કરતા કયાંય વધારે ઈષ્ટતર, સરસ, મનોહર, અને મનોજ્ઞ કાળા વર્ણવાળા હતા.

૫૫ જે મણિઓમાં જે લીલા મણિ હતા તે ભૃંગ જેવા, ભૃંગની પાંખ જેવા, પોપટ જેવા, પોપટની પાંખ જેવા, ચાસ પક્ષી જેવા, ચાસના પીંછા જેવા, ગળી જેવા, દર્ભના અગ્રના ભાગ જેવા, ગળીની ગોળી જેવા, શ્યામા જેવા, ઉત્કૃષ્ટ હરિતાલ જેવા, વનરાઈ જેવા, બળદેવે પહેરેલા લીલા કપડા જેવા, મોરની ડોક જેવા, અળસીના ફૂલ જેવા, બાણના ફૂલ જેવા, અંજનકેશીના ફૂલ જેવા, લીલા કમળ જેવા, લીલા અશોક જેવા, લીલા બંધુજીવક જેવા, અને લીલી કણેર જેવા લીલા હતા.

પ્ર૦—શું તે મણિઓ, એ આપેલી ઉપમાઓ જેવા જ ખરેખર લીલા હતા ?

ઉ૦—એ અર્થ સમર્થ નથી અર્થાત્ હે આયુષ્માન્ શ્રમણ ! એ તો માત્ર ઉપમાઓ છે પણ તે લીલા મણિઓ તો તે બધી ઉપમાઓ કરતા કયાંય વધારે ઈષ્ટતર, સરસ, મનોહર અને મનોજ્ઞ લીલા વર્ણવાળા હતા.

૫૬ એ મણિઓમાં જે રાતા મણિ હતા તે ઘેટાના લોહી જેવા, સસલાના લોહી જેવા, માણસના લોહી જેવા, વરાહના લોહી જેવા, પાડાના લોહી જેવા, નાના ઇંદ્રગોપ જેવા, ઉગતા સૂર્ય જેવા, સંધ્યાના લાલ રંગ જેવા, ચણો-ઠીના અડધા-લાલ ભાગ જેવા, જાસુદના ફૂલ જેવા, કેસુડાના ફૂલ જેવા, પારિજાતકના ફૂલ જેવા, ઉંચા હિંગળોક જેવા, પરવાળા જેવા, પરવાળાના અંકુર જેવા, લોહિતાક્ષ-મણિ જેવા, લાખના રસ જેવા, કૃમિના રંગથી રંગેલા કામળા જેવા, ચીણાના લોટના ઢગલા જેવા, રાતા કમળ જેવા, રાતા અશોક જેવા, રાતી કણેર જેવા અને રાતા બપોરીઆ જેવા રાતા હતા.

પ્ર૦—શું તે રાતા મણિઓ, એ આપેલી ઉપમાઓ જેવા જ ખરેખર રાતા હતા?

ઉ૦—એ અર્થ સમર્થ નથી અર્થાત્ હે આયુષ્મન્ શ્રમણ ! એ તો માત્ર ઉપમાઓ છે; પણ તે રાતા મણિઓ તો તે બધી ઉપમાઓ કરતાં ક્યાંય વધારે ઇષ્ટતર, સરસ, મનોહર અને મનોજ્ઞ રાતા વર્ણવાળા હતા.

૫૭ એ મણિઓમાં જે પીળા મણિ હતા તે સોના-ચંપા જેવા, સોનાચંપાની છાલ જેવા, સોનાચંપાના અંદરના ભાગ જેવા, હળદર જેવા, હળદરની અંદરના ભાગ જેવા, હળદરની ગોળી જેવા, હરતાળ જેવા, હરતાળની અંદરના ભાગ જેવા, હરતાળની ગોળી જેવા, ચિકુર જેવા, ચિકુરના રંગ જેવા, ઉત્તમ સોના જેવા, ઉત્તમ સોનાની રેખા જેવા, વાસુદેવે પહેરેલા પીળા કપડા જેવા, અલ્લકીના

પ્ર૦—શું તે ધોળા મણિઓ, એ આપેલી ઉપમાઓ જેવા જ ખરેખર ઉજળા હતા?

ઉ૦—એ અર્થ સમર્થ નથી આયુષ્માન્ હે શ્રમણ-આયુષ્માન્! એ તો માત્ર ઉપમાઓ છે; પણ તે ધોળા મણિઓ તો તે બધી ઉપમાઓ કરતાં ક્યાંય વધારે ઇષ્ટતર, સરસ, મનોહર અને મનોજ્ઞ ધોળા વર્ણવાળા હતા.

૫૬ એ દિવ્ય યાન વિમાનની અંદરના ભૂભાગમાં અનેક રંગવાળા ચકચકિત જે મણિઓ જડેલા હતા તે માત્ર દેખાવમાં સુંદર હતા એટલું જ નહિ પણ સુગંધી[૩૮] પણ હતા. એ મણિઓમાંથી એવી સરસ સુગંધ ફેલાતી કે જાણે એ ભૂભાગમાં કોષ્ઠોનાં, તગરનાં, એલાનાં, સુગંધી સૂઆનાં, ચંપાનાં, દમણાનાં, કુંકુમનાં, ચંદનનાં, સુગંધી વાળાનાં, મરવાનાં, જાઈનાં, જૂઈનાં, મલ્લિકાનાં, સ્નાનમલ્લિકાનાં, કેતકીનાં, પાટલનાં, નવમાલિકાનાં, અગરનાં, લવંગનાં, કપૂરનાં, વાસકપૂરનાં પુટો–પડિઆઓ–અનુકૂળ હવામાં ચારે બાજુ ગંધ ફેલાય એ રીતે ખુલ્લાં પડેલાં ન હોય, અથવા ત્યાં એ સુગંધી દ્રવ્યોમાંનાં ખાંડવા જેવાં દ્રવ્યો ખંડાતાં ન હોય, વેરાતાં ન હોય, એક વાસણમાંથી કાઢી બીજા વાસણમાં ભરાતાં ન હોય, એ જાતની ઉદાર, મનોજ્ઞ, મનહર અને ઘ્રાણને તથા મનને શાંતિ આપનારી સુગંધ એ ભૂભાગમાંથી ચારે બાજુ વરસ્યા કરે છે–ઝર્યા કરે છે.

પ્ર૦—શું તે સુગંધી મણિઓ, એ આપેલી ઉપમાઓ જેવા જ ખરેખર સુગંધી હતા?

મંડપના જુદા જુદા ભાગોમાં ચીતર્યા, અનેક પ્રકારના મણિઓ જડી તેને વિશેષ ચળકતો બનાવ્યો, તેમાં પૂર્વોક્ત બળદ, ઘોડો, હાથી, મગર, નર, વનવેલ વગેરેનાં ચિત્રો કોર્યાં વા ચીતર્યાં, સુવર્ણમય અને રત્નમય અનેક સ્તૂપો ઊભા કર્યા, અનેક પ્રકારની પંચરંગી ઘંટડીઓ તથા પતાકાઓથી તેના શિખરને શણગાર્યું, એ મંડપ એટલો બધો ચકચકતો હતો કે જોનારને તે જાણે હલતો હોય તેવો ચપલ જણાતો, એમાંથી કિરણોની ધારા છૂટતી હોય એમ લાગતું, તેના–મંડપના–બધા ભાગો લીંપીગુંપીને ચકચકતા અને સુંવાળા કરેલા હતા, મંડપમાં બહાર અને અંદર રક્તચંદન વગેરે અનેક સુગંધી દ્રવ્યોના થાપા મારેલા હતા, જ્યાં ત્યાં ચંદનના કલશો ગોઠવેલા હતા, બારણાંના ટોડલાઓ ચંદનના કલશોથી શોભાયમાન એવાં તોરણોથી સુશોભિત કરેલા હતા, જ્યાં ત્યાં લાંબી લાંબી સુગંધી માળાઓ લટકાવેલી હતી, પંચરંગી પુષ્પોના તો ઢગે ઢગ ભરેલા હતા, અગર વગેરેના પૂર્વોક્ત સુગંધી ધૂપોથી એ મંડપ મઘમઘી રહ્યો હતો, જાણે કે સુગંધોનો કોઈ ખાસ ઓરડો ન હોય? મંડપમાં ચારે તરફ વાજાંઓ વાગી રહ્યાં હતાં અને અપ્સરાઓનાં ટોળે ટોળાં આમથી તેમ ફરતાં જણાતાં હતાં.

૬૨ એ આભિયોગિક દેવોએ એ પ્રેક્ષાગૃહમંડપને હમણાં કહ્યો એવો સુંદર, પ્રસન્નતાવર્ધક, દર્શનીય–દેખાવડો અને અનુપમ બનાવ્યો હતો. તે મંડપની અંદરની ભોંય યાન વિમાનની ભોંય જેવી તદ્દન લીસી–સરખી બનાવી હતી અને તેમાં

કુંદ, જલબિંદુ અને સમુદ્રનાં ફીણ જેવું ધોળું, તેમાં ભરેલાં રત્નોથી ઝગમગતું, ઝીણું અને સુંદર એક મોટું વિજય-દૂષ્ય બાંધેલું હતું. એ વિજયદૂષ્યની બરાબર વચ્ચોવચ્ચ એક મોટો વજ્રમય અંકુશ–વાંકો સળીયો ટાંગેલો હતો. એ સળીયામાં ઘડા[૮૧] જેવડું એક મોટું મુક્તાદામ–મોતીનું ઝૂમખું–લટકાવેલું હતું અને તે મોતીના ઝૂમખાની ચારે બાજુ અધઘડા જેવડાં બીજાં ચાર મોતી-દામ પરોવેલાં હતાં. આ રીતે એ સિંહાસનના ઉપરના ભાગમાં બાંધેલા વિજયદૂષ્યમાં એક મોટું મોતીનું ઝુમ્મર શોભતું હતું. એ ઝુમ્મરનાં મોતીઓ સોનાની પાંદડીવાળાં બીજાં અનેક લંબૂસગોથી શોભતાં હતાં તેમજ અનેકવિધ મણિઓ, જાતજાતના હારો, અધહારો અને રત્નોથી ચમ-કતાં હતાં. હવે જ્યારે પૂર્વનો, પશ્ચિમનો, દક્ષિણનો કે ઉત્તરનો વાયુ ચાલતો ત્યારે એ મોતીઓ ધીરે ધીરે હલતાં હતાં. હલતાં હલતાં તેઓ જ્યારે એક બીજા સાથે અફ-ળાતાં ત્યારે તેમાંથી કાનને મધુર લાગે તેવું અને મનને પરમ શાંતિ પમાડે તેવું ઉદાર–મનોહર ગુંજન નીકળતું હતું. એ સુંદર દિવ્ય ગુંજનથી સિંહાસનની ચારે બાજુ ગુંજાયમાન થઇ રહેતી હતી.

૬૫ તે સિંહાસનની આસપાસ વાયવ્ય ખૂણામાં, ઉત્તરમાં અને ઈશાન ખૂણામાં સૂર્યાભદેવના ચાર હજાર સામાનિક દેવોને બેસવા માટે એક એક હજાર–કુલ ચાર હજાર બીજાં સુંદર ભદ્રાસનો એ આભિયોગિક દેવોએ માંડી દીધાં. સૂર્યાભદે-વની ચાર પટ્ટરાણીઓ અને તેના પરિવારને બેસવા માટે



સ્પર્શ પણ પૂર્વોક્ત મણિઓની પેઠે ઘણો સુગંધી અ
અતિશય સુંવાળો હતો.

૬૮ એ આભિયોગિક દેવોએ પોતાના સ્વામી સૂર્યા
ભદેવની આજ્ઞા પ્રમાણે પૂર્વે વર્ણવેલું એવું સુંદર દિવ્ય
યાન વિમાન સજ્જધજ્જ કર્યું અને એની પૂર્ણાહુતિના સમા
ચાર તેમણે વિનયપૂર્વક સૂર્યાભદેવને જણાવી તેની આજ્ઞા
તેને પાછી સોંપી.

૬૯ પોતાની ધારણા પ્રમાણે એ દિવ્ય યાન વિમાનની તૈયારીના સમાચાર જાણી સૂર્યાભદેવને આનંદ થયો. હવે તેણે પોતાના રૂપને જિનેંદ્ર પાસે જવા જેવું યોગ્ય કર્યું. મોટા પરિવારવાળી પોતાની ચાર પટ્ટરાણી અને ગાંધર્વોનું તથા નાટકકારો—નાટકીયાઓનું મોટું લશ્કર એ બધા સાથે એ સૂર્યાભદેવે તે દિવ્ય યાન વિમાનની પ્રદક્ષિણા[૮૩] કરી અને પછી પૂર્વ દિશાના સોપાનદ્વારા તે, એ યાન વિમાન ઉપર ચડી તેમાં ગોઠવેલા મુખ્ય સિંહાસન ઉપર પૂર્વાભિમુખ થઇને બેઠો. પછી તેના ચાર હજાર સામાનિક દેવો, એ યાન વિમાનની પ્રદક્ષિણા કરી ઉત્તર દિશાના સોપાનદ્વારા એના ઉપર ચડયા અને પૂર્વે ગોઠવેલાં પોતપોતાનાં આસનો ઉપર બેઠા. તથા બીજા દેવો અને દેવીઓ પણ યાન વિમાનની પ્રદક્ષિણાપૂર્વક દક્ષિણ દિશાના સોપાનદ્વારા વિમાન ઉપર ચડી પોતપોતાનાં જુદાં જુદાં આસનો ઉપર ગોઠવાઈ ગયાં.

૭૦ એ યાન વિમાનની સવારીમાં સૌથી પ્રથમ આગળ અષ્ટમંગળ—આઠ મંગળ—અનુક્રમે ગોઠવાએલાં હતાં. તેમાં પહેલો સ્વસ્તિક, બીજો શ્રીવત્સ, ત્રીજો નંદાવર્ત, ચોથું વર્ધ-

યાન વિમાનની સવારીમાં જોડાએલાં હતાં: આ રીતે વિમાનના સ્વામી સૂર્યાભદેવની આગળ પાછળ અને બન્ને બાજુએ અનેક દેવ દેવીઓ ગોઠવાએલાં હતાં અને એ યાન વિમાન એ બધાંને ઉપાડી વેગબંધ ગાજતું ગતિ કરતું હતું.

૭૧ એ રીતે સજ્ધજ્ થએલો સૂર્યાભદેવ, પોતાના એ દિવ્ય ઠાઠમાઠને બતાવતો બતાવતો સૌધર્મકલ્પની વચ્ચે થઇને નીકળ્યો, અને સૌધર્મકલ્પથી ઉત્તરમાં આવેલા નીચે આવવાના–[૮૫]નિર્યાણમાર્ગ તરફ તેણે પોતાના એ યાન વિમાનને હંકાર્યું. તે, એ નિર્યાણમાર્ગને પહોંચતાં લાખ યોજનની વેગવાળી[૮૬] ગતિથી ઝપાટાબંધ ભારતવર્ષ તરફ આવવા લાગ્યો. આ તરફ આવતાં આવતાં તેને અસંખ્ય દ્વીપો અને સમુદ્રો ઉલ્લંઘવા પડ્યા. એ રીતે વેગબંધ ગતિ કરતો એ સૂર્યાભદેવ નંદીશ્વર દ્વીપ[૮૭] સુધી આવી પહોંચ્યો અને ત્યાં અગ્નિકોણમાં આવેલા રતિકર પર્વત પાસે આવી લાગ્યો. આ રતિકર પર્વત પાસે આવીને એ સૂર્યાભદેવે પૂર્વે વર્ણવેલી પોતાની દેવમાયા સંકેલી લીધી અને જંબૂદ્વીપના ભારતવર્ષમાં પહોંચવા જેવી સાધારણ વ્યવસ્થા કરી લીધી. હવે તે, રતિકર પર્વતથી જંબૂદ્વીપ ભણી આવવાના માર્ગે પોતાના યાન વિમાનને હંકારવા લાગ્યો અને તુરતમાંજ ભારતવર્ષમાં પહોંચ્યો. ત્યાં પહોંચી તેણે આમલકપ્પાનો રસ્તો લીધો અને ઝપાટામાંજ આમલકપ્પાના અંબસાલવણ-ચૈત્યમાં જ્યાં શ્રમણ ભગવાન મહાવીર ઊતર્યા છે ત્યાં આવી લાગ્યો. ત્યાં આવતાંજ તેણે એ દિવ્ય યાન વિમાન સાથે શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ પ્રદક્ષિણા કરી અને

૭૫ શ્રમણ ભગવાન મહાવીરનું કથન સાંભળી સૂર્યાભદેવ બહુ હર્ષિત થયો, પ્રફુલ્લ થયો અને ઘણોજ સંતુષ્ટ થયો; પછી તેમને વાંદી નમી તેમનાથી બહુ નજીક નહિ, તેમ બહુ દૂર નહિ, એવી રીતે બેસી તે સૂર્યાભદેવ તેમની શુશ્રૂષા કરતો સામો રહી વિનયપૂર્વક હાથ જોડી શ્રમણ ભગવાન મહાવીરની પર્યુપાસના કરવા લાગ્યો.

૭૬ તે વખતે શ્રમણ ભગવાન મહાવીરે પોતાના દર્શનાર્થે આવેલા સૂર્યાભદેવને, આમલકપ્પાના રાજા રાણીને તથા આમલકપ્પામાંથી આવેલી મોટી જનસભાને ધર્મદેશના સંભળાવી. દેશના સાંભળી જનતા તો પોતપોતાને ઠેકાણે ચાલી ગઇ.

૭૭ દેશના સાંભળીને પ્રસાદ પામેલા અને આલ્હાદિત હૃદયવાળા સૂર્યાભદેવે ઊભા થઇને પ્રણામપૂર્વક શ્રમણ ભગવાન મહાવીરને આ પ્રમાણે [૮૯]પૂછ્યું :

પ્ર૦—હે ભગવન્! શું સૂર્યાભદેવ ભવસિદ્ધિક-ભવ્ય છે કે અભવસિદ્ધિક-અભવ્ય છે? સમ્યગ્દૃષ્ટિવાળો છે કે મિથ્યા દૃષ્ટિવાળો છે? સંસારમાં પરિમિતપણે ભમનારો છે કે અનંત કાળ સુધી ભમનારો છે? બોધિની પ્રાપ્તિ થવી તેને સારુ સુલભ છે કે દુર્લભ છે? શું તે આરાધક છે કે વિરાધક છે? તે ચરમ શરીરી છે કે અચરમ શરીરી છે?

'હે સૂર્યાભ!' એમ કહીને શ્રમણ ભગવાન મહાવીરે તેને નીચે પ્રમાણે ઉત્તર આપ્યો :

ઉ૦—હે સૂર્યાભ! તું ભવ્ય છો, સમ્યગ્દૃષ્ટિવાળો છો, સંસારમાં પરિમિતપણે ભમનારો છો, તને બોધિની

[illegible]

[illegible]

[illegible] ભૂમિભાગ [illegible]

[illegible] કરી તેણે [illegible]

ચારે બાજુથી એકસરખો [illegible] એક [illegible], તેમાં

રૂપ, રસ, ગંધ અને સ્પર્શથી ગુણાભિરામ [illegible] વર્ણવેલા

એવા અનેક મણિઓ જડી દીધા. [illegible] બાજુથી એકસરખા

ભૂમિભાગમાં [illegible] તેણે એક પ્રેક્ષાઘર રચ્યું–નાટક-શાળા ખડી કરી. એ નાટકશાળા, તેમાં બાંધેલો ઉલ્લોચ–ચંદરવો, અખાડો અને મણિની પેઠકી એ બધાનું વર્ણન આગળ કહેવાઈ ગયું છે તથા મણિની એ પેઠકી ઉપર સિંહાસન, છત્ર વગેરે જે આગળ વર્ણવાઈ ગયું છે તે બધું બરાબર ગોઠવી દીધું.

૮૦ ત્યારપછી એ સૂર્યાભદેવ શ્રમણ ભગવાન મહાવીરના દેખતાં તેમને પ્રણામ કરે છે અને 'ભગવાન મને અનુજ્ઞા આપો' એમ કહી પોતે બાંધેલી નાટકશાળામાં તેમની–તીર્થંકરની–સામે ઉત્તમ સિંહાસનમાં બેસે છે.

ત્યારબાદ બેસતાં વેંત તેણે અનેક પ્રકારનાં મણિમય કનકમય રત્નમય વિમલ અને ચકચકતાં કડાં પોંચી બેરખાં વગેરે આભૂષણોથી દીપતો ઊજળો પુષ્ટ અને લાંબો એવો પોતાનો જમણો હાથ પસાર્યો.

એના એ જમણા હાથમાંથી સરખાં વય લાવણ્ય-રૂપ અને યૌવનવંતા, સરખાં નાટકીય ઉપકરણો અને વસ્ત્રાભૂષણોથી સજેલા, ખભાની બન્ને બાજુમાં ઉત્તરીય વસ્ત્રથી

[illegible] કેટલાંક [illegible] અને [illegible] [illegible], નીલાં અને [illegible], વિવિધ [illegible] અને પૂરી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible], [illegible] [illegible], [illegible] [illegible] અને [illegible] કરવાની પૂરી તૈયારીવાળા [illegible] ને આઠ [illegible] [illegible] નીકળ્યા.

૮૧ એજ પ્રમાણે સૂર્યાભદેવે પ્રગટેલા [illegible] ડાબી- આંખે એકસરખી, એકસરખા માપવાળી, સરખા [illegible], [illegible] [illegible] [illegible] આકૃતિ વેશ અને [illegible] શૃંગારવાળી [illegible]. હસવે બોલવે ચાલવે વિવિધવિલાસે લલિત સંલાપે અને યોગ્ય ઉપચારે કુશળ, હાથમાં વાજાંવાળી, નાટ્ય- કરવાની પૂરી તૈયારીવાળી અને [illegible] [illegible] દેવકુમારોની એકરૂપ એવી એકસો ને આઠ દેવકુમારિકા નીકળી.

૮૨ પછી એ સૂર્યાભદેવે [illegible] શંખો૧, શૃંગિયાં૨, શંખલીઓ૩, ખરમુખીઓ૪, પેયાઓ૫, પીરપીરિકાઓ૬, પણવો–નાની પડહો૭, પટહો–મોટી પડહો૮, ઢક્કાઓ–ઢા- ક્લીઓ૯, મોટી ઢક્કાઓ–ઢાકો૧૦, ભેરીઓ૧૧, ઝાલરો૧૨, દુંદુ- ભીઓ૧૩, સાકડમુખીઓ૧૪, મોટા માદળો૧૫, મૃદંગો૧૬, નદી- મૃદંગો૧૭, આલિંગો૧૮, કુસ્તુંબો૧૯, ગોમુખીઓ૨૦, નાના માદળો૨૧, ત્રણ તારની વીણાઓ૨૨, વીણાઓ૨૩, ભમરી- વાળી વીણાઓ૨૪, છ ભમરીવાળી વીણાઓ૨૫, સાત તારની વીણાઓ૨૬, બબ્બીસો૨૭, સુઘોષા ઘંટાઓ૨૮, નંદીઘોષા ઘંટાઓ૨૯, સો તારની મોટી વીણાઓ૩૦, કાચબી વીણાઓ૩૧,

[illegible]

૮૩ પછી એ સૂર્યાભદેવે પોતાના હાથમાંથી સરજેલા તે દેવકુમારો અને દેવકુમારીઓને બોલાવીને કહ્યું કે-

"હે દેવાનુપ્રિયો ! તમે શ્રમણ ભગવાન મહાવીર પાસે જાઓ અને તેમને ત્રણ પ્રદક્ષિણા દઈ વંદન–નમન કરી એ ગૌતમ વગેરે શ્રમણનિર્ગ્રંથોને તે દિવ્ય દેવઋદ્ધિ દિવ્ય દેવદ્યુતિ દિવ્ય દેવાનુભાવવાળું બત્રીશ પ્રકારનું નાટક ભજવી બતાવો."

૮૪ સૂર્યાભદેવની આજ્ઞા થતાં જ તેને માથે ચઢાવી હૃષ્ટતુષ્ટ થએલાં એ દેવકુમારો અને દેવકુમારીઓ શ્રમણ ભગવાન મહાવીર તરફ જઈ તેમને વાંદી–નમી જે તરફ ગાતમાદિક શ્રમણનિર્ગ્રંથો હતા તે તરફ વળ્યાં અને એક સાથેજ એક હારમાં એક-કતાર ઊભા રહ્યાં, સાથે જ નીચે નમ્યાં, વળી પાછું સાથેજ તેઓ પોતાનાં માથાં ઉંચાં કરી ટટ્ટાર ઊભા રહ્યાં. એજ પ્રમાણે સહિતપણે અને સંગતપણે નીચે નમ્યાં અને પાછાં ટટ્ટાર ઊભા રહ્યાં, પછી સાથે જ

ઉપર આઘાત કરતા, ભંભા ગોળી શંખોને અફળાવતા, ભેરી ઝાલર દુંદુભીઓ ઉપર તાડન કરતા, મુરજ મૃદંગ નંદી-મૃદંગોનો આલાપ લેતા, આલિંગ કુસ્તુંબ ગોમુખી માદળ ઉપર ઉત્તાડન કરતા, વીણા વિપંચી વલ્લકીઓને મૂર્છાવતા, સો તારની મોટી વીણા કાચબી વીણા ચિત્ર વીણાને કૂટતા, બદ્ધીસ સુઘોષા નંદીઘોષાનું સારણ કરતા, ભ્રામરી ષડ્ભ્રામરી પરિવાદનીનું સ્ફોટન કરતા, તૂણ તુંબવીણાને છણછણતા, આમોદ ઝાંઝ કુંભ નકુલોનું આમોટન કરતા–પરસ્પર અફળાવતા, મૃદંગ હુડુક્કી વિચિક્કીઓને છેડતા, કરટી ડિંડિમ કિણિત કડવાંને બજાવતા, દર્દરક દર્દરિકાઓ કુસ્તુંબુરુ કલશીઓ મડ્ડુઓ ઉપર અતિશય તાડન કરતા, તલ તાલ કાંસાના તાલો ઉપર થોડું થોડું તાડન કરતા–પરસ્પર ઘસતા, રિંગિરિસિકા લત્તિકા મકરિકા શિશુમારિકાનું ઘટ્ટન કરતા અને બંસી વેણુ બાલી પરિલ્લી તથા બદ્ધકોને ફૂંકતા હતા.

૮૭ એ રીતે એ ગીત નૃત્ય અને વાદ્ય દિવ્ય મનોજ્ઞ મનહર અને શૃંગારરસથી તરબોળ બન્યાં હતાં, અદ્‌ભુત થયાં હતાં, બધાનાં ચિત્તનાં આક્ષેપક નીવડ્યાં હતાં. એ સંગીતને સાંભળનારા અને નૃત્યને જોનારા દ્વારા ઉછળતા વાહવાહના કોલાહલથી એ નાટકશાળા ગાજી રહી હતી. એમ એ દેવોની દિવ્ય રમત પ્રવૃત્ત થએલી હતી. એ રમતમાં મસ્ત બનેલા તે દેવકુમારો અને દેવકુમારીઓએ શ્રમણ ભગવાન મહાવીરની સામે સ્વસ્તિક શ્રીવત્સ નંદાવર્ત વર્ધમાનક ભદ્રાસન કલશ મત્સ્ય અને દર્પણના દિવ્ય અભિનયો[૯૪] કરી એ મંગળરૂપ પ્રથમ નાટક ભજવી દેખાડ્યું હતું.

૯૪ સાતમા નાટકમાં આગમનના અર્થાત્ ચંદ્રના આગમનના અને સૂર્યના આગમનના દેખાવો કરી બતાવવામાં આવ્યા.

૯૫ આઠમા નાટકમાં નિર્ગમ આવરણના–ચંદ્રના અને સૂર્યના આવરણના દેખાવો કરી દેખાડ્યા અર્થાત્ જ્યારે ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણ થાય ત્યારે જગતમાં અને ગગનમાં જે જાતનું વાતાવરણ પ્રસરે છે તે એ નાટકમાં પ્રત્યક્ષ કરી બતાવવામાં આવ્યું.

૯૬ નવમા નાટકમાં અસ્તમનના દેખાવો આવ્યા એટલે જ્યારે ચંદ્ર અને સૂર્ય આથમી જાય છે ત્યારે જગતમાં અને આકાશમાં જે જે ઘટનાઓ બને છે તે બધી નજરેનજર ખડી કરવામાં આવી.

૯૭ દસમું નાટક ચંદ્રમંડલ સૂર્યમંડલ નાગમંડલ યક્ષમંડલ ભૂતમંડલ રાક્ષસમંડલ અને ગાંધર્વમંડલના અભિનયોમાં પૂરું થયું. એમાં ચંદ્ર સૂર્ય નાગ યક્ષ ભૂત રાક્ષસ અને ગાંધર્વ સંબંધી મંડલોના ભાવો ભજવી બતાવ્યા.

૯૮ અગ્યારમું નાટક દ્રુતવિલંબિત અભિનયને લગતું હતું, તેમાં વૃષભની અને સિંહની લલિત ગતિ, ઘોડાની અને ગજની વિલંબિત ગતિ, મત્ત ઘોડો અને મત્ત હાથીની વિલસિત ગતિ કરી બતાવવામાં આવી.

૯૯ બારમા નાટકમાં સાગર અને નગરના આકારોને અભિનયમાં કરી બતાવ્યા.

૧૦૦ તેરમું દિવ્ય નાટક નંદા અને ચંપાના અભિનયને

મોટા બનાવો બન્યા હતા તે દરેકને અભિનયોમાં કરી દેખાડ્યા–તેમાં તેમનું ચ્યવન, ગર્ભસંહરણ, જન્મસમયના બનાવો, અભિષેકનો પ્રસંગ, બાલક્રીડા, યૌવનદશા, કામભોગની લીલા, નિષ્ક્રમણનો પ્રસંગ, તપશ્ચરણની અવસ્થા, જ્ઞાની થયાની પરિસ્થિતિ, તીર્થપ્રવર્તનની ઘટનાને લગતા અભિનયો હતા અને પછી છેલ્લા અભિનયમાં ભગવાન મહાવીરના નિર્વાણનું ચિત્ર પણ ઊતારવામાં આવ્યું હતું. આમ એ ચરમ–છેલ્લું–બત્રીશમું નાટક પૂરું થયું.

૧૦૭ એ નાટકોમાં તે દેવકુમારો અને દેવકુમારીઓએ ઢોલ વગેરે પહોળાં, વીણા વીગેરે તાંતવાળાં, ઝાંઝ વગેરે નક્કર અને શંખ વગેરે પોલાં એમ ચાર જાતનાં વાજાં વગાડેલાં.

ઉત્ક્ષિપ્ત પાદવૃદ્ધ[૯૭] મંદ અને રોચિત એમ ચાર પ્રકારનું સંગીત ગાએલું.

અંચિત, રિભિત, આરભટ અને ભસોલ એમ ચાર પ્રકારે નૃત્ય કરેલું.

દાર્ષ્ટાંતિક પ્રાત્યંતિક સામાન્યતોપનિપાતનિક અને લોકમધ્યાવસાનિક એમ ચાર જાતના અભિનયો[૯૮] ભજવી બતાવેલા.

૧૦૮ હવે તે દેવકુમાર અને દેવકુમારીઓ ગૌતમાદિક શ્રમણ નિર્ગ્રંથોને એ બત્રીશે પ્રકારનું દિવ્ય નાટક દેખાડી તથા શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ પ્રદક્ષિણા દઈ તેમને વાંદી નમી જે તરફ પોતાનો અધિપતિ સૂર્યાભદેવ હતો તે તરફ ગયાં અને હાથ જોડી પોતાના એ અધિપતિને જય

[illegible]
[illegible]
[illegible]
એ શાળામાં પેસી જાય, તેમ એ દેવમાયા સૂર્યાભના શરી-
રમાં સમાઈ ગઈ અથવા એ શાળા [illegible]
પોતાની [illegible] મોટા માણસોના ટોળાને [illegible]
એ પાસેની શાળામાં પેસી જાય, તેમ એ દેવમાયા સૂર્યા-
ભના શરીરમાં સમાઈ ગઈ એમ મેં કહ્યું છે.

૧૧૨ વળી, ગૌતમે પૂછ્યું કે—

પ્ર૦—હે ભગવન ! સૂર્યાભદેવનું સૂર્યાભવિમાન ક્યાં
[100]જણાવેલું છે ?

ઉ૦—હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતથી દક્ષિણે આ રત્નપ્રભા[101] નામની પૃથ્વી છે, તેના રમણીય સમતલ ભૂભાગથી ઉંચે ચંદ્ર સૂર્ય ગ્રહગણ નક્ષત્ર અને તારકાઓ આવેલાં છે, ત્યાંથી આગળ ઘણાં યોજનો સેંકડો યોજનો હજારો યોજનો લાખો યોજનો કરોડો યોજનો અને લાખકરોડો યોજનો ઉંચે ઉંચે દૂર જઈએ ત્યારે ત્યાં સૌધર્મકલ્પ નામનો કલ્પ જણાવેલો છે, એ કલ્પ પૂર્વ પશ્ચિમ લાંબો, ઉત્તર દક્ષિણ પહોળો, આકારે અર્ધચંદ્ર-સમાન સંસ્થિત છે, કિરણોના પ્રકાશથી ઝગઝગતો છે, તેની લંબાઈ પહોળાઈ અસંખ્ય કોટાનુકોટિ યોજન છે અને તેનો ઘેરાવો પણ તેટલોજ છે.

એ સૌધર્મકલ્પમાં સાધર્મદેવોનાં બત્રીશ લાખ વિમા-નાવાસો હોય છે એમ કહ્યું છે. એ બધા વિમાનાવાસો

૩.૯.૪ ચારે દિશાઓમાં તે વિમાનની એક એક બાજુએ હજાર હજાર બારણાં હોય છે એમ કહેવાય છે. અર્થાત્ તે વિમાનને પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ એમ ચારે બાજુનાં મળીને ચાર હજાર બારણાં હોય છે.

તે એક એક બારણું ઊંચાઈમાં પાંચસો યોજન છે. પહોળાઈમાં અને પ્રવેશે અઢીસો યોજન છે.

તે બધાં બારણાં ધોળાં છે, તેમની ઉપરનાં શિખરો સોનાનાં છે, એ શિખરોમાં વૃષભ મગર વિહગ માનવ કુંજર કિન્નર પદ્મલતા વગેરેનાં ચિત્રો કોરેલાં, એમના સ્તંભ-થાંભલા ઉપરની વેદિકાઓ વજ્રમય–એ બધાં હજારો કિરણોથી ઝળહળે છે, એવાં એ આંખને ઠારે એવાં સુખસ્પર્શવાળાં છે.

તે દરેક બારણાની નેમો વજ્રમય, મૂળ પાયા રિષ્ટરત્નના, થાંભલીઓ વૈડુર્યની અને તેનું તલ પંચરંગી ઉત્તમ મણિઓમાંથી બનેલું છે. ડેલીઓ હંસગર્ભરત્નની, ઇંદ્રકીલો ગોમેદના, બારસાખો લોહિતાક્ષરત્નની, ઓતરંગો જ્યોતિરસરત્નના, સૂઈઓ–ખીલીઓ–લોહિતાક્ષરત્નની, સાંધાઓ વજ્રના, ખીલીઓની ટોપીઓ વિવિધ મણિમય, આગળિયો અને તેનું અટકણ વજ્રનું, આવર્તનપીઠ–ઉલાળાનું ટેકણ રજતનું, બારણાનાં ઉત્તર પડખાં અંક રત્નનાં: એવી એ બારણાંઓની શોભાવાળી રચના છે. તેનાં કમાડ લગાર પણ આંતરા વિનાનાં ચપોચપ ભીડાય તેવાં મજબૂત છે. બારણાંની ભીંતોમાં બન્ને પડખે એકસો અડસઠ અડસઠ ભીંતઓળીઓ છે અને તેટલીજ ગોમાણસીઓ એટલે બેઠકો છે. વિવિધ

વિવિધ પ્રકારની લીલાઓવાળી, સુપ્રતિષ્ઠિત, સારી રીતે શણ-ગારેલી, રંગબેરંગી વસ્ત્રો પહેરેલી અને અનેક જાતની માળાઓવડે શોભાયમાન છે. એમનો કટિભાગ મૂઠીમાં આવી જાય એવો પાતળો, અંબોડો ઉંચો અને કઠણ પીવર –ભરાવદાર–છાતી, આંખના ખૂણા રાતા, વાળ કાળા કોમળ અને શોભનિક છે. અશોક વૃક્ષ ઉપર તેની ડાળને ડાબે હાથે પકડીને એ પૂતળીઓ ઊભેલી છે. આંખમીંચા-મણી કરતી એ, જાણે દેવોનાં મનને હરી ન લેતી હોય, એક બીજા સામું જોતી એ, જાણે પરસ્પર ખીજતી ન હોય, એવી જણાય છે. એ બધી બનેલી છે તો પૃથ્વીમાંથી– માટીમાંથી–પણ નિત્ય રહેનારી છે. એમનું મુખ ચંદ્ર જેવું લલાટ ચંદ્રાર્ધ જેવું અને દેખાવ ચંદ્ર જેવો સૌમ્ય છે. ખરતા તારાની જેમ એ બધી ઝગમગ્યા કરે છે, મેઘની વીજ-ળીનો ઝગકારો અને પ્રખર સૂર્યનો ચમકાટ એ કરતાં ય તેઓ વધુ ઝબકે છે–ચમકે છે. એવી એ પૂતળીઓ શૃંગારે આકારે અને વેશે પ્રસાદ ઉપજાવે એવી દેખાવડી અને મનોહર છે.

૧૧૮ વળી, એ બારણાંઓની બન્ને બાજુની બેઠ-કોમાં સર્વરત્નમય સુંદર જાળીવાળાં સોળ સોળ રમણીય સ્થાનો છે. બન્ને પડખેની એ બેઠકોમાં સોળ સોળ ઘંટાની હારો ટાંગેલી જણાવેલી છે. એ ઘંટાઓ સુવર્ણમય, તેમના લોલકો વજ્રમય, ઘંટાનાં બન્ને પડખાં વિવિધ મણિમય, ઘંટાની સાંકળો સોનાની અને દોરીઓ રૂપાની છે. તેમનો રણકો મેઘના ગડગડાટ જેવો, સિંહની ત્રાડ જેવો, દુંદુભિ-

ના નાદ જેવો, હંસના સ્વર જેવો મંજુ છેઃ એવા–એ કાન અને મનને ઠારે–સુખ આપે–તેવા રણકાવડે તે ઘંટાઓની આસપાસનો પ્રદેશ પણ ગાજતો રહે છે.

૧૧૯ વળી, એ બારણાંઓની બન્ને બાજુની બેઠકોમાં સોળ સોળ વનરાઈઓ જણાવેલી છે. એ વનરાઇઓમાં વૃક્ષો વેલો ફણગા અને પાંદડાં મણિમય છે, એમના ઉપર ભમરાઓ ગુંજતા રહે છેઃ એવી એ વનરાઇઓ ટાઢી હિમ જેવી શીતળ અને પ્રાસાદિક છે.

વળી, તે બન્ને પડખેની બેઠકોમાં વજ્રમય સોળ સોળ પ્રકંઠકો–ઓટલાઓ જણાવેલા છે. તે દરેકની લંબાઈ પહોળાઈ અઢીસો યોજન અને જાડાઈ સવાસો યોજન છે. તે તે એક એક પ્રકંઠક ઉપર એક એક મોટો ઉચો મહેલ આવેલો જણાવેલો છે, તે દરેક મહેલ અઢીસો યોજન ઉચો અને સવાસો યોજન પહોળો છે. જાણે પ્રભાના પુંજ ન હોય એવા એ મહેલો વિવિધ મણિઓ અને રત્નોથી ખીચોખીચ જડેલા છે. ઉપરાઉપર છત્રોથી શોભાયમાન વિજય વૈજયંતી પતાકાઓ એ મહેલો ઉપર પવનથી ફરફરતી રહે છે. એનાં મણિકનકમય શિખરો ઉચાં આભને અડતાં છે. મહેલોની ભીંતોમાં વચ્ચે વચ્ચે રત્નોવાળાં જાળિયાંઓ મૂકેલાં છે. બારણાંમાં પેસતાંજ વિકાસમાન પુંડરીક કમળો અને ભીંતોમાં વિધવિધ તિલકો તથા અર્ધચંદ્રકો કોરેલા છે. મહેલો અંદર અને બહાર લીસા સોનેરી વેળુથી લીંપેલા સુંદરતમ છે. જે પ્રકંઠકો ઉપર તે મહેલો છે તે પ્રકંઠકો પણ છત્રોથી શોભતી ધજાઓથી રમણીય છે.

૧૨૦ એ મહેલોનાં બારણાંની બન્ને બાજુ સોળ સોળ તોરણો જણાવેલાં છે. એ મણિમય તોરણો મણિમય થાંભલાઓ ઉપર બેસાડેલાં છે, તેમના ઉપર પદ્મ વગેરેના ઝુમખાંઓ ટાંગેલા છે. તે એક એક તોરણની આગળ પૂર્વે વર્ણવેલા જેવા નાગદંતો તથા એવી જ બબ્બે પૂતળીઓ ઊભેલી છે. તેજ રીતે દરેક તોરણની આગળ એક એક બાજુ સર્વરત્નમય ઘોડા હાથી માનવ કિનર કિંપુરુષ મહોરગ ગાંધર્વ અને વૃષભની હારો આવેલી છે, તેજ પ્રકારે નિત્ય પુષ્પવાળી સર્વરત્નમય પદ્મલતા વગેરેની હેલિઓ આવેલી છે. એ રીતે, હે આયુષ્મન્ શ્રમણ! દિશાસ્વસ્તિક ચંદનકલશ અને મત્તગજના મુખની જેવા ભૃંગારની બે બે હારો ગોઠવેલી છે.

૧૨૧ વળી, તે તોરણની આગળ બબ્બે બબ્બે આરિસા હોવાનું જણાવેલું છે. એ આરિસાનાં ચોકઠાં સુવર્ણમય, મંડળો અંકરત્નમય અને એમાં પડતાં પ્રતિબિંબો નિર્મલાતિનિર્મળ છે. હે દીર્ઘજીવી શ્રમણ! ચંદ્રમંડળ જેવા એ નિર્મળ આરિસા અર્ધકાયપ્રમાણ જણાવેલા છે.

૧૨૨ વળી, એ તોરણોની આગળ વજ્રના બબ્બે થાળો જણાવેલા છે. એ રથના પૈડા જેવા મોટા મોટા થાળો જાણે કે ત્રણવાર છડેલા આખા ચોખાથી ભરેલા જ હોય એવા ભાસે છે.

વળી, એ તોરણોની આગળ સ્વચ્છ પાણી અને તાજાં લીલાં ફળોથી ભરેલી બે બે પાત્રીઓ મૂકેલી જણાવેલી છે.

હે ચિરંજીવ શ્રમણ! એ બે બે પાત્રીઓ ગાયને ખાણુ આપવાના મોટા ગોળ કુંડલા જેવડી મોટી સર્વરત્નમય અને શોભનાતિશોભન છે.

વળી, એ તોરણોની આગળ નાનાવિધ ભાંડોથી ભરેલા સર્વરત્નમય બે બે સુપ્રતિષ્ઠકો છે–શરાવો છે, બે બે મનોગુલિકાઓ–પેઢલીઓ છે. એ પેઢલીઓમાં સોનાનાં અને રૂપાનાં અનેક પાટિયાંઓ જણાવેલાં છે. તે સોનારૂપાનાં પાટિયાંઓમાં વજ્રમય નાગદંતો જડેલા છે, એ નાગદંતો ઉપર વજ્રમય શિંકાં છે, એ શિંકાં ઉપર કાળા નીલા રાતા પીળા અને ધોળા સૂતરના પડદાવાળા પવનથી ભરેલા ઘડાઓ છે; એ બધા પવનપૂર્ણ ઘટો વૈડુર્યમય સુંદર છે.

વળી, એ તોરણોની આગળ રતનથી ભરેલા બબે કરંડિયાઓ છે. ચક્રવર્તીના રત્નપૂર્ણ કરંડિયાની જેમ એ કરંડિયાઓ પોતાના પ્રકાશથી એ જગ્યાને ચારે બાજુથી ચકચકતી કરી મૂકે છે.

વળી, એ તોરણોની આગળ વજ્રમય બબે હયકંઠા ગજકંઠા નરકંઠા કિન્નરકંઠા કિંપુરુષકંઠા મહોરગકંઠા ગાંધર્વકંઠા અને વૃષભકંઠા છે. તેઓમાં સર્વરત્નમય બબ્બે ચંગેરીઓ છે. તેમાં સર્વરત્નમય પુષ્પ માળા ચૂર્ણ વસ્ર આભરણ સરસવ અને પીંછીઓ મૂકેલી છે.

વળી, એ તોરણોની આગળ બબ્બે સિંહાસનો અને બબ્બે છત્રો હોવાનું જણાવેલું છે. એ છત્રોના દાંડા વૈડુર્યના, કાની–ફૂલ સોનાની, સાંધા વજ્રના, મોતીથી પરોવેલી સોનાની આઠ હજાર સળીઓ અને ચંદન જેવી શીતળ

[illegible]

[illegible]

૨૨૬ [illegible] વનખંડનું [illegible] સમ રમણીય છે, તે ઉપર અનેક પ્રકારના મણિઓ અને તૃણો શોભી રહ્યાં છે, તેમનો સ્પર્શ અને ગંધ મનગમતાં આકર્ષક છે.

હે ભગવન્! પૂર્વ પશ્ચિમ દક્ષિણ અને ઉત્તરના વાયરા વાય છે ત્યારે એક એક લતાના પરસ્પર અથડાવા વડે તે તૃણોનો અને મણિઓનો કેવો અવાજ થાય છે?

હે ગૌતમ! એમનો અવાજ મનોહર શ્રુતિમધુર અને શ્રુતિને અત્યંત તૃપ્તિ આપનારો થાય છે.

૨૨૭ છત્ર, ધ્વજ, ઘંટ, પતાકા અને ઉત્તમ તોરણોથી સુશોભિત એક સુંદર રથ હોય, જેની ચારે બાજુ નાની નાની ટોકરીઓ જડેલી હોય, હિમાલયમાં ઉગેલા તિનિશના લાકડામાંથી બનાવેલો હોય, આરા અને ધોંસરું બરાબર બેસાડેલાં હોય, પૈડા ઉપરનો લોઢાનો પાટો મજબૂત હોય,

[illegible]

[illegible]

અકસ્માત, [illegible] કરવા [illegible]
[illegible] જેથી [illegible] મોટા [illegible] [illegible] અને [illegible]

[illegible] અને [illegible]

૧૯૮ વર્ષ [illegible]
[illegible] નાની અને [illegible] નાની મોટી
[illegible] પુસ્તિકાઓ લીધી [illegible]

વહેતી નદીઓ અને કૂલોથી ઢાંકેલાં એવાં હારબંધ આવેલાં અનેક સરોવરો તથા હારબંધ શોભતા અનેક કૂવાઓ આવેલા છે. એ બધાંના કાંઠા રજતમય, કાંઠાના ભાગો ખાડાખડિયા વિનાના એકસરખા છે. એમની અંદરના પાણાઓ વજ્રમય અને વેળુ સુવર્ણ-રજતમય છે.

વાવો વગેરે એ બધાં જલાશયો સુંવાળા સોનાના તળિયાવાળાં છે, એમાં ઊતરવાનાં અને નીકળવાનાં સાધનો સારી રીતે ગોઠવાએલાં છે, એમના ઘાટો અનેક પ્રકારના મણિઓથી જડેલા છે. ચાર ખૂણાવાળાં એ જલાશયોમાં પાણી અગાધ અને અતિશીતળ છે. જેમની ઉપર ભમરા ભમરીઓ ગુંજી રહ્યાં છે એવાં ઉત્પલ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પૌંડરીક, સો અને હજાર પાંખડીવાળાં ખીલેલાં કમળોથી અને બિસપત્ર તથા મૃણાલના દંડોથી એ બધાં જલાશયો ઢંકાએલાં છે. જેમની અંદર ભમતા મત્સ્યો અને કાચબાઓ કલ્લોલ કરી રહ્યા છે અને જેમને કાંઠે અનેક પ્રકારનાં પક્ષીઓ વિચરી રહ્યાં છે એવાં એ સ્વચ્છાતિસ્વચ્છ જળથી છલકતાં જલાશયો તે વનખંડોમાં શોભી રહ્યાં છે.

૧૨૯ એ જલાશયોમાં કેટલાંકમાં આસવ જેવાં પાણી છે, કેટલાંકમાં શેરડીના રસ જેવાં, કેટલાંકમાં ઘી જેવાં, કેટલાંકમાં દૂધ જેવાં, કેટલાંકમાં ખારા ઉસ જેવાં અને કેટલાંકમાં સામાન્ય પાણી જેવાં પાણી ભરેલાં છે.

તે વાવો અને કૂવા વગેરે પ્રત્યેક જલાશયોની ફરતાં

૧૩૪ જેની આસપાસ ચારે બાજુ ઓવડો મોટો અને અતિશય સુંદર વનખંડ શોભી રહ્યો છે એવા તે સૂર્યાભનામના દેવવિમાનનો અંદરનો ભૂભાગ તદ્દન સપાટ અને અત્યંત રમણીય છે. ત્યાં પણ ઘણા દેવો અને દેવીઓ ફરે છે, બેસે છે, હસે છે, રતિક્રીડા કરે છે અને આનંદ માણતા વિચરે છે.

૧૩૫ તે વિમાનના એ ભૂભાગની વચ્ચોવચ્ચ લાખ યોજન લાંબું પહોળું એવું એક મોટું ઉપકારિકાલયન છે; તેનો ઘેરાવો ત્રણ લાખ સોળ હજાર બસેં સત્તાવીસ યોજન, ત્રણ કોશ, અઠ્ઠાવીસસેં ધનુષ, તેર આંગળ અને ઉપર ઓછું વધતું અરધું આંગળ છે. એ એવું મોટું લયન આખુંય સુવર્ણમય છે અને અત્યંત મનોહરમાં મનોહર છે.

એ લયનની ચારે બાજુ અરધું યોજન ઊંચી અને પાંચસેં ધનુષ પહોળી એવી એક મોટી પદ્મવરવેદિકા છે અને એટલાજ માપનો એક મોટો વનખંડ તે લયનને ઘેરી રહેલો છે.

૧૩૬ તે વેદિકાના થાંભલા, પાટિયાં, ખીલીઓ, ખીલીઓનીટોપીઓ, વાંસડા, વાંસડા ઉપરનાં નળિયા, પાટીઓ, મોભીયાં, ઢાંકણાં અને તેનાં જાળિયાં ગોખલા વગેરે એ બધું વિવિધ રત્નમય મણિમય વજ્રમય અને સુવર્ણરજતમય છે. એનાં કેટલાંક જાળિયાં નાની નાની ટોકરીઓવાળાં, મોતીના પડદાવાળાં અને મોટી મોટી લટકતી માળાવાળાં છે.

એ વેદિકામાં જ્યાં ત્યાં સર્વરત્નમય ઘોડાની વૃષભની અને સિંહ વગેરેની જોડ શોભી રહી છે.

[illegible]

નક્ષત્રો, તારાઓ વગેરે ઘણાં પ્રકારનાં ચિત્રો ત્યાં [illegible] રહ્યાં છે, માટે હે [illegible]! એ વેદિકાને પદ્મવરવેદિકા કહેલી છે.

હે ભગવન્! વર્ણવેલી એ પદ્મવરવેદિકા શું શાશ્વત છે કે અશાશ્વત છે?

ગૌતમ! દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ તો એ વેદિકા શાશ્વત છે, પણ હે ગૌતમ! તે વેદિકાના વર્ણો, ગંધો, રસો અને સ્પર્શોની દૃષ્ટિએ જોતાં અથવા વર્ણાદિ પર્યાયોની અપેક્ષાએ તો તે વેદિકા અશાશ્વત છે, માટે તેને શાશ્વત પણ કહી છે અને અશાશ્વત પણ કહી છે.

હે ભગવન્! ઉપર વર્ણવેલી વેદિકા, શું ત્યાં કાયમ રહેવાની છે?

હે ગૌતમ! એ વેદિકા, ત્યાં કોઈ દિવસ ન હતી, નથી કે નહિ હશે એમ તો ન કહેવાય; પણ એ, ત્યાં હમેશાંને માટે હતી, છે અને હશે એમ કહેવાય; માટે તે ત્યાં ધ્રુવ, શાશ્વત, અવ્યય, નિત્ય અને સદા અવસ્થિત છે એમ માનવું જોઈએ.

૧૩૭ ઉપકારિકાલયનની ફરતો જે વનખંડ વર્ણવેલો છે તેનો ચક્રવાલવિષ્કંભ બે યોજનથી કાંઈક ઓછો

એ બધાય પ્રાસાદોની અંદર ચંદરવા સિંહાસન વગેરે શોભનિક ઉપકરણો ગોઠવાએલાં છે અને ઉપર ધજાઓ તોરણો અને આઠઆઠ મંગળો ઝૂલી રહ્યાં છે.

૧૩૯ એમ અનેક પ્રાસાદોથી વીંટાએલા તે મૂળ પ્રાસાદથી ઉત્તરપૂર્વમાં અર્થાત્ ઈશાનખૂણામાં એક મોટી સુધર્મા સભા આવેલી છે. એની લંબાઈ સો યોજન, પહોળાઈ પચાસ યોજન અને ઉંચાઈ બહોંતેર યોજન છે. જેમની ઉપર અનેક પ્રકારનાં તોરણો પૂતળીઓ અને અપ્સરાઓનાં ઝુંડો કોરેલાં છે એવા અનેક મનહર સ્તંભો ઉપર એ સભા રચાએલી છે. એ સભાને પૂર્વમાં દક્ષિણમાં અને ઉત્તરમાં એમ ત્રણ દ્વારો મૂકેલાં છે. તે એક એક દ્વાર સોળ યોજન ઉંચું અને આઠ યોજન પહોળું છે, તેમ તે દરેકનો પ્રવેશમાર્ગ પણ તેટલાજ માપનો છે. એ ત્રણે દ્વારો ધોળાં દૂધ જેવાં, સુવર્ણમય સ્તૂપવાળાં અને ઉપર આઠ આઠ મંગળોથી વિરાજિત છે.

તે પ્રત્યેક દ્વારની સામે એક એક મુખ્ય મંડપ છે. એ મંડપની લંબાઈ સો યોજન, પહોળાઈ પચાસ યોજન અને ઊંચાઇ સોળ યોજન કરતાં વધારે છે.

એ મંડપને પણ પૂર્વમાં દક્ષિણમાં અને ઉત્તરમાં એમ ત્રણ બારસાખ પાડેલાં છે. તે પ્રત્યેક બારસાખ ઊંચાઈમાં સોળ યોજન, પહોળાઇમાં આઠ યોજન છે અને તે દરેકનો પ્રવેશમાર્ગ પણ તેટલાજ માપનો છે. તે બધાં બારણાંઓ ચંદરવા વગેરેથી સુશોભિત છે અને તેમની ઉપર ધજાઓ અને આઠ આઠ મંગળો ફરફરી રહ્યાં છે.

[illegible]

પ્રભા, શોભા અને પ્રકાશમાં એ ચૈત્યવૃક્ષો વિશેષમાં વિશેષ પ્રભાવિક છે.

એ વૃક્ષો ઉપર આઠ આઠ મંગલો ધ્વજ અને છત્રો વગેરે શોભી રહેલાં છે અને એમની–એ વૃક્ષોની–ફરતાં શિરીષ વગેરે બીજાં પણ અનેક વૃક્ષો આવેલાં છે.

૧૪૨ એ ચૈત્યવૃક્ષોની આગળ આઠ યોજન લાંબી પહોળી અને ચાર યોજન જાડી એવી સર્વમણિમય વળી બીજી અનેક મણિપીઠિકાઓ આવેલી છે.

એ દરેક પીઠિકાઓ ઉપર આઠ યોજન ઊંચા એક યોજન ઊંડા અને એક યોજન પહોળા[૧૦૪] એવા વિશિષ્ટ પ્રકારના વજ્રમય અનેક મહેંદ્રધ્વજો ખોડેલા છે, તેમની ઉપર પવનથી હાલતી નાની નાની અનેક પતાકાઓ, આઠ આઠ મંગળો, ધ્વજો અને છત્રો વગેરે બધું લહેરી રહેલું છે.

તે દરેક મહેંદ્રધ્વજોની આગળ સો યોજન લાંબી પચાસ યોજન પહોળી અને દસ યોજન ઉંડી[૧૦૫] એવી નંદા નામની પુષ્કરિણીઓ આવેલી છે. એનાં પાણી સામાન્ય પાણી જેવાં મીઠા રસવાળાં છે.

એ પ્રત્યેક પુષ્કરિણીઓની ચારે કોર પૂર્વે વર્ણવેલાં પદ્મવરવેદિકાઓ અને વનખંડો આવેલાં છે અને પુષ્કરિણી-ઓમાં ત્રણ બાજુ સરસ સોપાનો ગોઠવેલાં છે તથા ઉપર બેસાડેલાં તોરણો, ધ્વજો, આઠ આઠ મંગળો અને છત્રો વગેરે તો ત્યાં ઠેકઠેકાણે દીપી રહેલાં છે.

૧૪૩ એ સુધર્માસભામાં પૂર્વ અને પશ્ચિમમાં સોળ સોળ હજાર તથા દક્ષિણ અને ઉત્તરમાં આઠ આઠ હજાર પેઢલીઓ બાંધેલી છે. એ પેઢલીઓ ઉપરનાં પાટીયાં સુવર્ણ રજતમય અને તે ઉપર જડેલા નાગદંતો વજ્રમય છે. તે નાગદંતોમાં કાળા સુતરની માળાઓ લટકે છે

વળી, એ સુધર્માસભામાં એ પેઢલીઓની જેવી જ અને જે ઉપર સુખે સૂઈ શકાય એવી સુકોમળ સુંદર શય્યાઓ બીછાએલી છે. એવી અડતાળીશ હજાર ગોમાનસીઓ આવેલી છે તે ગોમાનસીઓની પાસે જ જડેલા નાગદંતોમાં ટાંગેલા રજતમય સિકા ઉપર વૈડુર્યમય ધૂપઘટીઓ મૂકેલી

એ બધાં અસ્ત્રશસ્ત્રો ઉજળાં પાણીવાળાં અણીદાર અને વિશેષમાં વિશેષ તેજવાળાં છે.

૧૪૯ સુધર્મા સભાની ઉપર આઠ આઠ મંગળો છત્રો અને ધજાઓ વગેરે શોભાજનક પદાર્થો દીપી રહ્યાં છે. એ સભાની ઉત્તરપૂર્વે એટલે ઈશાનખૂણામાં સો યોજન લાંબું પચાસ યોજન પહોળું અને બહોંતેર યોજન ઉંચું એવું એક મોટું સિદ્ધાયતન આવેલું છે. એ સિદ્ધાયતનની બધી શોભા સુધર્માસભાની જેવી સમજવાની છે.

૧૫૦ એ સિદ્ધાયતનની વચ્ચોવચ્ચ સોળ યોજન લાંબી પહોળી અને આઠ યોજન જાડી એવી એક મોટી મણિપીઠિકા આવેલી છે. એ પીઠિકાની ઉપર સોળ યોજન લાંબો પહોળો અને તે કરતાં થોડો વધારે ઉંચો એવો સર્વરત્નમય એક મોટો દેવચ્છંદક ગોઠવેલો છે. તેના ઉપર જિનની ઉંચાઇએ ઉંચી એવી એકસો ને આઠ જિનપ્રતિમાઓ બિરાજેલી છે.

૧૫૧ એ [૧૦૮] પ્રતિમાઓના હાથપગનાં તળિયાં તપનીયમય, નખો વચ્ચે લોહિતાક્ષરત્ન જડેલ અંકરત્નના, જાંઘો, જાનુઓ, ઉરુઓ અને દેહલતા કનકમય, નાભી તપનીયમય, રોમરાઈ રિષ્ટરત્નમય, ચુચુકો અને શ્રીવૃક્ષ તપનીયમય, બન્ને ઓષ્ઠો પ્રવાલમય, દાંતો સ્ફટિકમય, જીભ અને તાળવું તપનીયમય, નાસિકા વચ્ચે લોહિતાક્ષરત્ને જડેલ કનકમય, આંખો વચ્ચે લોહિતાક્ષરત્ને જડેલ અંકરત્નમય, કીકીઓ આંખની પાંપણો અને ભવાંઓ રિષ્ટરત્નમય, બન્ને કપોલો કાન અને ભાલપટ્ટ કનકમય, માથાની ઘડીઓ વજ્રમય, માથાના વાળ ઉગવાની

તોરણો ને આઠ ધૂપધાણાં ગોઠવેલાં છે અને એ આયતનોની ઉપર જડેલા આઠ આઠ મંગળો ધ્વજો અને છત્રો વગેરે એમની શોભામાં વધારો કરી રહ્યાં છે.

૧૫૩ તે સિદ્ધાયતનોની ઉત્તરપૂર્વે એટલે ઇશાન ખૂણામાં સુધર્માસભા જેવી એક મોટી ઉપપાતસભા આવેલી છે. એ સભાની ઉત્તરપૂર્વે સો યોજન લાંબો પચાસ યોજન પહોળો અને દશ યોજન ઊંડો એવો એક મોટો સ્વચ્છ પાણીનો ધરો ભરેલો છે. તે ધરાની ઉત્તરપૂર્વે સૂર્યાભદેવની એક મોટી અભિષેકસભા આવેલી છે. એ સભામાં અભિષેક કરવાની બધી સામગ્રી ભરેલી છે. તે અભિષેકસભાની ઉત્તર-પૂર્વે સૂર્યાભદેવના અલંકારોથી ભરેલી એવી એક મોટી અલંકારસભા આવેલી છે. એ સભાની ઉત્તરપૂર્વે એક મોટી વ્યવસાયસભાનું સ્થાન આવેલું છે, તેમાં સિંહાસન વગેરે બધાં ઉપકરણો વ્યવસ્થિત રીતે ગોઠવેલાં છે.

૧૫૪ એ વ્યવસાયસભામાં સૂર્યાભદેવનું એક મોટું પુસ્તકરત્ન[૧૧૧] મૂકેલું છે. તે પુસ્તકનાં પાનાં રત્નનાં, પાનાં ઉપર રાખવાની કાંબીઓ રિષ્ટરત્નની, પાનામાં પરોવેલો દોરો તપનીયનો, દોરાની ગાંઠો વિવિધમણિમય, ખડિયો વૈડુ-ર્યનો, ખડિયાનું ઢાંકણું રિષ્ટરત્નનું, તેની સાંકળ તપનીયની, મષી–શાહી રિષ્ટરત્નની, લેખણ વજ્રની અને અક્ષરો રિષ્ટ-રત્નમય છે. એવા એ રત્નમય પુસ્તકમાંનું બધું લખાણ ધર્મસંબંધી છે અથવા બીજી રીતે કહીએ તો એ પુસ્તક એક ધાર્મિક શાસ્ત્ર છે.

તે વ્યવસાયસભાની ઉત્તરપૂર્વે આગળ વર્ણવેલા ધરા જેવડી લાંબી પહોળી અને ઊંડી એવી એક મોટી નંદા

ષ્કરિણી આવેલી છે. તેની ઉત્તરપૂર્વે આઠ યોજન લાંબું
પહોળું અને ચાર યોજન જાડું એવું સર્વરત્નમય અતિ-
શય મનોહર એક મોટું મણિપીઠ આવેલું છે.
એ રીતે વર્ણવેલું સૂર્યાભદેવનું વસતિસ્થાન વધારેમાં
વધારે મનહર અને સર્વ પ્રકારે અતિશય આકર્ષક છે.

૧૫૫ તે કાળે તે સમયે તાજા અવતરેલા સૂર્યાભ-
દેવે આહાર શરીર ઇંદ્રિય શ્વાસોચ્છ્વાસ અને ભાષા મનની
પર્યાપ્તિદ્વારા શરીરની સર્વાંગપૂર્ણતા મેળવી લીધી. પછી
એ દેવ એવા વિચારમાં પડ્યો કે–અહીં આવીને મારું
પ્રથમ કર્તવ્ય શું છે? હવે પછી નિરંતર શું કરવાનું છે?
તત્કાળ અને ભવિષ્યમાં સદાને માટે શ્રેયરૂપ એવું શું
કામ મારે કરવાનું છે?૧૧૨

૧૫૬ સૂર્યાભદેવ એવો વિચાર કરે છે ત્યાં તુર-
તજ તેની સામાનિક સભાના દેવો હાથ જોડીને સેવામાં
હાજર થયા અને 'જય થાઓ વિજય થાઓ' એમ બોલી
સ્વામીને વધાવતા તેની પાસે આવીને કહેવા લાગ્યા:

હે દેવાનુપ્રિય! આપના આ વિમાનમાં એક મોટું
સિદ્ધાયતન છે. તેમાં જિનની ઊંચાઇએ ઊંચી એવી એક
સો ને આઠ જિનપ્રતિમાઓ બિરાજેલી છે. આપની સુધર્મા-
સભામાં એક મોટો માણવક ચૈત્યસ્તંભ ઊભો કરેલો છે
તેમાં ગોઠવી રાખેલા વજ્રમય ગોળ ડબામાં જિનનાં સ-
ક્થિઓ સ્થાપી રાખેલાં છે. એ, આપને અને અમને બધાને
અર્ચનીય વંદનીય ઉપાસનીય છે.

તો હે દેવાનુપ્રિય! એ પ્રતિ...

[illegible]

૧૫૭ [illegible] ઉપપાતસભામાંથી તરતજ નીકળી ગયો, ત્યાંથી ઉપપાતસભાના પૂર્વદ્વારે નીકળી જેના ઉપર પાણીથી ભરેલા મોટા ધરા તરફ ગયો. ધરાને અનુપ્રદક્ષિણા કરતો તે તેમાં પૂર્વ દ્વારે પેઠો અને ત્યાં ગોઠવેલ સોપાનદ્વારા તેમાં ઊતર્યો, ત્યાં તેણે જલક્રીડા અને જલનિમજ્જન સારી રીતે કર્યાં, પછી તે ચોક્ખો અને પરમશુચિભૂત થઇ ધરામાંથી બહાર આવ્યો અને જ્યાં અભિષેકશાળા હતી ત્યાં ગયો.

અભિષેકશાળાને પ્રદક્ષિણા કરતો તે પૂર્વદ્વારે તેમાં પેઠો અને ત્યાં ગોઠવેલા મુખ્ય સિંહાસન ઉપર જઈ ચઢી બેઠો.

પછી તેની સામાનિક સભાના દેવસભ્યોએ ત્યાંના કર્મકરરૂપ આભિયોગિક દેવોને બોલાવ્યા અને હુકમ આપ્યો કે :

હે દેવાનુપ્રિયો ! આપણા સ્વામી આ સૂર્યાભદેવના મહાવિપુલ ઈંદ્રાભિષેકની તૈયારી કરો.

૧૫૮ ઉક્ત આજ્ઞા સાંભળતાંજ તે આભિયોગિક દેવોએ ત્યાંથી ઇશાન ખૂણામાં જઇ એક બે વાર વૈક્રિયસમુદ્ઘાત કરી લીધો અને તે દ્વારા અભિષેકની સામગ્રી માટે એક હજાર આઠ એક હજાર આઠ એવા ઘણા પદાર્થો બનાવી લીધા; જેવા કે—

સોનાના, રૂપાના, મણિના, સોનામણિના, રૂપામણિના અને સોનારૂપામણિના કલશો બનાવ્યા, ભોમેય કલશો ઘડી કાઢયા; તેજ પ્રકારે અને તેટલી જ સંખ્યામાં ભૃંગારો, આરિસા, થાળો, પાત્રીઓ, છત્રો, ચામરો, ફૂલની અને મોરપીંછ વગેરેની ચંગેરીઓ, તેલના, હિંગળોકના અને આંજણ વગેરેના ડબાઓ અને ધૂપધાણુંઓ એ બધું એક હજાર આઠ એક હજાર આઠની સંખ્યામાં રચી નાખ્યુ.

૧૫૯ એ બધી સ્વાભાવિક અને બનાવટી સામગ્રી ઇ તે આભિયોગિક દેવો તિરછા લોક તરફ જવા વેગળી ગતિથી ઝપાટાબંધ ઉપડ્યા. એ બાજુ અસંખ્ય જન જતાં જતા તેઓ ક્ષીરસમુદ્ર પાસે આવી પહોંચ્યા, ંથી ક્ષીરોદક અને ત્યાંના પ્રશસ્ત ઉત્પલ વગેરે કમળો લઇ ત્યાંથી તેઓ પુષ્કરોદક સમુદ્રે જઇ પહોચ્યા. ત્યાના પવિત્ર પાણી૧૧૩ અને પુષ્પાદિક લઇ તે આભિયોગિક દેવો ભરત ઐરવતમાં આવેલા માગધ, વરદામ અને ૧૧૪પ્રભાસ તીર્થો તરફ ઊડ્યા. ત્યાં પહોચી તીર્થજળ અને તીર્થધૂળ લઇ તેઓ ગંગા સિંધુ રક્તા અને રક્તાવતી નદીઓને ઓવારે ઊતર્યા. ત્યાનાં શુચિ પાણી અને માટી લેનાક તેઓ ચુલ્લહિમવત વગેરે પર્વતો તરફ જઇ ચડ્યા. ત્યાથી પાણી પુષ્પ અને સર્વ પ્રકારની ઔષધિ સરસવ વગેરે લીધું ત્યાથી તેઓ પદ્મપુંડરીકના ધરા તરફ ગયા ત્યાંનું રોકમુ પાણી વગેરે ભરી ત્યાથી હિમવત, ઐરવત, રોહિતા, રોહિતાંશા, સુવર્ણકૂલા અને રૂપ્યકૂલા નદીઓ ભણી તેઓ ઉપડ્યા, પછી શબ્દાપતિ વિકટાપતિ અને વૃત્તવૈતાઢ્ય

ગયા. પછી ત્યાંથી મહાહિમવંત રુકિમ વગેરે પર્વતો ભ
ઉડ્યા અને ત્યાંથી મહાપદ્મદ્રહ મહાપુંડરીકદ્રહ તરફ ગ
પછી તેઓ હરિવર્ષ અને રમ્યકક્ષેત્રની હરિકાંતા અને નારીકાં
નદીઓ ભણી વળ્યા. ત્યાંથી ગંધાવતી માલવંત અને વૃત્ત
તાઢ્ય તથા નિષધ નીલવંત તિગિચ્છ કેસરિદ્રહ અને મહાવિ
દેહની સીતા સીતોદા નદીઓ ભણી તેઓ ગયા. પછી ત્યાંથ
ચક્રવર્તીના બધા વિજયોએ જઇ અને એ રીતે તે તે બધ
સ્થળોનાં પાણી માટી પુષ્પાદિક લઈ છેક છેલ્લે તેઓ
મંદર પર્વતે જઇ પહોંચ્યા. મંદર પર્વતના ભદ્રશાલ નંદ
અને સોમનસ વનમાંથી સુંદર ગોશીર્ષચંદન વગેરે સામગ્રી
લઈ તેઓ ઝપાટાબંધ પાછા ફર્યા અને ત્વરાવાળી ચાલથી
પાછા સૂર્યાભવિમાનમાં–જ્યાં સિંહાસન ઉપર પોતાનો સ્વામી
સૂર્યાભદેવ બેઠેલો છે ત્યાં–જઇ પહોંચ્યા અને પેલા સામાનિક
સભાના સભ્યો સમક્ષ ઇંદ્રાભિષેકની સર્વ સામગ્રી જે તેમણે
વિવિધ સ્થળેથી આણી હતી તે હાજર કરી દીધી.

૧૬૦ અભિષેકની સર્વ સામગ્રી આવી પહોંચ્યા પછી સૂર્યાભદેવની સામાનિક સભાના ચાર હજાર દેવસભ્યો, તેની ચાર પટ્ટરાણીઓ, બીજી ત્રણ સભાઓના પોતપોતાના પરિવારવાળા દેવો, સાત સેનાધિપતિઓ, સોળ હજાર આત્મરક્ષક દેવો અને બીજા પણ ઘણા દેવદેવીઓ–એ બધાંએ ત્યાં અભિષેકસભામાં આવી તે તે સામગ્રીદ્વારા મોટી ધામધૂમથી સૂર્યાભદેવનો ઇંદ્રાભિષેક કર્યો.

૧૬૧ એ મહાવિપુલ ઇંદ્રાભિષેક ચાલતો હતો ત્યારે કેટલાક દેવોએ સૂર્યાભવિમાનમાં સુગંધી પાણીનો[૧૧૫]

કમળો વગેરે રાખી આમતેમ દોડાદોડી કરે છે: એ રીતે તે દરેક દેવો પોતાના સ્વામીના અભિષેકની ખુશાલી માણે છે.

૧૬૩ અભિષેક થઇ રહ્યા બાદ તે દરેક દેવો હાથ જોડીને બોલ્યા કે:

હે નંદ! તારો જય થાઓ, હે ભદ્ર! તારો જય થાઓ, જે અજિત છે તેને તું જિત અને જે જિત છે તેની તું રક્ષા કર. દેવોમાં જેમ ઇંદ્ર, તારાઓમાં ચંદ્ર, અસુરોમાં અમર, નાગોમાં ધરણ અને મનુષ્યોમાં ભરતની પેઠે તું અમારી વચ્ચે રહે.

વળી, ઘણાં પલ્યોપમો, ઘણાં સાગરોપમો, ઘણાં પલ્યોપમો અને સાગરોપમો સુધી અમારા ઉપર અને આ આખા સૂર્યાભવિમાન ઉપર આધિપત્ય ભોગવ અને અમને બધાંને સુરક્ષિત રાખતો તું અહીં આનંદથી વિહર.

આમ બોલીને તે બધાં દેવદેવીઓએ જય જય નાદ કર્યો અને એ રીતે સૂર્યાભદેવનો ઇંદ્રાભિષેક પૂરો થયો.

૧૬૪ અભિષેક પૂરો થતાં તે સૂર્યાભદેવ, ત્યાંથી પૂર્વને બારણે નીકળી અલંકારસભાને પ્રદક્ષિણા કરતો તેમાં તેજ બારણે પેઠો અને ત્યાંના મુખ્ય સિંહાસને બેઠો.

પછી તેના સામાનિક સભ્યદેવોએ તેની સમક્ષ ત્યાં બધી અલંકારસામગ્રી ઉપસ્થિત કરી. પહેલાં તો ન્હાએલો હોવાથી તેણે સુકોમળ અંગલૂછણા દ્વારા પોતાનાં અંગો લૂછ્યાં, તેના ઉપર સરસ ગોશીર્ષચંદનનો લેપ કર્યો અને ત્યારબાદ એકજ ફૂંકે ઊડી શકે તેવું ઘોડાની લાળ જેવું નરમ, સુંદર વર્ણ અને સ્પર્શવાળું, અને જેને છેડે સોનું જડેલું

છે તેવું સ્ફટિક જેવું ઉજળું પોણું દેવદૂષ્ય યુગલ[૧૧૧] તેણે પહેર્યું. પછી હાર, અર્ધહાર, એકાવળ, મોતીની માળા, રત્નાવળ, અંગદ, કેયૂર, કડાં, બેરખાં, કણુદોરો, દસે આંગળીએ વેઢ વીંટીઓ, છાતી ઉપર દોરો, માદળિયું, કંઠી, ઝૂમણું, કાને કુંડળ અને માથે ચૂડામણિ મુગટ વગેરે આભરણો પહેરી પોતાના દેહને એ સૂર્યાભદેવે ઠીક ઠીક સજાવ્યો.

વળી, ગુંથેલી વીંટેલી ભરેલી અને એક બીજાના નાળથી જોડેલી એવી ચારે પ્રકારની માળાઓથી પોતાની જાતને કલ્પવૃક્ષની પેઠે સુશોભિત કરતાં તેણે દિવ્ય પુષ્પમાળ પણ પહેરી.

૧૬૫ એ રીતે અલંકૃત થએલો તે સૂર્યાભદેવ, વ્યવસાયસભાને પ્રદક્ષિણા કરતો તેમાં આવ્યો અને ત્યાં સિંહાસનારૂઢ થયો. પછી તો તેના સામાનિક સભ્યોએ તેની સમક્ષ ત્યાંના પુસ્તકરત્નને મૂક્યું, તેણે તેને ઉઘાડી વાંચી તેમાંથી ધાર્મિક વ્યવસાયને લગતી સમજુતી મેળવી લીધી.

૧૬૬ એ ક્રમ પૂરો થયા બાદ તે, ત્યાંથી પૂર્વદ્વારે નીકળી નંદા પુષ્કરિણીએ ગયો. ત્યાં ગોઠવેલા સોપાનદ્વારા પુષ્કરિણીમાં ઉતરી તેણે પોતાના હાથપગ પખાળ્યા, પછી ચોકખો પરમશુચિભૂત થઈ હાથીની મુખાકૃતિની જેવી પાણીથી ભરેલી એક મોટી ધોળી રજતમય ઝારી અને પુષ્કરિણીનાં કમળો વગેરે લઈ ત્યાંથી તે સિદ્ધાયતન તરફ જવા નીકળ્યો.

૧૬૭ સિદ્ધાયતનમાં જ્યાં દેવચ્છંદ છે અને જે બાજુએ જિનપ્રતિમાઓ છે તે તરફ જઈ એ સૂર્યાભદેવે

તેમને પ્રણામ કર્યો. પછી તેમને મોરપીંછીથી પૂંજી, સુગંધી પાણીથી પખાળી, સરસ ગોશીર્ષચંદનનો લેપ કર્યો, સુવાસિત અંગલૂછણાથી તેમને લૂછી અને પછી તે પ્રતિમાઓને અક્ષત એવાં દેવદૂષ્ય યુગલ પહેરાવ્યાં. ત્યારબાદ તે સર્વ પ્રતિમાઓ ઉપર ફૂલ, માળા, ગંધ, ચૂર્ણ, વર્ણ, વસ્ત્ર, આભરણ વગેરે ચડાવી તેમને લાંબીલાંબી માળાઓ પહેરાવી અને પાંચે પ્રકારનાં પુષ્પોના પગર ભર્યા. પછી તે જિનપ્રતિમાઓની સન્મુખ રૂપેરી અખંડ ચોખાના સ્વસ્તિક દર્પણ વગેરે આઠઆઠ મંગળો આલેખ્યાં, વૈડુર્યમય ધૂપધાણામાં સુગંધી ધૂપ સળગાવી તે પ્રત્યેક પ્રતિમાઓ આગળ ધૂપ કર્યો અને પછી ગંભીર અર્થવાળા મોટા એકસો ને આઠ છંદો બોલી તેમની સ્તુતિ કરી.[૧૧૭]

ત્યારબાદ તે સૂર્યાભદેવ સાતઆઠ પગલાં પાછો ફર્યો, પછી બેસી, ડાબો પગ ઊંચો રાખી, જમણો પગ જમીન ઉપર મૂકી, માથું ત્રણ વાર નીચું નમાવી, હાથ જોડીને આ પ્રમાણે બોલ્યોઃ

અરિહંત ભગવંતોને નમસ્કાર, યાવત્ અચળ સિદ્ધિને વરેલાઓ પ્રતિ નમસ્કાર.

૧૬૮ પછી તો એ સિદ્ધાયતનનો વચલો ભાગ, તેની ચારે બાજુનો દ્વારપ્રદેશ, મુખમંડપો, પ્રેક્ષાગૃહમંડપો, વજ્રમય અખાડો, બધા ચૈત્યસ્તંભો, મણિપીઠિકાઓ ઉપરની જિનપ્રતિમાઓ, બધાં ચૈત્યવૃક્ષો, મહેંદ્રધ્વજો, નંદાપુષ્કરિણીઓ, માણવક ચૈત્યસ્તંભોમાં સચવાઇ રહેલાં જિનનાં સકિથઓ, દેવશય્યાઓ, નાના મહેંદ્રધ્વજો, સુધર્માસભા,

મળ્યું ? તેણે એ બધું કેવી રીતે પ્રાપ્ત કર્યું ? અને કેવી રીતે એ બધાંનો તે સ્વામી થયો ? એ સૂર્યાભદેવ એના પૂર્વજન્મમાં કોણ હતો ? એનું નામ ગોત્ર શું હતું ? એ કયા ગામ નગર કે સંનિવેશનો નિવાસી હતો ? એણે એવું તે શું દીધું શું ખાધું શું કર્યું ને શું આચર્યું કે જેથી તે એવો મહાપ્રભાવશાળી દેવ થયો ? અથવા તથાપ્રકારના આર્ય શ્રમણ કે બ્રાહ્મણની પાસેથી તેણે એવું તે ધાર્મિક આર્ય સુવચન શું સાંભળ્યું કે જેથી તે એવો અતુલવૈભવવાળો ઉત્તમ દેવ થયો ?

'હે ગૌતમ વગેરે શ્રમણો !' એમ કહીને શ્રમણ ભગવાન મહાવીરે ભગવાન ગૌતમને આમંત્રીને આ પ્રમાણે કહ્યું:

ઉ૦—હે ગૌતમ ! એમ છે કે આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભારતવર્ષમાં કેકયિઅર્ધ[૧૨૨] નામે જનપદ ધન અને ધાન્ય વગેરેની વિભૂતિથી પરિપૂર્ણ હતો. તે દેશમાં સર્વ પ્રકારનાં સુખનું ધામ એવી સેયવિયા[૧૨૩] નામની નગરી હતી. તે નગરીથી બહાર ઉત્તરપૂર્વના દિગ્ભાગમાં–ઈશાન ખૂણામાં બધી ઋતુઓમાં ફળોથી લચ્યું રહેતું સુંદર સુગંધી શીતળ છાયાવાળું અને સર્વ પ્રકારે રમ્ય નંદનવન જેવું મિયવણ નામે ઉદ્યાન હતું.

૧૭૬ તે નગરીનો રાજા મહાહિમવંત જેવો પ્રભાવશાળી પયેસી[૧૨૪] રાજા હતો. એ રાજા અધાર્મિક, અધર્મિષ્ઠ, ધર્મને નહિ અનુસરનારો, અધર્મનેજ જોનારો, અધર્મને ફેલાવનારો હતો. એના શીલ તથા આચારમાં ક્યાંય ધર્મને નામનું પણ સ્થાન ન હતું. વળી, એ રાજા પોતાની આજીવિકા અધર્મથીજ ચલાવતો. એના મોઢામાંથી 'હણો' 'છેદો

મેરો' એવીજ ભાષા નીકળતી. એ પ્રકૃતિએ પ્રચંડ ક્રોધી ભયાનક અને અધમ હતો. એના હાથ હમેશાં લોહીભર્યા-લોહીથી ખરડાએલા જ રહેતા. એ વિનાવિચાર્યે પ્રવૃત્તિ કરનારો, હલકાઓને ઉત્તેજન આપનારો, લાંચીયો, ઠગારો, કપટી, બગભગત અને અનેક પ્રકારના ફાંસલાઓ રચી સર્વ કોઇને દુઃખ દેનારો હતો. એનામાં કોઇ પ્રકારનું મન શીલ ગુણ કે મર્યાદા ન હતાં, કદી પણ એ પ્રત્યાખ્યાન ઉપોસથ કે ઉપવાસ ન કરતો, અનેક મનુષ્યો મૃગ પશુ પક્ષી અને સર્પ વગેરેનો ઘાતક હતો. ટુંકામાં એ રાજા અધર્મનો કેતુ હતો. કદી તે ગુરુજનોનો આદર ન કરતો, વિનય ન કરતો, તેમ કોઈ શ્રમણ વા બ્રાહ્મણમાં તેને લેશ પણ વિશ્વાસ ન હતો. આવો તે ક્રૂર રાજા પોતાના આખા દેશની કરભર-વૃત્તિ બરાબર ચલાવી ન શકતો.

૧૭૭ એ રાજાને બોલવે ચાલવે હસવે કુશળ અને હાથેપગે સુંવાળી સૂરિયકંતા નામે રાણી હતી. પયેસી રાજામાં અનુરક્ત એ રાણી તેની સાથે અનેક પ્રકારનાં માનવી ભોગોને ભોગવતી રહેતી હતી.

૧૭૮ પયેસી રાજાનો મોટો દીકરો સૂરિયકંતા રાણીને પેટે અવતરેલો સૂરિયકંત નામે યુવરાજ કુમાર હતો. એ યુવરાજ, રાજા પયેસીના રાજ્ય રાષ્ટ્ર બળ વાહન કોશ કોઠાર અંતઃપુર અને સમગ્ર દેશની પોતાની મેળે સંભાળ કરતો રહેતો હતો.

૧૭૯ તે પયેસી રાજાને તેનાથી મોટો, ભાઇ અને મિત્ર જેવો, ચિત્ત[૧૧૫] નામે એક સારથિ હતો. સંપત્તિવાળો

એ કોઈથી ન દબાય એવો હતો. વળી, એ ચિત્ત સારથિ અર્થશાસ્ત્રમાં સૂચવેલા સામ ભેદ દંડ વગેરે રાજકારણી ઉપાયોમાં કુશળ હતો, હાજર જવાબી, અનુભવી હતો. ઔત્પત્તિકી વૈનયિકી કર્મજ અને પારિણામિક એવી ચારે પ્રકારની બુદ્ધિ એનામાં હતી. રાજા પયેસી, તેનાં પોતાનાં અનેક કાર્યોના કારણોના કુટુંબોના મંત્રણાઓના છૂપાં કામોના રહસ્યભૂત બનાવોના અનેક જાતના નિર્ણયોના અને એવા બીજા ભેદભરેલા અનેક પ્રકારના રાજકારણોના વ્યવહારોનાં વિધાનોમાં તેની સલાહ લેતો. રાજાને મન એ સારથિ ખળાના વચલા સ્તંભ જેવો હતો અને રાજા એને પ્રમાણભૂત, પોતાનો આધાર, આલંબન અને પોતાની આંખ જેવો જ સમજતો હતો. એ સારથિમાં રાજા પયેસીનો ખૂબ વિશ્વાસ હતો, માટેજ એ અનેક પ્રકારની રાજખટપટોમાં અને બીજાં પણ વિવિધ પ્રકારનાં રાજકાર્યોમાં પોતાની સલાહ આપી શકતો. બીજી રીતે કહીએ તો એ સારથિ રાજા પયેસીના સમગ્ર રાજ્યની ધુરાને વહેતો હતો.

૧૮૦ જે વખતે રાજા પયેસી સેયવિયા નગરીમાં રાજ્ય કરતો હતો તે વખતે રાજા જિતશત્રુ કુણાલદેશની [૧૨૬]સાવત્થી નગરીનો રાજા હતો. કુણાલદેશ સમૃદ્ધિવાળો હતો અને સાવત્થી નગરી પણ ઋદ્ધિસિદ્ધિથી ભરેલી હતી. રાજા જિતશત્રુ પયેસી રાજાનો આજ્ઞાધારી ખંડિયો રાજા હતો.

૧૮૧ એક વખતે રાજા પયેસીએ વિશાળ મહામૂલ્ય એવું રાજાને દેવા જેવું એક મોટું ભેટાણું તૈયાર કરાવ્યું. પછી ચિત્ત સારથિને બોલાવીને કહ્યું કે, ચિત્ત ! તું સાવત્થી

નગરીએ જા અને ત્યાં જિતશત્રુ રાજાને આ આપણી ભેટ આપી આવ[૧૨૭] તથા ત્યાંનાં રાજકાર્યો, રાજનીતિઓ અને રાજવ્યવહારો તું જાતે પોતે જ જિતશત્રુ રાજાની સાથે રહીને જોતો–સંભાળતો થોડો વખત ત્યાં રહી પણ આવ.

૧૮૨ ચિત્ત સારથિ એ ભેટણું લઈ પોતાને ઘેર આવ્યો અને તેણે પોતાના કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું કે–હે દેવાનુપ્રિયો ! મારે માટે છત્રીવાળો ચાર ઘંટાવાળો એવો ઘોડા જોડેલો રથ જલદી તૈયાર કરી હાજર કરો. કૌટુંબિક પુરુષો એ રથની તૈયારીમાં લાગ્યા એટલા સમયમાં ચિત્ત સારથિ નાહ્યો, બલિકર્મ કર્યું, બખ્તર પહેર્યું, ભાથું બાંધ્યું, ગળામાં હાર સાથે રાજચિહ્નવાળો પટો પહેર્યો અને જોઈતાં હથીઆર પડીઆરો પણ બાંધી લીધાં.

૧૮૩ પછી પેલું રાજાએ આપેલું ભેટણું લઈ, તૈયાર થઈને આવેલા રથ ઉપર ચિત્ત સારથિ બેઠો, તેને માથે એક જણે કોરંટકના ફૂલની માળાવાળું છત્ર ધર્યું અને રથની પાછળ હથીઆરબંધ બીજા અનેક માણસોને પણ તેણે સાથે લીધા. એ રીતે તે સેયવિયા નગરીથી નીકળી કેકયિઅર્ધ દેશની વચ્ચે થતો કુણાલ દેશની સાવત્થી નગરી તરફ જવા લાગ્યો.

વચ્ચે વચ્ચે બહુ લાબા નહિ એવા સુખરૂપ વિસામણીવાળા પડાવ કરતો કરતો તે સાવત્થી નગરીએ જઈ પહોંચ્યો.

૧૮૪ ત્યા જિતશત્રુ રાજાના ઘરની જે બાજુ બહારની ઉપસ્થાનશાળા હતી ત્યા જઈ તેણે ઘોડા ઊભા રાખ્યા

૧૮૮ તે વખતે ત્યાંથી પાછા ફરતા લોકોનો ઘોંઘાટ સાંભળીને ચિત્ત સારથિના મનમાં એમ થયું કે-'શું આજે આ નગરીમાં ઇંદ્ર સ્કંદ રુદ્ર મુકુંદ નાગ ભૂત યક્ષ સ્તૂપ ચૈત્ય વૃક્ષ ગિરિ ગુફા કૂવો નદી સરોવર કે સમુદ્ર સંબંધી કોઇ ઉત્સવ છે કે જેને લઇને આ ઘણા ઉગ્રો ભોગો રાજન્યો ક્ષત્રિયો ઇક્ષ્વાકુઓ જ્ઞાતો કૌરવ્યો બ્રાહ્મણો ભટો યોધો લિચ્છવિઓ મલ્લકિઓ પ્રશાસ્તાઓ ઇભ્યો ઇભ્યપુત્રો અને સેનાપતિઓ વગેરે નાહી ધોઇને આવજા કરી રહ્યા છે, કેટલાક ઘોડે ચડેલા છે, કેટલાક હાથીએ બેઠેલા છે અને કેટલાક ટોળે વળીને પગે ચાલતા આવજા કરે છે?'

૧૮૯ લોકોની એ દોડધામવાળી આવજાનું કારણ જાણવા ચિત્ત સારથિએ પોતાના કંચુકી પુરુષને તપાસ કરવા મોકલ્યો, તેણે બરાબર તપાસ કરી ખરા સમાચાર મળતાં જ આવીને ચિત્ત સારથિને વિનયપૂર્વક જણાવ્યું કે-હે દેવાનુપ્રિય! આજે આ નગરીમાં કોઇ ઇંદ્ર કે સાગર વગેરેનો ઉત્સવ નથી પણ પાર્શ્વાપત્ય કેશી કુમારશ્રમણ આ નગરીના કોઠ્ઠય નામના ચૈત્યમાં આવીને ઉતરેલા છે અને તેમના દર્શનાર્થે જવા માટે આ બધી દોડધામ ઘોંઘાટ થઇ રહ્યાં છે.

૧૯૦ પોતાના સંદેશવાહકે કહેલી એ હકીકત સાંભળીને ચિત્ત સારથિ ખુશ થયો અને તેને પણ કેશી શ્રમણ પાસે જવાનું મન થયું, એથી તેણે કૌટુંબિક પુરુષોને બોલાવીને અશ્વરથ જલદી તૈયાર કરી લાવવાનો આદેશ કર્યો.

૧૯૧ રથ આવી પહોંચતાં તો તે સારથિ નાહ્યો,

પ્રવ્રજ્યા લેઈને અણગારપણું સ્વીકારું એ માટે હું તેવો સમર્થ નથી. હું તો આપ દેવાનુપ્રિયની પાસે પાંચ અણુવ્રતવાળો અને સાત શિક્ષાવ્રતવાળો[130] એમ બાર પ્રકારનો ગૃહિધર્મ સ્વીકારવા શક્તિમાન છું.

૧૯૪ કેશી કુમારશ્રમણ બોલ્યાઃ હે દેવાનુપ્રિય! તને સુખ થાય તેમ કર, તેમાં વિઘ્ન ન આવવા દે. પછી કેશી કુમારશ્રમણ પાસે ચિત્ત સારથિએ પૂર્વે જણાવેલો ગૃહિધર્મ સ્વીકાર્યો અને તેમને વાંદી નમીને પાછો એ સારથિ પોતાને ઉતારે આવી પહોંચ્યો.

૧૯૫ હવે તે ચિત્ત સારથિ શ્રમણોપાસક થયો. જીવ અજીવ પુણ્ય પાપ આસ્રવ સંવર નિર્જરા ક્રિયા અધિકરણ બંધ અને મોક્ષના સ્વરૂપને તે બરાબર સમજવા લાગ્યો. નિર્ગ્રંથ પ્રવચનમાં તેને હવે એવી દૃઢ શ્રદ્ધા થઈ કે તે પ્રવચનથી કોઈ દેવ અસુર નાગ સુવર્ણ યક્ષ રાક્ષસ કિન્નર કિંપુરુષ ગરુડ ગાંધર્વ કે મહોરગ વગેરે દેવગણો તેને ચળાવી શકે નહિ. નિર્ગ્રંથ પ્રવચન તરફની તેની બધી શંકાઓ ટળી ગઈ, બધી કાંક્ષાઓ શમી ગઈ અને બધી વિચિકિત્સાઓ ઓસરી ગઈ. તે એ પ્રવચનના મર્મને બરાબર સમજ્યો અને જેમ અસ્થિ મજ્જા પરસ્પર ઓતપ્રોત થઈ રહેલાં છે તેવીજ ઓતપ્રોતતા એ પ્રવચનમાં તેને જામી ગઈ. હવે તે એમ માનવા લાગ્યો કે આ નિર્ગ્રંથ પ્રવચન પરમાર્થરૂપ છે અને બાકી બધું અનર્થરૂપ છે. પ્રવચનની આવી આસ્થાને લીધે હવે તે[131] અતિશય દાનશાલી થયો એટલે હવે તેણે પોતાના ઘરના આગળિયા ઉંચા કરી લીધા અર્થાત્ સર્વ કોઈને માટે

દરવાજાઓ ખુલ્લા કરી નાખ્યા. તેનું શીલ એટલું બધું પવિત્ર બન્યું કે હવે તે કોઈના ઘરમાં કે અંતઃપુરમાં પ્રવેશતો તોપણ લેશમાત્ર અપ્રીતિકર નહોતો લાગતો. ચૌદશ આઠમ અમાવાસ્યા૧૩૨ અને પૂર્ણિમાના દિવસોમાં તે પૂરેપૂરો ઉપોસથ પાળતો, નિર્ગ્રંથ શ્રમણોને નિર્દોષ ખાનપાન ખાદિમ સ્વાદિમ પીઠ પાટીયાં શય્યા સંથારો વસ્ત્ર પાત્ર કામળ પગપૂંછણું અને ઓસડવેસડ આપતો હતો તથા શીલવ્રત ગુણ વિરમણ પ્રત્યાખ્યાન અને ઉપોસથોપવાસ દ્વારા પોતાના આત્માને ભાવિત કરતો અને સાવત્થી નગરીમાં જે જે રાજકાર્યો અને રાજવ્યવહારો હતા તે બધાને જિતશત્રુ રાજાને સાથે રાખીને તે પોતેજ સંભાળતો રહેવા લાગ્યો.

૧૯૬ આમ કેટલાક દિવસો વીત્યા પછી કોઈ એક દિવસે રાજા જિતશત્રુએ એક મહામૂલ્ય ભેટણું તૈયાર કરાવ્યું. પછી ચિત્ત સારથિને બોલાવીને રાજાએ કહ્યું કે–હે ચિત્ત! તું સેયવિયા નગરીએ જા અને હું આ જે નજરાણું આપું છું તે રાજા પયેસીને નજર કર તથા મારી વતી એમને વિનતી કરજે કે તેમણે જે મારા યોગ્ય સંદેશો કહી મોકલાવ્યો છે તે મારે મન રુચિ અને અસંદિગ્ધ છે. આમ સૂચના આપીને રાજાએ વિશેષ આદરપૂર્વક ચિત્ત સારથિને વિદાય આપી

૧૯૭ ચિત્ત સારથિ પણ એ ભેટણું લઈ પોતાને ઉતારે આવી, જવાની તૈયાર કરવા લાગ્યો. જતા પહેલા તે નાહી ધોઈ શુદ્ધ વસ્ત્રો પહેરી કેશી કુમારશ્રમણ પાસે ગયો. શ્રમણે સારથિને ધર્મોપદેશ કર્યો ધર્મોપદેશ

સારથિ પ્રસન્ન થયો. ઉઠતાં તેણે શ્રમણને વિનંતિ કરી કે-હે ભગવન્! રાજા જિતશત્રુની વિદાય લઈ આજે હું સેયવિયા નગરી ભણી રવાના થઉં છું, તો હે ભગવન્! તમે કોઈ વાર સેયવિયા નગરી જરૂર પધારજો. સેયવિયા નગરી પ્રાસાદિક છે, દર્શનીય છે અને બધી રીતે રમણીય છે, માટે જરૂર તમે ત્યાં પધારવા કૃપા કરશો.

૧૯૮ ચિત્ત સારથિના આ કથનનો કેશી શ્રમણે આદર ન કર્યો, તે તરફ કાંઈ ધ્યાન ન આપ્યું, પણ માત્ર મૌનજ ધરી રાખ્યું. છતાં ચિત્ત સારથિએ તો બીજીવાર અને ત્રીજીવાર પણ સેયવિયા નગરી આવવાનો આગ્રહ કર્યા કર્યો.

૧૯૯ જ્યારે બે ત્રણવાર સારથિએ આગ્રહભરી વિનંતિ કરી ત્યારે કેશી કુમારશ્રમણ સારથિ પ્રતિ બોલ્યા કે-હે ચિત્ત! જેમ કોઈ એક લીલોછમ ઠંડી છાયાવાળો મોટો વનખંડ હોય, તો હે ચિત્ત! તે વનખંડ, મનુષ્ય પશુ પક્ષી અને સર્પો વગેરેને રહેવાલાયક ખરો? ચિત્ત બોલ્યો-હા જરૂર-એ રહેવાલાયક ખરો.

શ્રમણ બોલ્યા-પણ હે ચિત્ત! એ વનખંડમાં અનેક મનુષ્યોના લોહી પીનારા ભીલુંગા નામના પાપશકુનો રહેતા હોય તો એ વનખંડ શું રહેવાલાયક ખરો? ચિત્ત બોલ્યો-એમ હોય તો એ આખો વનખંડ પણ ઉપદ્રવવાળો હોવાથી રહેવાલાયક ન ગણાય.

શ્રમણ બોલ્યા-એજ પ્રમાણે, હે ચિત્ત! તારી સેયવિયા નગરી પણ ભલે ખાસી સારી હોય, પણ તેમાં અધાર્મિક એવો પ્રદેશી રાજા [illegible] ન [illegible] ત્યાં હું શી રીતે આવી શકું?

ચઢાવ્યું અને તેઓ કેશી કુમારના આગમનની રાહ જોવા લાગ્યા.

૨૦૪ મિયવણના રખેવાળોને પૂર્વોક્ત ભલામણ કરી ચિત્ત સારથિ સેયવિયા નગરીએ આવી પહોંચ્યો. નગરીની વચ્ચોવચ્ચ થતોક તે, પયેસી રાજાના ઘરમાં બહારની ઉપસ્થાનશાળા તરફ ગયો. ત્યાં પહોંચી તેણે ઘોડાઓને થંભાવી રથ ઊભો રાખ્યો, રથથી ઊતરી રાજા જિતશત્રુએ આપેલું મહામૂલ્ય ભેટણું લઈ તે સારથિ રાજા પયેસી પાસે ગયો, હાથ જોડી રાજા પયેસીને વધાવી તે ભેટણું તેને નજર કર્યું.

રાજા પયેસીએ જિતશત્રુની ભેટ સ્વીકારતાં ચિત્ત સારથિનું સન્માન કર્યું, સત્કાર કર્યો અને તેને પોતાને ઘેર જવાની અનુજ્ઞા આપી.

૨૦૫ રાજા પાસેથી નીકળી રથમાં બેસી સારથિ પોતાને ઘેર આવ્યો, નાહ્યો, બલિકર્મ કર્યું, ખાઈ પીને શુદ્ધ થયો અને પછી પોતાના ઉત્તમ પ્રાસાદમાં સુશોભિત સિંહાસને બેઠો. ત્યાં તેની સામે મૃદંગો વાગવા લાગ્યા, બત્રીશ પ્રકારનાં નાટકો થવા લાગ્યાં અને ઉત્તમ તરુણીઓ નાચવા લાગી : એ રીતે તે, ગાનતાનમાં પોતાનો સમય વિતાવતો ઉત્તમ ભોગોને ભોગવતો રહેવા લાગ્યો.

૨૦૬ હવે અન્ય કોઈ દિવસે કેશી કુમારશ્રમણે માગી આણેલાં પીઠ પાટીઆં શય્યા અને સંથારો[૧૧] પાછાં આપી દીધાં અને પછી પોતાના પાંચસેં અનગારો સાથે બહાર વિહાર માટે નીકળી પડ્યા.

[illegible] નગરીથી વિહાર કરી ફરતા ફરતા એકદા
કેટલીકવારે દેવોની સેયવિયા નગરીના મિગવણ ઉદ્યાનમાં આવી
પહોંચ્યા અને ત્યાં યથા પ્રતિરૂપ અવગ્રહ લઈને [illegible]
તપથી આત્માને ભાવિત કરતા રહેવા લાગ્યા.

૨૯૭ જ્યારે કેશી કુમારશ્રમણ તે ઉદ્યાનમાં આવી
પહોંચ્યા ત્યારે તેમનું આગમન થયું જાણીને ઉદ્યાનપાલકો
હર્ષ ખુશ થયા. તેમની પાસે આવીને તેમણે કેશી
કુમારને વાંદ્યા, તેમને યોગ્ય રહેવાના સ્થાનમાં રહેવાની
અનુમતિ આપી, અને તેમને ઉપયોગમાં લેવા માટે પીઠ
પાટીયાં પથારી વગેરે લઈ જવાને નિમંત્રણ આપ્યું.

૨૯૮ તે ઉદ્યાનપાલકોએ કેશી કુમારશ્રમણના નામ
અને ગોત્ર પૂછીને યાદ પણ કરી લીધા. પછી તેઓ એકાં-
તમાં ભેગા થઈ પરસ્પર વાતચીત કરવા લાગ્યા કે, હે
દેવાનુપ્રિયો ! આપણા ચિત્તસારથિ જેમની વાટ જોતો
રહે છે, જેમનું દર્શન ઇચ્છે છે અને જેમનાં નામ ગોત્ર
સાંભળતાં પણ એ ખુબ પ્રસન્ન થાય છે, તે જ આ કેશી
કુમારશ્રમણ ગ્રામાનુગ્રામ ફરતા ફરતા અહીં સેયવિયા
નગરીમાં આવી ચડ્યા છે. તો હે દેવાનુપ્રિયો ! આપણે
જઈએ અને ચિત્તસારથિને તેને અતિપ્રિય લાગે તેવી કેશી
કુમારના આગમનની હકીકત જણાવીએ.

૨૯૯ એવો વિચાર કરી ને ઉદ્યાનપાલકો ચિત્ત-
સારથિને ઘેર ગયા, તેને પ્રણામપૂર્વક જયવિજયથી વધા-
વીને કહેવા લાગ્યા કે, હે દેવાનુપ્રિય ! તમે જેમની વાટ
જોઈ રહ્યા છો તે કેશી કુમારશ્રમણ આપણી સેયવિયા

નગરીના મિયવણ ઉદ્યાનમાં આવી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા રહેવા લાગ્યા છે.

૨૧૦ ઉક્ત હકીકત સાંભળી ચિત્તસારથિ બહુ ખુશ થયો. પછી તે, આસનથી ઉઠી–ઊભો થઇ પાદપીઠથી નીચે ઊતરી પગમાંથી મોજડીઓ કાઢી નાંખી ખભે ખેસ રાખી હાથ જોડી જે દિશામાં કેશી કુમારશ્રમણ ઊતર્યા હતા તે દિશા તરફ સાત આઠ પગલાં ગયો અને પ્રણામપૂર્વક તેમની સ્તુતિ કરવા લાગ્યોઃ

નમોઽત્થુણં અરિહંતાણં ભગવંતાણં વગેરે.

આ શક્રસ્તવ પૂરું કરતાં છેવટે તે બોલ્યો કે–સાવત્થીના મિયવણ ઉદ્યાનમાં પધારેલા એ મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક કેશી કુમારશ્રમણ ભગવાનને હું વાંદું છું.

૨૧૧ એ રીતે પોતાના ધર્માચાર્યને નમસ્કાર કરી તેમનો આગમન સંદેશો કહેવા આવનાર તે ઉદ્યાનપાલકોનો સારથિએ સત્કાર કર્યો અને જીવતાં સુધી પહોંચે તેટલું વિશાળ પ્રીતિદાન આપી તેમને વિદાય કર્યા.

પછી તેણે કૌટુંબિક પુરુષોને બોલાવીને આશ્વરથ જલદી તૈયાર કરી લાવવાનો આદેશ કર્યો. રથ આવતાં [illegible] તે નાહી, બલિકર્મ કરી, [illegible] પહેરી [illegible] તૈયાર થઈ ગયો.

[illegible] કેશી કુમારશ્રમણ [illegible]

તેમજ જે મનુષ્યો શ્રમણ બ્રાહ્મણની પાસે જવા છતાં પોતાની જાતને હાથ કપડું કે છત્રીવડે ઢાંકી રાખે છે- છુપાવી રાખે છે અર્થાત્ એક ખૂણામાં જઇ ચુપચાપ બેસી રહે છે પણ કશો ખુલાસો પૂછવા આગળ આવતા નથી, તેઓય ધર્મને સાંભળવાનો લાભ ખોઇ બેસે છે.

પણ હે ચિત્ત! જે મનુષ્યો આરામ ઉદ્યાન કે ઉપાશ્રયમાં આવેલા શ્રમણ બ્રાહ્મણનો આદર કરે છે, ગોચરીએ આવેલા તેમને વિપુલ દાન આપે છે અને તેમની પાસે જતાં પોતાની જાતને ન છુપાવતાં જ્યાં જ્યાં પ્રસંગ મળે ત્યાં ત્યાં સર્વ ખુલાસા પૂછી લે છે, તેઓ જ ધર્મને સાંભળવાનો સમજવાનો કે મેળવવાનો લાભ મેળવી શકે છે.

૨૧૪ તો હે ચિત્ત! તારા રાજા પએસીને અમે ધર્મ કેવી રીતે કહી શકીએ, કેમકે તે અમારી પાસે આવતો નથી તેમજ અમારી સામું પણ જોતો નથી.

૨૧૫ પછી સારથિ બોલ્યો:

હે ભગવન્! કોઈ એક વખતે મારી પાસે કંબોજ દેશમાંથી ચાર ઘોડાઓની ભેટ આવેલી છે, એ મેં [illegible] [illegible] પ્રદેશી રાજાને ત્યાં મોકલી આપી છે, તો હે ભગવન્! એ ઘોડાઓના બહાનાથી રાજા પએસીને હું આપ દેવાનુપ્રિયની પાસે લાવી શકીશ; માટે હે દેવાનુપ્રિય! તો તમે [illegible] રાજા પએસીને ધર્મકથા કહેતાં [illegible] [illegible] [illegible] કરશો નહિ. તેમ [illegible] રાજા પએસીને [illegible] [illegible] ધર્મ કહેતાં [illegible] પણ [illegible] નહિ.

૨૨૦ સારથિ રથને પાછો વાળી મિયવણ ઉદ્યાન તરફ હંકારી ગયો. ઉદ્યાન પાસે પહોંચતાં તેણે રાજાને કહ્યું:

સ્વામી! આ મિયવણ ઉદ્યાન છે. અહીં ઘોડાઓને સારી રીતે થાક ખવડાવીએ અને તેમનો બધો શ્રમ આપણે દૂર કરી નાખીએ.

રાજાએ 'હા' પાડતાં તે ઉદ્યાનમાં કેશી કુમારશ્રમણના ઊતારાની પાસે જઇ ચિત્તે ઘોડાઓને રોકી રાખ્યા, રથને સ્થિર કર્યો અને ઘોડાઓને છોડી નાખી તેમનો શ્રમ દૂર થાય તેવી પ્રવૃત્તિ શરૂ કરી.

રાજા પણ રથથી નીચે ઊતરી સારથિની એ પ્રવૃત્તિમાં જોડાયો અને ઘોડાઓને ધીમે ધીમે ફેરવવા લાગ્યો.

એમ કરતાં કરતાં, મિયવણમાં ભળેલી મોટી સભામાં વચ્ચે બેસી મોટા અવાજે કહેતા કેશી કુમારશ્રમણને રાજાએ જોયા.

૨૨૧ જોતાંજ તેને વિચાર આવ્યો કે 'જડ લોકો જ જડની ઉપાસના કરે છે, મુંડ લોકોજ મુંડની પૂજા કરે છે, મૂઢ લોકોજ મૂઢનો આશ્રય ખોળે છે, અપંડિત લોકોજ અપંડિતનો આદર કરે છે અને અજ્ઞાની લોકોજ અજ્ઞાનીનું બહુ માન કરે છે,' તો આ વળી કોણ જડ મૂઢ મુંડ અપંડિત અને અજ્ઞાની પુરુષ છે જે [illegible] અને શરીરે હૃષ્ટપુષ્ટ દેખાવડો લાગે છે? એ શું ખાય છે? શું પીવે છે? એવું તે શું [illegible] એનું શરીર આવું [illegible] છે? અને વળી એ શું [illegible] જેને લીધે આટલી મોટી માનવમેદનીની વચ્ચે બેઠાં બેઠાં તે મોટા બરાડા પાડે છે?

રાજાઃ હે ભંતે! શું તમે પરમાવધિ જ્ઞાન ધરાવો છો? શું તમે અન્નજીવી છો?

શ્રમણે રાજાને કહ્યું:

હે પએસી! ગામે ગામ ફરતા કોઈ અંકવાણિયા શંખવાણિયા કે દંતવાણિયા દાણમાંથી છટકી જવા માટે કોઈને ખરો રસ્તો પૂછતા નથી પણ આડે અવળે માર્ગે ચાલે છે, તેમ વિનયના માર્ગથી છટકી જવાને લીધે તને પણ સારી રીતે પૂછતાં આવડતું નથી.

પએસી! મને જોઈને તને એવો વિચાર થયેલો ખરો કે આ જડ લોકો પેલા મોટા જડની ઉપાસના કરે છે અને આ મારા ઉદ્યાનમાં પણ બરાડા પાડી મને ય રાજે રહેવા દેતા નથી?

રાજાઃ હા, એ વાત ખરી, પણ હે ભંતે! એ તમે જાણ્યું શાથી? તમને એવું તે કેવુંક જ્ઞાન કે દર્શન થયેલું કે જેથી મારો મનનો સંકલ્પ પણ તમે જાણી લીધો?

૨૨૫ કેશી શ્રમણ બોલ્યાઃ

અમારા શ્રમણ નિર્ગ્રંથોના શાસ્ત્રોમાં કહેલું છે કે જ્ઞાનના પાંચ[૧૩૭] પ્રકાર છેઃ ૧ આભિનિબોધિકજ્ઞાન ૨ શ્રુતજ્ઞાન ૩ અવધિજ્ઞાન ૪ મનઃપર્યવજ્ઞાન અને ૫ કેવળજ્ઞાન. તેમાં અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા એમ ચાર પ્રકારનું પહેલું જ્ઞાન છે. અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય એમ બે પ્રકાર બીજા જ્ઞાનના છે. ત્રીજું જ્ઞાન, ભવપ્રત્યય અને ક્ષાયોપશમિક [illegible]

૨૨૮ રાજા બોલ્યો:

જીવ અને શરીર બન્ને જુદાં જુદાં જ હોય અને જે જીવ છે તેજ શરીર છે એમ ન હોય તો, હે ભંતે ! તમે સાંભળો કે—

એક મારો[૧૩૯] દાદો હતો જે આ જ નગરીમાં મોટો અધાર્મિક રાજા હતો, તે પોતાના દેશની પણ ઠીક સાર સંભાળ ન કરતો અને ઘણુંય પાપકર્મોમાંજ રાચ્યો રહેતો. તમારા કહેવા પ્રમાણે તો એ પાપી મારો દાદો કાળ આવતાં મરણ પામી કોઈ એક નરકમાં નૈરયિક થયો હોવો જોઈએ. હે ભંતે ! કેમ ખરૂં ને?

વળી, એ મારા દાદાનો હું વહાલો પૌત્ર છું, તેને મારા પર ઘણું હેત હતું, હું તેનો વિશેષ લાડીલો—માનીતો હતો, તેનું હૃદય મને જોઇને વિશેષ આનંદ પામતું. વધારે શું, પણ મારું નામ સાંભળીને પણ તેઓ પોતાનું અહો-ભાગ્ય માનતા.

હવે, હે ભંતે ! તમારા કહેવા પ્રમાણે જીવ અને શરીર જુદાં જુદાં હોય તો મારા દાદા નરકમાં ગયા હોવા જોઈએ. વળી, મારા દાદાને મારા ઉપર ઘણું હેત હતું તેથી તેમણે અહીં મારી પાસે આવીને એમ જણાવવું જોઈએ કે " હે પૌત્ર! હું તારો દાદો હતો પણ અધાર્મિક હોવાને કારણે મેં ઘણાં પાપો આચરેલાં, તેથી હું નરકમાં પડ્યો છું. માટે, હે પૌત્ર ! તું લેશ પણ પાપ ન આચરજે અને પ્રામાણિકપણે દેશનો કારભાર કરજે. પાપકર્મમાં પડીશ તો મારી પેઠે નરકમાં જઇશ—નરકની યાતનાઓ બહુ ભયંકર

[illegible] અંગમાં પડ્યો તેથી [illegible] આ [illegible] સજા પામ્યો છું, માટે હે દેવાનુપ્રિયો ! તમે [illegible] પણ એવા પાપાચરણમાં ન પડશો, પડશો તો મારી પેઠે ફાંસીની સજા પામશો.

હે પએસી ! એ પુરુષનું કાકલુદીથી ભરેલું આવું ગળ-ગળું વચન સાંભળીને તું તે કામુકને સજા કરતાં ઘડીક પણ થોભી જઈશ ખરો ?

હે ભંતે ! એમ તો નજ બને. એ કામુક મારો અ-પરાધી છે માટે લેશ પણ ઢીલ કર્યા વિના હું તેને પાધરોજ ફાંસીએ ચડાવી દઉં.

એજ પ્રમાણે, હે પએસી ! નરકમાં પડેલો તારો દાદો પરતંત્રપણે જે દુઃખો ભોગવી રહ્યો છે તે તને–વહાલા પૌત્રને કહેવા ન આવી શકે.

મનુષ્યલોકમાં જઈને પાપકર્મનાં માઠાં ફળોની સૂચના કરી આવવાની એની તો ઘણીય ઈચ્છા હોય, પણ તે પેલા અપરાધી પુરુષની પેઠે ત્યાંથી છૂટોજ થઈ શકતો નથી.

૨૩૦ નરકમાં તાજોજ આવેલો અપરાધી–નારકી, મનુષ્યલોકમાં આવવાને તો ઈચ્છે છે, પણ નીચેનાં ચાર કારણોને લીધે તે અહીં આવી શકતો નથી.

ત્યાંની–નરકની ભયંકર વેદનાનો અનુભવ તેને અત્યંત વિહ્વલ કરી નાખે છે અને તેથી તે કિંકર્તવ્યમૂઢ બની જાય છે, એ પ્રથમ કારણ છે.

નરકના કઠોર સંત્રીઓ એ નારકીને ઘડીભર પણ

વળી, એ મારી દાદીનો હું વહાલો પૌત્ર છું. હવે એ મારી દાદી, તમારા કહેવા પ્રમાણે દેવ થઈ હોય તો તેણીએ અહીં મારી પાસે આવીને એવું કહેવું જોઇએ કે-હું તારી દાદી હતી અને ધાર્મિક હોવાને લીધે બહુ પુણ્યોપાર્જન કરી સ્વર્ગમાં દેવ થઈ છું, માટે હે પૌત્ર ! તું પણ ધાર્મિક થજે અને દેશનો કારભાર પ્રામાણિકપણે કરજે. દાનાદિક વડે પુણ્ય ઉપાર્જન કરીશ તો મારી પેઠે સ્વર્ગનાં સુખો અનુભવીશ.

હે ભંતે ! મારી દાદી મારી પાસે આવીને એ પ્રમાણે કહે તો જીવ અને શરીર જુદાં જુદાં છે એવી મારી ખાત્રી થાય. પણ મર્યાને લાંબો વખત થયો છતાં અત્યારસુધીમાં મારી દાદીએ અહીં મારી પાસે આવીને એવું કશું ય સૂચવેલું નથી, તેથી જીવ અને શરીર એ બન્ને એક જ છે પણ જુદાં જુદાં નથી એ મારી ખાત્રી પાકી થાય છે.

૨૩૨ કેશી કુમારશ્રમણ બોલ્યા:

હે પએસી ! તું એમ સમજ કે, [૧૪૨]દેવમંદિરમાં જવા માટે તું નાહેલો છે, ભીનાં કપડાં પહેરેલાં છે, તારા હાથમાં કળશ અને ધૂપની કડછી રહી ગઇ છે અને દેવમંદિરમાં પેસવાને તું પગલાં જ ઉપાડે છે, એવામાં પાયખાનામાં બેઠેલો કોઇ પુરુષ તને એમ કહે કે-હે સ્વામી ! તમે અહીં પાયખાનામાં આવો, બેસો, ઊભા રહો અને થોડીવાર લાંબું ટીક કરો; તો હે પએસી ! તું એ વાતને કાને ધર ખરો ?

એ એના મારા નગરનાગરિકોને મળી શકતો નથી, એ ચોથું કારણ છે.

ચોથું કારણ મનુષ્ય લોકની [illegible] ભયંકર ગંદકી છે. ૪૦૦ એ ગંદકી ઉંચે પણ ૫૦૦ યોજન સુધી ફેલાય છે અને એ એવી તીવ્ર હોય છે કે દેવ એને સહી શકતો નથી.

દેવ એની પોતાની ઇચ્છા હોવા છતાં ઉપરનાં ચાર કારણોને લીધે અહીં આવી શકતો નથી. માટે, હે પએસી! 'શરીર સાથેજ જીવ અહીં બળી જાય છે, એથી મરેલો માણસ ફરી અહીં ક્યાંથી આવી શકે ?' એવી તારી સમજ બરાબર નથી.

મરીને સ્વર્ગમાં ગએલો પ્રાણી અહીં નથી આવી શકતો, તેનું કારણ સ્વર્ગના મોજશોખો તરફ તેની વિશેષતમ અભિરુચિ છે, નહિ કે તે નથી જ, તેથી હે પએસી! તું એમ સમજ કે જીવ જુદો છે અને શરીર જુદું છે, પણ તે બન્ને એક નથી.

૨૩૪ વળી ફરીને પએસી બોલ્યોઃ

હે ભંતે ! જીવ અને શરીર જુદાં જુદાં નથી તે માટે આ એક જુદો પુરાવો ધ્યાનપૂર્વક સાંભળોઃ

હે ભંતે ! તમે એમ સમજો કે કોઇ એક દિવસે મારી બહારની ઉપસ્થાનશાળામાં મારા મંત્રી વગેરે પરિ-વારથી ઘેરાએલો હું રાજસિંહાસનમાં બેઠો હોઉં, તે વખતે મારા કોટવાળો કોઇ એક ચોરને પકડી લાવે, હું તે ચોરને જીવતો ને જીવતો લોઢાની કુંભીમાં પૂરી દઉં, તેના ઉપર

હા, ભંતે! નીકળે.

હે પએસી! એ ઓરડીમાં ક્યાંય એક પણ છેદ કે [illegible] પડ્યું ?

ના. ભંતે, એ ઓરડીમાં ક્યાંય પણ કાણું નથી.

હે પએસી! જેમ કાણાં વગર કાણાંની ઓરડીમાંથી પણ અવાજ બહાર નીકળી શકે છે, તેમ વગર કાણાંની કુંભીમાંથી જીવ પણ બહાર નીકળી શકે છે, અર્થાત્ પૃથ્વીને શિલાને કે પર્વતને ભેદીને સોંસરું જવાનું સામર્થ્ય જીવમાં છે, માટે તેને ગમે ત્યાં પૂરવામાં આવે તોપણ તે બહાર નીકળી જ જવાનો. એથી તું એમ સમજ કે જીવ અને શરીર જુદાં જુદાં છે પણ એ બન્ને એક નથી.

૨૩૫ વળી, પએસી બોલ્યોઃ–

હે ભંતે! જીવ અને શરીર જુદાં જુદાં નથી પણ એક જ છે એવી મારી ધારણાને ટેકો આપતો આ વળી એક દાખલો સાંભળોઃ

મારા કોટવાળોએ પકડી આણેલા ચોરને હું જીવથી મારી નાખું, પછી તે મારી નાખેલા ચોરને લોઢાની કુંભીમાં પૂરી દઉં, તેના ઉપર મજબૂત ઢાંકણું બેસારી, તેને રેવરાવી અને પાકી ચોકી બેસાડી દઉં; પછી વખત જતાં તે લોઢાની કુંભી ઉઘાડી જોઉં છું તો તેને કીડાઓથી ખદખદતી કુંભી જેવી ભાળું છું.

એ કુંભીમાં ક્યાંય રાઈ જેટલુંય કાણું નથી, છતાં એમાં એટલા બધા કીડા ક્યાંથી પેસી ગયા ?

હું તો એમ સમજું છું કે શરીર અને જીવ એકજ

ત્યારે જો તે કુશળતા બતાવી શકતો હોત તો હું એમ માનત કે જીવ જુદો છે અને શરીર જુદું છે. પરંતુ મંદ જ્ઞાનવાળો એ બાળક પાંચ બાણ ફેંકવાની કુશળતા બતાવી શકતો નથી. માટે જીવ અને શરીર એક છે એ મારી કલ્પના સુસંગત છે.

કેશી કુમાર બોલ્યા:–

હે પએસી ! કોઈ એક બાણાવલી તરુણ પુરુષ, મનુષ નવી દોરી અને નવું બાણ એ વડે એક સાથે બાણોને ફેંકી શકવા જેટલી કુશળતા ધરાવી શકે છે, તે જ પુરુષ પાસે જૂનું ખવાઈ ગયેલું ધનુષ તેવી જ દે અને તેવુંજ બૂઠું ફળું હોય, તો તે એક સાથે પાંચ ફળ ફેંકી શકે ખરો ?

ભંતે ! ન ફેંકી શકે.

હે પએસી ! તરુણ પુરુષ શક્તિશાળી તો છે, પરં ઉપકરણોની ન્યૂનતા–ખામી–ને લીધે તે પોતાની શક્તિ બતાવી શકતો નથી, તેમ મંદ જ્ઞાનવાળા બાળકમાં આવડત રૂપ ઉપકરણની ખામી છે, માટે તે એ અવસ્થામાં એક સાથે પાંચ બાણને ફેંકી શકતો નથી. હા, તે જ મંદ જ્ઞાનવાળો બાળક જ્યારે તરુણ થઈ આવડતરૂપ ઉપકરણ મેળવે છે, ત્યારે તેમાં એવી શક્તિ ખીલી ઉઠે છે, પણ તેથી તું એમ ન માન કે શરીર અને જીવ બન્ને એક છે. પએસી ! એ બન્ને તો જુદાં જુદાં છે.

૨૩૭ પએસી બોલ્યો:—

હે ભંતે ! જેમ કોઈ તરુણ પુરુષ, લોઢાના સીસાના

૨૩૮ પએસી બોલ્યો:-

હે ભંતે! મેં એક જીવતો ચોર તોળ્યો, પછી તેને જીવથી મારી નાખી ફરીવાર તોળ્યો. જીવતાં તેનું જે વજન હતું તેજ વજન તેના મડાનું હતું-એ બન્ને વજનમાં લેશ પણ ફરક ન હતો. જીવ અને શરીર જુદાં જુદાં હોય અને જીવ શરીરમાંથી નીકળી જતો હોય, તો મડાનું વજન ઘટવું જોઇએ. હે ભંતે! એ બન્ને સ્થિતિમાં વજનનો જરાય ફરક જણાતો નથી, માટે હું એમ માનું છું કે જીવ અને શરીર એક જ છે પણ જુદાં જુદાં નથી.

કેશી કુમાર બોલ્યા:-

હે પએસી! પહેલાં કોઈવાર તેં ચામડાની મસકમાં[148] પવન ભરેલો છે ખરો? વા ભરાવેલો છે ખરો? ચામડાની ખાલી મસક અને પવનભરેલી મસક એ બન્નેના વજનમાં કાંઇ ફેર પડે છે ખરો?

ના, ભંતે! ફેર તો નથી પડતો.

પએસી! ખાલી અને પવનભરેલી મસકના વજનમાં ફેર ન પડતો હોય તો જીવતાનું અને મુડદાનું વજન ફરક વિનાનું જ હોય ને? જીવ ભારે નથી તેમ હળવો ય નથી, તેથી જીવ નીકળી જતાં મુડદાનું વજન ઘટે એમ ન બને, એટલે એક સરખા વજનને લીધે તું એમ માનતો હો કે જીવ અને શરીર બન્ને એક જ છે, તે જરા ય સંગત નથી.

૨૩૯ પએસી બોલ્યો:-

હે ભંતે! કોઈ વાર એક ચોરને મારી પાસે લાવ-

વામાં આવ્યો, 'તેમાં જીવ છે કે નહિ' એ જાણવા મેં તેને ચારે બાજુ તપાસ્યો, પણ જીવ તો ક્યાંય દીઠામાં ન આવ્યો.

પછી મેં તેના બે ઊભા ચીરા કરી તેને ફરીવાર જોયો, છતાંય જીવ તો ન જ દેખાયો. પછી તો થઈ શકે તેટલા તેના નાના નાના ટુકડા કરી તેને વારંવાર તપાસી જોયો, છતાંય તેમાં ક્યાંય જીવનું નિશાન પણ ન જણાયું. માટે હું કહું છું કે જીવ અને શરીર એક છે પણ જુદાં જુદાં નથી.

કેશી કુમારમુનિ બોલ્યા:

હે પએસી! પેલા કઠીયારા[૧૪૯] કરતાંય તું વિશેષ મૂઢ જણાય છે.

હે ભંતે! એ કઠીયારો વળી કોણ હતો?

પએસી! અગ્નિ અને અગ્નિ રાખવાનું ઠામ સાથે લઈ કેટલાક વનજીવી લોકો વનની શોધ માટે નીકળી પડ્યા. ચાલતાં ચાલતાં તેઓ જેમાં ઘણાં લાકડાં છે એવી એક મોટી અટવી પાસે આવી પહોંચ્યા. એવામાં તેમાંના કોઈએ પોતાના સાથના માણસને કહ્યું કે, હે દેવાનુપ્રિય! અમે લાકડાઓની ભરેલી આ અટવીમાં જઈએ છીએ. તું આ અગ્નિ અને અગ્નિનું ઠામ લઈ જા અને અમારા માટે ખાવાનું રાંધી રાખજે. કદાચ કોઈ કારણથી આ અગ્નિ ઓલવાઈ જાય તો તું લાકડામાંથી અગ્નિ લઈને અમારું ખાવાનું રાંધી રાખજે.

તેમના ગયા બાદ થોડી વારે રાંધવાની શરૂઆત કરવા જતાં પેલા સાથીએ અગ્નિને ઓલવાઈ ગયેલો

ત્યાંથી તેણે પોતાના સાથીની બતાવણ પ્રમાણે લાકડામાંથી અગ્નિ મેળવવા લાકડું હાથમાં લઈ ચારે બાજુ તપાસી જોયું પણ તેમાં તેને તે ક્યાંય ન જણાયો. પછી તો તેણે હાથમાં કુહાડો લઈ લાકડું ચીરી નાખ્યું છતાં તેમાંય અગ્નિ ન દીઠો. છેવટે તેણે થઈ શકે તેટલા તેના નાના નાના કટકા કરી તે દરેકને તપાસી જોયા, છતાંય તેમાં એકેમાં અગ્નિનું નિશાન પણ ન ભાળ્યું. આખરે થાકી કંટાળી તે બિચારો ચિંતાતુર થઈ લમણે હાથ દઈને બેઠો અને 'હજુ સુધી હું રાંધી ન શક્યો' એ બાબત અફસોસ કરવા લાગ્યો.

એટલામાં જે સાથીઓ લાકડાના ભારા લેવા ગએલા હતા તે બધા પાછા ફર્યા અને આ બિચારાને ચિંતાતુર થએલો દીઠો.

તેઓએ પૂછ્યું: હે દેવાનુપ્રિય! તું ઉદાસ કેમ બેઠો છે? હજુ સુધી તેં અમારા સારુ ખાવાનું નથી રાંધ્યું?

તેણે જણાવ્યું કે, હે ભાઈઓ! તમારા ગયા બાદ થોડીવારમાં જ તમોએ આપેલો એ અગ્નિ તો ઓલવાઈ ગયો. પછી હું તમારા કહેવા પ્રમાણે લાકડામાંથી અગ્નિ મેળવવા લાકડાને તપાસવા લાગ્યો. લાકડાને ચીરી, તેના નાના નાના કટકા કરી તપાસી જોયું, તો તેમાં અગ્નિ તો ક્યાંય ન જોવામાં આવ્યો. તેથી અગ્નિ વિના હું રાંધું શી રીતે? એ માટેજ આમ અફસોસમાં પડ્યો છું.

પછી તેઓમાંના જ કોઈ દક્ષ પુરુષે સાથેના બીજા બધા ભાઈઓને કહ્યું કે, તમે બધા નાહી ધોઈને બલિકર્મ કરી તૈયાર થઈને આવો, હું હમણાં જ રસોઈ બનાવી નાખું છું.

પછી તે એક પુરુષે કુહાડો લઈ લાકડામાંથી શમિ
સર અનાવ્યું અને એ શરને અરણી સાથે ઘસી અગ્નિ ઉ
અની અગ્નિને ફૂંકીને તે બધાઓની ફગોઈ કરી નાંખી
એટલામાં નહાવા પીવા ગયેલા બધા સાથીઓ આવી પહોંચ્યા.
સૌ સાથે જમી કરીને ઘોડખા થઈ બેઠા. ભેગા મળીને વાતો
કરવા બેઠા. રસોઈની વાત નીકળતાં પેલા એક પુરુષે પેલા
ઉદાસ થયેલા સાથીને કહ્યું કે, હે દેવાનુપ્રિય! અગ્નિને
શોધવા માટે તેં લાકડાં ફાડી ફાડીને જોવાનો પ્રયાસ કર્યો
તેથી એમ જણાય છે કે, તું જડ છે, મૂઢ છે અને તદ્દન
અજ્ઞાન છે.

હે પએસી! એ અગ્નિશોધક કઠીયારાની પેઠે તેં પણ જીવને શોધવા-જોવા-માટે શરીરને ચીરી ચીરીને જોવાનું પાણી વલોવ્યું, તેથી તું પણ એના કરતાં કાંઈ ઓછો મૂઢ નથી.

૨૪૦ પએસી બોલ્યો:-

હે ભંતે! તમારા જેવા જ્ઞાની બુદ્ધ મહામતિ વિજ્ઞાની અને વિનીત પુરુષ આવી મોટી સભા વચ્ચે મારા પર આક્રોશ કરે, ખીજાઈ જાય, અને મારી નિર્ભર્ત્સના કરે એ શું ઠીક કહેવાય?

કેશી શ્રમણ બોલ્યા:-

પએસી! તને ખબર છે કે ક્ષત્રિયપર્ષદા ગૃહપતિપર્ષદા બ્રાહ્મણપર્ષદા અને ઋષિપર્ષદા એમ ચાર પ્રકારની પર્ષદાઓ છે. એ ચારે પર્ષદાઓની દંડનીતિને પણ તું કયાં નથી

ક્ષત્રિયપર્ષદાનો અપરાધ કરનાર કાંતો પોતાના હાથ પગ ગુમાવે, માથું ગુમાવે અને કાંતો જીવથી જાય.

ગૃહપતિપર્ષદાના અપરાધીને બંધાઇને આગમાં સળગી જવું પડે.

બ્રાહ્મણપર્ષદાનો અપરાધી અનિષ્ટ ઉપાલંભપૂર્વક કુંડીના વા શુનકના નિશાનથી અંકિત થાય કે નિર્વાસિત થાય-હદપાર જાય.

ઋષિપર્ષદાનો અપરાધ કરનાર, અતિઅનિષ્ટ નહિ એવી વાણીવડે ઉપાલંભ પામે.

હે પએસી ! ઉક્ત દંડનીતિથી તું પરિચિત છે, છતાંય તું મારી પ્રતિકૂળ વર્ત્યા કરે છે, વિપરીત રહ્યા કરે છે, માટે જ તારે 'તું મૂઢતર છે' એવી હળવી પણ મારી આક્રોશ-વાણી સાંભળવી પડે છે.

૨૪૧ પએસી બોલ્યોઃ-

હે ભંતે ! મને એમ થએલું કે હું જેમ જેમ આપની પ્રતિકૂળ વર્તીશ-વિપરીત વર્તીશ, તેમ તેમ તત્ત્વને વિશેષ જાણીશ, જ્ઞાનને પામીશ, કરણ અને દર્શનને અધિક સમજી શકીશ, તેથીજ હું અત્યારસુધી આપની પ્રતિકૂળ વર્ત્યો છું અને વિપરીત બોલ્યો છું.

કેશી મુનિ બોલ્યાઃ-

હે પએસી ! તું જાણેજ છે કે વ્યવહારકોના ચાર પ્રકાર કહેલા છે.

કેટલાકો દે તો છે પણ મીઠી વાણી નથી બોલી શકતા. કેટલાકો વાણીને તો મીઠી રાખે છે પણ કશુંય દેતા

નથી. કેટલાકો કશુંય દેતા નથી તેમ વાણી પણ મીઠી ન
રાખતા. અને કેટલાકો દે છે અને સાથે વાણી પણ મધુ
બોલે છે. હે પએસી! આ ચાર વ્યવહારકોમાં જે દેતો નથી
અને વાણીયે મીઠી નથી બોલતો, તે તદ્દન અવ્યવહારી છે
અને બાકીના ત્રણે વ્યવહારના જાણકાર છે.

હે પએસી! એ રીતે તું પણ વ્યવહારી[૧૫૦] છે, કાંઇ
અવ્યવહારી નથી.

૨૪૨ પએસી બોલ્યો:–

હે ભંતે! તમે દક્ષ છો, બુદ્ધ છો, વિજ્ઞાની છો, તો જેમ
ઈ આમળાને હથેળીમાં બતાવે, તેમ તમે મને જીવને ન
ાવી શકો?

રાજા પએસીએ એ પ્રશ્ન કર્યો તેટલામાં તેની પાસેજ
ી વાયુ વાવા લાગ્યો, તેથી તૃણ અને વનસ્પતિઓ
બધું હાલવા લાગ્યું, કંપવા લાગ્યું, પરસ્પર અથડાવા લાગ્યું
અને નવા નવા આકારે ઊડવા લાગ્યું.

તે વખતે લાગ જોઇને કેશી મુનિએ રાજા પએસીને
કહ્યું કે–હે પએસી! જે આ તૃણો અને વનસ્પતિઓ કંપે
છે તે તો તું જુએ છે ને? તો શું એને કોઈ દેવ હલાવે
છે? દાનવ, નાગ, કિંનર, કિંપુરુષ, મહોરગ કે ગાંધર્વ
હલાવે છે?

પએસી બોલ્યો:–

હે ભંતે! એ તૃણ વગેરેને તો વાયુજ હલાવે છે,
પણ કોઈ દેવ દાનવ કે કિન્નર હલાવતો નથી

કેશી—હે પએસી! કામ, રાગ, મોહ, વેદ, લેશ્યા અને શરીરને ધારણ કરનારા એ વાયુને તું જોઈ શકે છે?

પએસી—ના, ભંતે! હું તેને જોઈ શકતો નથી.

કેશી—રૂપધારી, દેહધારી, મોહી અને રાગી એવા વાયુને પણ તું જોઈ શકતો નથી, તો ઇંદ્રિયાતીત એવા જીવને હું તને શી રીતે બતાવી શકું?

પએસી! ખરી વાત તો એમ છે કે, જે મનુષ્ય રાગ-દ્વેષથી પર છે, તે ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય અશરીરીજીવ પરમાણુપુદ્ગલ શબ્દ ગંધ વાયુ એ આઠ પદાર્થોને સારી રીતે જાણી શકે છે–સમજી શકે છે અને 'આ જિન થશે કે નહિ' 'આ બધાં દુઃખોનો નાશ કરશે કે નહિ?' એ બે હકીકતોને પણ તેજ જાણી શકે છે. અર્થાત્ વીતરાગ મનુષ્ય એ દસ બાબતોને સારી રીતે જાણી શકે છે; માટે હે પએસી! તું એમ સમજ કે જીવ અને શરીર જુદાં જુદાં છે પણ એક નથી.

૨૪૩ પએસી બોલ્યોઃ-

હે ભંતે! હાથીનો અને કંથવાનો જીવ એક સરખો છે?

હે પએસી! હા, તે બન્નેના જીવ એક સરખા છે.

હે ભંતે! હાથી કરતાં તો કંથવો અલ્પ કર્મવાળો અલ્પ ક્રિયાવાળો અને અલ્પ આસ્રવવાળો છે તથા કંથવાના આહાર, નિહાર, શ્વાસોચ્છ્વાસ, બળ, વીર્ય અને દ્યુતિ વગેરે પણ અલ્પ છે, અને એથી ઉલટું, એ બધું કંથવા કરતાં હાથીમાં વધારે છે; આમ હાથીમાં અને કંથવામાં આસમાન જમીન જેટલો ચોકખો ભેદ જણાય છે, છતાંય

હે ભંતે ! તમે એમ કેમ કહો છો કે હાથીનો અને કંથવાનો જીવ એક સરખો છે?

કેશી કુમાર બોલ્યાઃ-

હે પએસી ! તું એમ ધાર કે કુંભટકાર અને શિખરાકાર એક મોટી ઓરડી હોય, તેમાં કોઈ પુરુષ દીવો લઈને પેસે અને પછી એ તે ઓરડીનાં બધાં બારી બારણાં બરાબર બંધ કરી દે અને એનાં બધાં છિદ્રો છાંદી દે, તો એ દીપકનો પ્રકાશ, એ આખીયે ઓરડીને અજવાળશે પણ બહારના ભાગને નહિ અજવાળે; કેમ ખરુંને? એ રીતે, એ દીપક ઉપર કોઈ મોટો થાળ ઢાંકે અથવા મોટું ઢાંકણું ઢાંકે, તો તે દીપકનો પ્રકાશ તે તે ઢાંકણના અંદરના ભાગને પ્રકાશશે પણ બહાર નહિ પ્રકાશે, અર્થાત્ બધે દીપક તો એક જ છે પણ તે મોટા ઢાંકણ નીચે હોય તો વધારે ભાગમાં પ્રકાશે છે અને નાના ઢાંકણ નીચે હોય તો ઓછા ભાગને પ્રકાશે છે. તેજ ન્યાયે, હે પએસી ! આ જીવ પણ જેવડા-મોટા કે નાના-શરીરને મેળવે છે, તેવડા શરીરના બધા ભાગોને પોતાના અસંખ્ય આત્મપ્રદેશોદ્વારા સચિત્ત કરી શકે છે, પછી ભલેને શરીર મોટામાં મોટું હોય કે નાનામાં નાનું હોય; માટે હે પએસી ! તું એમ સમજ કે હાથીનો અને કંથવાનો જીવ એક સરખો છે અને તું એમ પણ માન કે જીવ અને શરીર જુદા જુદા છે પણ એક નથી

૨૪૪ રાજા બોલ્યો.-

હે ભંતે ! 'જીવ અને શરીર એક છે' એવું હું કા'

[illegible] માનતો નથી, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] છે, [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] છે, [illegible] [illegible]
[illegible] છે, તો હે ભંતે! મારા કુલની એ રુઢિને હું શી રીતે છોડી શકું ?

કેશી શ્રમણ બોલ્યા:-

હે પએસી! તારી એ સમજને તું નહિ બદલાવીશ, તો પેલા લોઢાનો ભારો નહિ છોડનારા કદાગ્રહી પુરુષની પેઠે તારે પસ્તાવું પડશે.

પએસી રાજા બોલ્યો:-

ભંતે! લોઢાનો ભારો નહિ છોડનારો કદાગ્રહી પુરુષ વળી કોણ હતો અને તેને પસ્તાવું કેમ પડ્યું ?

કેશી કુમાર બોલ્યા:-

પએસી! કેટલાક ધનાર્થી લોકો વિપુલ કરીયાણાં ભરીને અને સાથે ઘણું બધું ભાતું લઈને, જ્યાં કોઈ આવેતું નહિ એવી એક મોટી લાંબી અટવીમાં જઈ ચડ્યા. ત્યાં કોઈ એક સ્થળે પહોંચતાં તેમણે જેમાં ઘણું લોઢું દટાએલું છે એવી એક મોટી લોઢાની ખાણ જોઈ.

ખાણને જોતાંજ ખુશીમાં આવી જઈ તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે આ લોઢું આપણને વિશેષ ઉપયોગી છે, માટે તેને ભારા બાંધી લઈ જવું સારું છે.

એમ વિચારી તેઓ લોઢાના ભારા બાંધી તેમને ઉંચકી એજ અટવીમાં આગળ ચાલ્યા.

ચાલતાં ચાલતાં, જેમાં ઘણું સીસું ભરેલું છે એવી

એક મોટી સીસાની ખાણ તેમના જોવામાં આવી. થોડાક પણ સીસાના બદલામાં ઘણું ઘણું મળે છે, માટે લોઢા કરતાં સીસાને બહુમૂલ્ય સમજી તેઓએ લોઢાના ભારાને પડતા મૂકી સીસાના ભારા બાંધવાનો વિચાર કર્યો અને એના ભારા બાંધ્યા પણ ખરા. પરંતુ તેઓમાંના એક સાથીએ સીસાને બહુમૂલ્ય સમજવા છતાં લોઢાના ભારાને પડતો મૂકી સીસાનો ભારો ન જ બાંધ્યો. એ બાબત તેને બીજા સાથીઓએ ઘણું ઘણું સમજાવ્યું તોય તે એકનો બે ન થયો. ઉલટું તેણે એમ કહ્યું કે, હે દેવાનુપ્રિયો! લોઢાનો આ ભારો હું ઘણા દૂરથી ઉપાડી લાવ્યો છું અને તેને ઘણો મજબૂત બાંધેલો છે, માટે એને મૂકીને સીસાનો ભારો બાંધવાનું મારું મન નથી.

પછી તો તેઓ બધા સીસાના ભારાને ઉપાડી એ અટવીમાં વળી આગળ વધ્યા. આગળ ચાલતાં ચાલતાં તેઓએ ત્રાંબાની, રૂપાની, સોનાની, રત્નની અને વજ્રની મોટી મોટી ખાણો જોઈ. તેઓએ તો જેમ જેમ બહુમૂલ્ય વસ્તુઓ મળતી ગઈ, તેમ તેમ ઓછી કીંમતવાળી વસ્તુઓ છોડી દીધી અને આખરે સંઘળાએ વજ્રના ભારા બાંધી તેઓને ઉપાડી પોતાના દેશમાં પોતપોતાના નગર તરફ જવાને પ્રયાણ કર્યું. નગરમાં પહોંચી, [illegible]

બત્રીશ પ્રકારનાં નાટકો, તેમનાં ગાન નાચ જોતાં જોતાં આનંદપૂર્વક રહેવા લાગ્યા. ત્યારે પેલો લોઢાના ભારાને ઉંચકી લાવનાર સાથી લોઢું વેચી ઘણું ઓછું કમાયો અને તેમના એ સાથીઓનો વૈભવ જોઇ પોતાની જાતને નિંદવા લાગ્યોઃ હું કેવો હીનપુણ્ય છું, કેવાં માઠાં લક્ષણવાળો છું, મેં સાથીઓનું કહેવું છેવટસુધી કાને નજ ધર્યું અને એક મારા દુરાગ્રહમાંજ તણાયો. તેમનું કહેવું માન્યું હોત તો આજે હું પણ એમના જેવોજ વૈભવ માણત. હે પએસી! તું પણ તારો દુરાગ્રહ ન છોડીશ, તો એ લોઢાના ભારાવાળા દુરાગ્રહીની પેઠે તારેય પસ્તાવું પડશે અને તેની પેઠે દીનહીન થવું પડશે.

કેશી કુમારનું એ કથન સાંભળી આખરે રાજા પએસીને ભાન આવ્યું અને તેણે કેશી કુમારને વંદન કરીને કહ્યું કે, હે ભંતે! મારે જરાય પસ્તાવું પડે એવું તો હું નહિ કરું. મારો પૂર્વગ્રહ છોડીને આપની પાસે હું કેવળી-ભાષિત ધર્મને સાંભળવાની–સમજવાની ઇચ્છા રાખું છું, માટે હવે મારે પેલા લોઢાવાળાની પેઠે પસ્તાવાનું ક્યાં રહ્યું?

કેશી શ્રમણ બોલ્યાઃ–

હે દેવાનુપ્રિય! સુખ થાય તેમ કર, પણ સારા કામમાં પ્રતિબંધ ન આવવા દે.

રાજાની જિજ્ઞાસાવૃત્તિ જોઇ કેશી શ્રમણે જેમ ચિત્ત સારથિને ધર્મકથા કહી સંભળાવી ગૃહિધર્મ સમજાવ્યો હતો, તેમ રાજા પએસીને પણ તેમણે ધર્મકથા કહી ગૃહિધર્મની સમજણ આપી અને રાજાએ ગૃ[illegible]

આવતી કાલે પ્રભાતનો પહોર થતાંજ મારા બધા પરિવાર સાથે અહીં આવી આપને વંદન નમન કરી મેં કરેલા આ અવિનયની વિનયપૂર્વક વારંવાર માફી માગું.

આમ કહી રાજા પએસી પોતાને સ્થાને પહોંચી ગયો અને સવાર થતાં જ એ રાજા રાજા કોણિકની પેઠે મોટા આડંબર સાથે પાંચ [151]અભિગમપૂર્વક કેશી શ્રમણ પાસે આવ્યો અને તેમને વાંદી નમી પોતાના અવિનય સંબંધી વિશેષ નમ્રતાપૂર્વક ક્ષમા માગી.

કેશી શ્રમણે એ રાજા પએસીને તેની રાણી સૂર્યકાંતાને તથા તેની સાથેની મોટી સભાને ધર્મદેશના કહી સંભળાવી.

૨૪૮ ધર્મદેશના સાંભળી પોતાને સ્થાને જવાની ત્વરાવાળા રાજાને કેશી કુમારે કહ્યું:—

હે પએસી ! વનખંડ, નૃત્યશાળા, શેરડીનો વાઢ અને ખોળનો વાડો પહેલાં પહેલાં તો રમણીય લાગે છે પણ પછી અરમણીય થઇ જાય છે, તેમ તું પહેલાં રમણીય[152] થઈ પછી અરમણીય ન થતો.

પએસી બોલ્યો:—

હે ભંતે ! વનખંડ, નૃત્યશાળા, શેરડીનો વાઢ અને ખોળનો વાડો એ પહેલાં પહેલાં તો રમણીય લાગે છે અને પછી અરમણીય થઈ જાય છે, તે વળી કેમ ?

કેશી બોલ્યા:—

પએસી ! સાંભળ. વનખંડ જ્યાંસુધી પત્તાવાળો ફૂલવાળો ફળવાળો અને ઘટાદાર છાયાવાળો લીલોછમ રહે છે ત્યાંસુધી

રમણીય લાગે છે અને જ્યારે તેનાં પાંદડાં ખરી પડે છે, ફૂલો કરમાઈ જાય છે, ફળો નથી હોતાં, તેમ તે સુકો ખંખ થઈ જાય છે, ત્યારે બીહામણો લાગે છે.

નૃત્યશાળામાં જ્યારે નાચ ચાલતો હોય, ગાણું ગવાતાં હોય, વાજાં વાગતાં હોય અને લોકો હસતા રમતા હોય ત્યારે તે રમણીય લાગે છે અને જ્યારે નાચ બંધ હોય, ગાણાં ન ગવાતાં હોય, વાજાં ન વાગતાં હોય અને તેમાં એક પણ માણસ ન ફરકતું હોય, ત્યારે તે સુનકાર સ્થાન જેવી બીહામણી જણાય છે

શેરડીના વાઢમાં ચિચોડા ચાલતા હોય, શેરડી પીલાતી હોય, લોકો તેનો રસ પીતા હોય, કોઈ તેને લેતા હોય વા દેતા હોય, ત્યારે તે વાઢ ભર્યો ભર્યો-રમણીય લાગે છે, પણ જ્યારે તેમાં ચિચોડા બંધ હોય, શેરડી ન પીલાતી હોય, એક ચકલું ય ન ફરકતું હોય, ત્યારે તે ખાવા ધાય છે-અળખામણો દીસે છે.

ખેળના વાડામાં જ્યારે ઘાણીઓ ચાલતી હોય, તલ પીલાતા હોય, લોકો ભેગા થઈને સાની ખાતા હોય, એક બીજા પરસ્પર સાનીને લેતા દેતા હોય, ત્યારે તે રમણીય જણાય છે, પણ જ્યારે ઘાણીઓ જ બંધ હોય, કોઈની અવરજવર ન હોય, ત્યારે તે અરમણીય ભાસે છે તેમ હે પએસી! તું પહેલા રમણીય થઈને પછી પાછળથી અરમણીય ન થતો

૨૪૯ રાજા પએસી બોલ્યો:—

૨૫૧ જ્યારથી રાજા પએસીનું ધ્યાન રાજ્યકારભાર અને વિષયોપભોગો તરફ ઓછું રહેવા લાગ્યું–ઓસરવા લાગ્યું, ત્યારથી તેની સ્ત્રી રાણી સૂર્યકાંતાને એવો વિચાર થયો કે હવે કોઈ શસ્ત્રપ્રયોગ, અગ્નિપ્રયોગ, મંત્રપ્રયોગ કે વિષપ્રયોગદ્વારા રાજા પએસીને ઠેકાણે કરવો જોઈએ, રાજકુમાર સૂર્યકાંતનો રાજ્યાભિષેક કરવો જોઈએ અને પછી વિવિધ વિષયોપભોગોમાં રત રહેતાં રહેતાં રાજ્યશ્રીને ભોગવતા રહેવું જોઈએ.

તેણીએ આ પોતાનો સંકલ્પ રાજકુમાર સૂર્યકાંતને સૂચવ્યો અને રાજાને મારી નાખી તેને રાજ્યસિંહાસન આપવાનું જણાવ્યું.

રાજકુમાર સૂર્યકાંત પોતાની માતાના તેવા ક્રૂર વિચારમાં સંમત ન થયો અને તે બાબત કશો ઉત્તર ન આપતાં મૌન જ રહ્યો

પોતાના એ વિચારમાં રાજકુમારની અસંમતિ જાણી તેણીને એમ થયું કે રખેને રાજકુમાર તેના આ રહસ્યનો ભેદ ફોડી નાખે અને રાજાને બધું કહી દે

આમ વિચારી તેણી રાજા પએસીને મારવાનો લાગ શોધવા લાગી, તેના છિદ્રો જોવા લાગી અને હવે તેને કોઈ રીતે મારી નાખવાની બાબતમાં સાવધાન રહેવા લાગી.

૨૫૨ કોઈવાર લાગ મળતાં જ તેણીએ રાજા પએસીના ખાનપાનમાં, તેના પહેરવાના વસ્ત્રોમાં, સુંઘવાની ગંધમાળાઓમાં અને તેના આભૂષણમાં [illegible] ઝેર ભેળવ્યું. નાખી પોતે અધિકારમાં કરી લેવા [illegible] રાજ્યશ્રી [illegible]

[illegible]

[illegible]

[illegible] રાજા તો સમજી ગયો કે પોતે રાણીના પ્રપંચથી હણાયો છે, છતાં તેણે રાણી ઉપર રોષ [illegible] ન આણતાં પાછો પૌષધશાળા તરફ જવાનો મનસૂબો કર્યો. ત્યાં જઈ તેણે પૂંજી પ્રમાર્જી તથા શૌચની અને લઘુશંકાની જગ્યાને તપાસી પછી તે પૂર્વાભિમુખ થઈ દાભના સંથારામાં પદ્માસને સ્થિર બેઠો અને હાથ જોડી માથું નમાવી આ પ્રમાણે બોલ્યોઃ

અરહંત ભગવંતોને નમસ્કાર.

મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક કેશી કુમારશ્રમણને નમસ્કાર. અહીં રહી તેમને વંદન કરતા મને ભગવંત કેશી કુમારજી જુઓ, હું તેમને વારંવાર વાંદું છું–નમું છું.

મેં પહેલાં એ મારા ધર્માચાર્ય પાસેથી સ્થૂલ પ્રાણાતિપાત વગેરેના ત્યાગથી પ્રતિજ્ઞાઓ લીધી હતી અને હમણાં પણ તેમની જ સાક્ષીમાં સર્વ પ્રકારના પ્રાણાતિપાત વગેરેના ત્યાગનો નિયમ લઉં છું, ક્રોધ માન માયા અને લોભ વગેરે કષાયો છોડી દઉં છું, નહિ કરવા જેવું બધું કાર્ય તજી દઉં છું અને જીવતાંસુધી ચારે પ્રકારના આહારનો પણ પરિત્યાગ કરું છું.

સ્પષ્ટ એ પુત્રનો ગર્ભમાં આવતાં જ તેનાં માતા-પિતાની ધર્મમાં દૃઢતા થશે.

પૂરા નવ માસ અને સાડા સાત દિવસ જતાં તે બાળકનો ત્યાં જન્મ થશે.

જન્મ થયા પછી પહેલે દિવસે તેનાં માતાપિતા બાળકના જન્મનો ઉત્સવ કરશે, ત્રીજે દિવસે ચંદ્રસૂર્યનાં દર્શન કરશે, છઠ્ઠે દિવસે ધર્મજાગરણ જગવશે, એમ અગ્યાર દિવસ વીતી જતાં અને બારમો દિવસ આવતાં બાળકના જન્મનું સૂતક કાઢી નાખશે અર્થાત્ તેનાં માતા-પિતા ચોકખાં થશે, પછી બધે લીંપણુંગુંપણુ કરી ભોજનની વિપુલ સામગ્રી તૈયાર કરાવશે અને પોતાનાં સગાં સંબંધી મિત્ર જ્ઞાતિજન સ્વજન પરિજન વગેરેને આમંત્રી ન્હાઈ ધોઈ બલિકર્મ કરી બધાં સાથે બેસીને ભોજનમંડપમાં ભોજન કરશે.

પછી તે પુત્રનાં માતાપિતા, વસ્ત્ર ગંધ માલા અને અલંકારવડે આમંત્રિત જનોનો સત્કાર કરશે, સન્માન કરશે અને તેઓની સમક્ષ એમ કહેશે કે આ બાળક તેની માતાની કુક્ષિમાં આવ્યો ત્યારથી અમે ધર્મમાં દૃઢ પ્રતિજ્ઞાવાળાં થયાં છીએ, માટે અમે તેનું 'દૃઢપ્રતિજ્ઞ' એવું યથાર્થ નામ પાડીશું.

એ પ્રકારે નામસંસ્કાર થયા બાદ સમય આવતાં બાળકનાં માતાપિતા તેના પ્રજેમનક પ્રતિવર્ધાપનક પ્રચંક્રમણ કર્ણવેધ સંવત્સરપ્રતિલેખ અને ચૂલોપનયન વગેરે બધા સંસ્કારો કરશે.

૨૫૬ એ પુત્રપણે ગર્ભમાં આવતાં જ તેનાં માતાપિતાની ધર્મમાં દૃઢતા થશે.

પૂરા નવ માસ અને સાડા સાત દિવસ જતાં તે બાળકનો ત્યાં જન્મ થશે.

જન્મ થયા પછી પહેલે દિવસે તેનાં માતાપિતા બાળકના જન્મનો ઉત્સવ કરશે, ત્રીજે દિવસે [૧૫૬]સૂર્યચંદ્રનાં દર્શન કરશે, છઠ્ઠે દિવસે ધર્મજાગરણ ઊજવશે, એમ અગ્યાર દિવસ વીતી જતાં અને બારમો દિવસ આવતાં બાળકના જન્મનું સૂતક કાઢી નાખશે અર્થાત્ તેનાં માતાપિતા ચોકખાં થશે, પછી બધે લીંપણગુંપણ કરી ભોજનની વિપુલ સામગ્રી તૈયાર કરાવશે અને પોતાનાં સગાં સંબંધી મિત્ર જ્ઞાતિજન સ્વજન પરિજન વગેરેને આમંત્રી ન્હાઈ ધોઈ બલિકર્મ કરી બધાં સાથે બેસીને ભોજનમંડપમાં ભોજન કરશે.

પછી તે પુત્રનાં માતાપિતા, વસ્ત્ર ગંધ માલા અને અલંકારવડે આમંત્રિત જનોનો સત્કાર કરશે, સન્માન કરશે અને તેઓની સમક્ષ એમ કહેશે કે આ બાળક તેની માતાની કુક્ષિમાં આવ્યો ત્યારથી અમે ધર્મમાં દૃઢ પ્રતિજ્ઞાવાળાં થયાં છીએ, માટે અમે તેનું 'દૃઢપ્રતિજ્ઞ' એવું યથાર્થ નામ પાડીશું.

એ પ્રકારે નામસંસ્કાર થયા બાદ સમય આવતાં બાળકનાં માતાપિતા તેના પ્રજેમનક પ્રતિવર્ધાપનક પ્રચંક્રમણ કર્ણવેધ સંવત્સરપ્રતિલેખ અને ચૂલોપનયન વગેરે બધા સંસ્કારો કરશે.

...તેઓ પોતાના પુત્રના લાલનપાલન માટે પાંચ ધાત્રીઓની યોજના કરશેઃ એક બાળકને ધવરાવનારી, બીજી ન્હવરાવનારી, ત્રીજી શણગારનારી, ચોથી ખોળામાં લઇ ફરનારી અને પાંચમી રમાડનારી.

એ ઉપરાંત ત્યાં ઘરકામ માટે રોકવામાં આવેલી, પોતપોતાના દેશનો પોષાક પહેરનારી, ઇંગિત ચિંતિત અને પ્રાર્થિતને સમજનારી, એવી દેશવિદેશની બીજી પણ અનેક કુશળ દાસીઓ[૧૫૭] દ્વારા અને અંતઃપુરના રક્ષણ માટે યોજાએલા વર્ષધરો[૧૫૮] કંચુકીઓ તથા મહત્તરો દ્વારા એ બાળકનું ઘણી સારી રીતે લાલનપાલન થશે; કોઈ તે બાળકને હાથોહાથ ફેરવશે, કોઇ તેની પાસે નાચશે, કોઈ તેનાં ગીત ગાશે, કોઈ તેને બચી લેશે, એ પ્રકારે અનેક રીતે લાલિત પાલિત થતો તે બાળક ચંપાના છોડની જેમ સુખે સુખે દિનદિન વૃદ્ધિ પામશે.

૨૫૭ પુત્રને નવમું વરસ બેસતાં તેનાં માતાપિતા, ન્હવરાવી બલિકર્મ કરાવી સારી રીતે શણગારી શુભ મુહૂર્તમાં મોટા ઉત્સવ સાથે કલાચાર્ય પાસે કલાઓ શીખવા મોકલશે.

કલાચાર્ય બહોંતેર કળાઓને[૧૫૯] પ્રયોગ સાથે શીખવાડી માતાપિતા પાસે તે પુત્રનું ઉપનયન કરશે.

દ્દઢપ્રતિજ્ઞનો કલાઓ સંબંધી અભ્યાસ જોઇ માતાપિતા કલાચાર્ય ઉપર ખુશ થશે અને વિશિષ્ટ ખાનપાન વસ્ત્ર ગંધ માલા અલંકારોવડે કલાચાર્યનો સત્કાર કરશે તથા જીવનપર્યંત ચાલે તેવું વિપુલ પ્રીતિદાન દઇ તેમને વિસર્જિત કરશે.

બહોતેર કલાનિપુણ, અઢાર [૧૧૦]દેશીભાષાવિશારદ, ગીતનૃત્યરસિક, નાટ્યકળાકોવિદ, એવો દ્રઢપ્રતિજ્ઞ યૌવનમાં આવતાં તેનાં માતાપિતા તેને ભોગસમર્થ જાણી એમ કહેશે કે, હે ચિરંજીવ! તું જુવાન થયો છે માટે હવે તું કામભોગોની આ વિપુલ સામગ્રીને ભોગવ.

દ્રઢપ્રતિજ્ઞ પોતાનાં માતાપિતાને વિનયપૂર્વક જવાબ વાળશે કે, હે માતાપિતા! ભોગોની એ સામગ્રીઓમાં મને જરાય રસ નથી. અર્થાત્ તે એ ભોગસામગ્રીથી લલચાશે નહિ, બંધાશે નહિ, તેમ તેમાં લેશ પણ આસક્તિ રાખશે નહિ.

જેમ કમળ પંકમાં પેદા થાય છે અને પાણીથી વધે છે, છતાં પંક કે પાણીથી લેપાતું નથી, તેમ કામોમાં પેદા થયેલ અને ભોગોમાં વધેલ એ દ્રઢપ્રતિજ્ઞ તે કામભોગોથી જરા પણ લેપાશે નહિ.

[illegible]

[illegible]

[illegible]

'પં૦ ન્યાસ' ની પદવી સુપ્રસિદ્ધ છે. તેમાંનો 'પં૦' 'પંડિત'નું ટૂંકું રૂપ છે અને 'ન્યાસ' શબ્દ 'સ્થાપન'ના ભાવનો દ્યોતક છે. આ ભાવ ન સમજી શકવાને લીધે 'પં૦ ન્યાસ'ના પ્રાકૃત રૂપાંતર 'પં૦ નાસ' માંથી 'પન્નાંશ'ની મિથ્યા કલ્પના ઊઠી જણાય છે.

ભોંય-સંસ્કારેલી

૨ આપણો દેશ ખેતીપ્રધાન છે, ખેતી અને પશુઓ જ આપણી અહિંસક સંસ્કૃતિનું પ્રધાન ધન છે. પ્રાચીન સમયમાં જેમ બીજા બીજા વિષયોનાં શાસ્ત્રો હતાં તેમ કૃષિવિદ્યાને લગતાં પણ હતાં. એમાં ખેતીની સાથે સીધો સંબંધ ધરાવનારા–ભૂમિપરીક્ષા, ભૂમિને કેળવવાની પદ્ધતિ, પાણીકળાની વિદ્યા, બીજરક્ષણવિધિ, વૃક્ષોના રોગો અને તેનાં ઔષધો વગેરે–અનેક વિષયોની સ્ફુટ ચર્ચા રહેતી. માટે જ મૂળ સૂત્રકાર જણાવે છે કે 'પ્રાજ્ઞલોકો ભૂમિને સંસ્કારતા–કેળવતા,' આજનો ખેડુત મૂઢ ગણાય છે તેમ તે સમયનો ખેડુત મૂઢ નહિ પણ 'પ્રાજ્ઞ' લેખાતો, એ જ, મૂળ સૂત્રનો ઉક્ત ઉલ્લેખ સૂચવે છે.

કૂકડા અને સાંઢા

૩ વ્યાકરણ મહાભાષ્યમાં ગામડાંઓની પરસ્પરની નિકટતાને સૂચવવા ગ્રામોના વિશેષણરૂપે 'कुक्कुटसंपात्याः ग्रामाः' ઉદાહરણ મૂકેલું છે. ઉપર્યુક્ત વર્ણન ઉપરથી ચોક્કસ જણાય છે કે તે વખતનાં ગામો ખરેખર કુક્કુટસંપાત્ય જ હતાં. 'કુક્કુટસંપાત્ય' એટલે 'કૂકડો પહોંચી શકે તેવું ગામ;' અર્થાત્ એક ગામનો કૂકડો ચાલતો ચાલતો બીજે ગામ પહોંચી શકે તેટલું નજીકનું ગામ. ભીલોના પ્રદેશમાં અને મગધમાં કુક્કુટસંપાત્ય ગ્રામો નજરે જોએલાં છે.

પણ્યતરુણી

૪ સૂત્રનો 'પણ્યતરુણી' શબ્દ વાંચીને કોઈ ભડકી ન જાય. પણ્યતરુણીની એ સમયની સંસ્થા સમાજમાં આદરપાત્ર હતી. વાત્સ્યાયન પોતાના કામસૂત્રમાં જણાવે છે કે–"શીલ અને રૂપના

ગુણોથી યુક્ત એવી વેશ્યા જનસમાજમાં આસન મેળવે છે, રાજા તેને પૂજે છે અને ગુણવંત જનો પ્રશંસે છે, કલાના વિદ્યાર્થિઓ કળા મેળવવા તેને પ્રાર્થે છે અને તેનો આદર કરે છે." આજકાલ આ સંસ્થા વિશેષ વિકૃત થએલી દેખાય છે પણ તે વખતે પ્રાયઃ તેવું નહિ હોય એમ આ વર્ણનથી માની શકાય.

કોઈ નહિ લાંચિયો

૫ આ તો માત્ર વર્ણના છે. કોઈ સજ્જન કે નિર્ગુણનું વર્ણન કરતા માત્ર તેની ઉજળી બાજુનું જ વર્ણન કરવાનો પ્રઘાત, કવિઓમાં આદિકવિ વાલ્મીકિથી ચાલ્યો આવે છે અને તેને લીધે તેઓ દરેક સ્થળે કેવળ ઉજળું ઉજળું જ બધુ વર્ણવે છે. માનવસ્વભાવ જોતાં પણ આવું બનવું અસંભવિત જેવું જણાય છે. છતા નગરીના આ વર્ણન ઉપરથી 'એમા રહેનારા એકંદર સારા હતા' એમ તો કલ્પી શકાય.

અનેકકોટિ

૬ મૂળમા આ માટે 'અણેગકોડિ'—શબ્દ છે ટીકાકાર મલયગિરિ, તેનો અર્થ કરતા લખે છે કે "અનેકકોટિમિઃ અનેકકોટિ-ઇત્યાદિ" અર્થાત્ અનેકકોટિ એટલે અનેકક્રોડ સંખ્યા. પણ આ અર્થ અહીં ઘટમાન નથી માટે જ 'અનેક કોટિ' નો 'અનેક પ્રકાર' એવો અર્થ કર્યો છે. 'કોટિ' શબ્દનો 'પ્રકાર' અર્થ જૈન આગમોમા સુપ્રતીત છે.

લંખો

૭ આ અર્થ માટે મૂળમા 'લંખ' શબ્દ છે. જે લોકો ચોપડિયા વગાડે છે તેને 'લખા' કહેવામા આવે છે. મૂળનો 'લખ' અને આ 'લખા' બન્ને સમાન શબ્દો છે એટલે 'લંખ' નો મૂળ અર્થ 'ચોપડિયા વગાડનારો' કદાચ હોય શકે.

ખાત

૮ શહેરની ફરતી ખાઇ હોય છે તેમ ખાઈની ફરતું બહારના ભાગમાં એક 'ખાત' પણ હોય છે, એમાં અંગારા કે ચીણો ભરવામાં આવતો. ચીણો એટલો બધો લીસો હોય છે કે તેના ઉપર પગ મૂકતાં જ માણસ તળિયે ઊતરી જાય છે. એ રીતે 'ખાત' શહેરની રક્ષાનું એક સાધન હતું.

શસ્ત્રો

૯ કેટલાંક પ્રાચીન શસ્ત્રોનાં નામ, આચાર્ય હેમચંદ્ર આ પ્રમાણે જણાવે છેઃ "ચંદ્રહાસ છુરી પત્રપાલ દંડ ઈલી ભિંદિપાલ કુંત દુઘણ કુઠાર પરિઘ તોમર શંકુ ત્રિશીર્ષક શક્તિ પટ્ટિસ દુઃસ્ફોટ ચક્ર શતઘ્ની મહાશિલા મુષુંઢી ચિરિકા વરાહકર્ણક આરાફલ કણય વગેરે" આ બધાંની વધારે વીગત માટે જુઓ—અભિધાનચિંતામણિ કાંડ ૩ શ્લો૦ ૪૪૬—૪૫૧

માર્ગ

૧૦ આ માર્ગનું ખાસ નામ મૂળમાં 'ચરિઆ' છે. ભાષામાં એને જ મળતો 'ચર' શબ્દ જાણીતો છે. ટીકાકાર કહે છે કે "चरिका अष्टहस्तप्रमाणो मार्गः"

સિંગોડા જેવા

૧૧ નગરીના વિવિધ માર્ગોને સૂચવવા મૂળમાં 'સિંઘાડગ' 'તિગ' 'ચઉક્ક' અને 'ચચ્ચર' શબ્દો આવેલા છે. તે તે માર્ગોના આકારો ઉપરથી તેમનાં એવાં જુદાં જુદાં નામો પડેલાં છે. જે માર્ગનો આકાર શિંગોડા જેવો તે 'સિંઘાડગ' બાકીના શબ્દો પ્રતીત છે. 'ચોક' અને 'ચાચર' શબ્દો તો ભાષામાં પણ પ્રચલિત છે.

સૌંદર્યવાળી

૧૨ ઔપપાતિક-ઉવવાઈ-માં 'ચંપા' નગરીનું વર્ણન

તે (ચૈત્ય) શબ્દ, એમનો પણ દ્યોતક થયો. શ્મશાનમાં કે એવી બીજી નિર્જન ભૂમિમાં બંધાએલા ચોતરા વગેરે સ્થળે ભૂતોનો વાસો હોય છે એવો લોકપ્રવાદ છે, એથી 'ચૈત્ય' નો એક બીજો અર્થ 'ભૂતોનું રહેઠાણ'–'વ્યંતરાયતન' પણ પ્રચલિત થયો. જૈનસૂત્રોમાં તેનો આ બીજો અર્થ પણ પ્રચલિત છે. પછી તો કાળક્રમે એ યૌગિક શબ્દ રૂઢ થતો ગયો અને ટીકાકારોએ પણ તેનો વ્યુત્પત્ત્યર્થ જતો કરી રૂઢ અર્થ જ સ્વીકાર્યો. અમરકોશમાં તેનો અર્થ 'આયતન' એટલે 'યજ્ઞશાળા' આપેલો છે. સૂત્રોક્ત પૂર્ણભદ્રાદિ ચૈત્યોનું વર્ણન જોતાં 'ચૈત્ય' નો 'યજ્ઞશાળા' અર્થ પણ અસંગત નથી. આચાર્ય હેમચંદ્ર તો તેનો 'વિહાર' અને 'વિશેષ વૃક્ષ' અર્થ આપે છે. પછી તો 'ચૈત્ય' ના અર્થો વધતા જ ચાલ્યા. 'ચિત્–જાણવું' ધાતુ ઉપરથી 'ચૈત્ય' ને નીપજાવી તેનો 'જ્ઞાન' અર્થ પણ કરવામાં આવે છે. વ્યાકરણની શુદ્ધ દૃષ્ટિએ જોતાં 'ચિત્' ધાતુ ઉપરથી 'ચૈત્ય' ન થાય પણ 'ચેત્ય' થાય અને એ 'ચેત્ય' નું પ્રાકૃત રૂપાંતર 'ચેઇય' ન બની શકે જે સૂત્રસાહિત્યમાં વપરાએલું છે. જુઓ–૮–૨–૧૦૭ પ્રાકૃતવ્યાકરણ. 'ચિત્ત' શબ્દ ઉપરથી 'ચૈત્ય' ને નીપજાવવાની પદ્ધતિ પણ બરાબર નથી.

લોમહસ્ત

૧૫ અહીં જણાવેલો ચૈત્યનો વર્ણક, ઔપપાતિક સૂત્રથી લીધેલો છે. તેમાં 'લોમહસ્ત' નો અર્થ 'લોમમય પ્રમાર્જન'–'રૂંવાટાની પુંજણી'–આપેલો છે; એ અર્થમાં 'મોરપીંછી' નો પણ ભાવ સમાઈ જાય છે.

તુરુક્ક

૧૬ સૂત્રોમાં જ્યાં ત્યાં ધૂપનાં નામ તરીકે 'કાળો અગરુ' 'કાળો કિંદરુ' (કુંદુ) અને 'તુરુક્ક'–'તુરુક્ક'નાં નામ આવેલાં છે. 'તુરુક્ક' શબ્દ 'તુર્કસ્તાન' સૂચક છે એટલે જ તુર્કસ્તાનમાં નીપજતા

ધૂપ માટે પણ એ જ શબ્દનો ઉપયોગ મૂળકાર કરે છે. જ્યાં સ્વર્ગીય ધૂપોનું વર્ણન આવે છે ત્યાં પણ આ 'તુરુક્ક' તો ખરોજ. આ રીતે આપણો અને આપણા દેવોનો તુર્કસ્તાન સાથેનો સંબંધ કેટલો પ્રાચીન છે તે સમજી શકાય એમ છે. તુરુષ્ક–તુરુક્ક–તરક. "તુરુષ્કો યવનદેશજ:" ૩ કાંડ, શ્લોક ૩૧૨. "તુરુષ્કાસ્તુ પારસ: સ્યુ: " ૪ કાંડ, શ્લોક ૨૫–અભિધાનચિંતામણિ–હેમચંદ્ર.

મુસલમાન બાદશાહો 'શાહિ'–'શાહ' તરીકે બહુ પ્રસિદ્ધ છે. આચાર્ય હેમચંદ્રે એ 'શાહ' શબ્દનું સંસ્કૃત 'સાખિ' બનાવ્યું છે અને તેની સંસ્કૃત વ્યુત્પત્તિ પણ આપેલી છે. ફારસી શબ્દોને વિના સંકોચે સંસ્કૃતમાં ઊતારવાની પ્રથા શિષ્ટ લોકોમાં આજથી કેટલાય વર્ષો પૂર્વે પણ પ્રચલિત હતી એમ આ ઉપરથી સમજી શકાય એવું છે.

ચૈત્યમાં નટો

૧૭ ચૈત્યનું આ વર્ણન જોતાં, તે ભારે ગમ્મતનું સ્થાન પણ હોય એમ લાગે છે. કેટલીક કથાઓમાં ચૈત્યને 'જુગારીઓનો અખાડો' 'યુવાન યુવતીઓના મીલનનું સ્થાન' 'અભિસારકાઓનું સંકેતસ્થાન' એ રીતે વર્ણવેલું છે, તે ઉપર્યુક્ત વર્ણન જોતાં બંધ બેસે એવું છે. આજકાલના ભારતવર્ષમાં આવેલા–સર્વ સંપ્રદાયના તીર્થો પણ આવી જ હાલતમાં છે. એ શું તે ચૈત્યપરંપરાની અસર હશે !

પૂજા કરવા

૧૮ ચૈત્ય, ઉક્ત રીતે મોજશોખનું સ્થાન હતું છતાં ત્યાં પૂજાઆહુતિ વગેરે માટે ઘણા લોકો આવતા એમ આ વર્ણન સૂચવે છે. ચૈત્યમાં પુજારી લોકો રહે અને ધર્મવિધિઓ પણ ચાલે એ પરિસ્થિતિથી, તે સમયના આપણા લોકોની મનોદશા ઠીક ઠીક વ્યક્ત થઇ શકે એમ છે.

વૃક્ષો

૧૯ અહીં જે વૃક્ષો ગણાવેલાં છે તેમાંનાં કેટલાંકનો અર્થ જ અવગત થતો નથી. ટીકાકાર અને ટબાકાર બન્ને એ બાબત મૌન રાખે છે. કોશકારો 'વૃક્ષવિશેષ' સિવાય બીજો અર્થ આપી શકતા નથી, માટે જ જેમનાં તેમ મૂળ નામો કાયમ રાખેલાં છે.

તરુઓની

૨૦ વૃક્ષોને લગતું આ બધું વર્ણન વાંચતાં તે સમયના વૃક્ષ-પ્રેમીઓનો વૃક્ષો પ્રતિ પોતાના સંતાન જેવો પ્રેમ સહેજે જાણી શકાય એમ છે. જે લોકોમાં વૃક્ષની સાચવણી, વૃક્ષોને ઉગાડવાની પદ્ધતિનું જ્ઞાન અને વૃક્ષો પ્રતિ કાળજી ન હોય તેઓ આવાં વૃક્ષો ન ઉગાડી શકે. આજકાલ આવા વૃક્ષપ્રેમીઓના અભાવને લીધે જ દેશ સૂકો થવા લાગ્યો છે એ ખોટી વાત નથી.

ગંધઘ્રાણિ

૨૧ 'ગંધઘ્રાણિ' શબ્દ ગંધની તૃપ્તિનો સૂચક છે. અશોકવૃક્ષની આસપાસનો વૃક્ષકુંજ એટલો બધો મહેકતો એટલે કે જે જે જાતના સુગંધો સંભવી શકે છે તે બધાય તેમાંથી ફોરતા અને તે વડે લોકોની નાસા તૃપ્ત તૃપ્ત અને તર થઈ જતી માટે એ વૃક્ષકુંજ 'ગંધઘ્રાણિ' કહેવાતો. સંસ્કૃતમાં 'ઘ્રૈ' ધાતુ તૃપ્તિ અર્થને બતાવે છે. 'ગંધઘ્રાણિ'નો 'ઘ્રાણિ' શબ્દ એ 'ઘ્રૈ' ધાતુથી બનેલો છે અને ભાષામાં બોલાતું 'ધરાવું' ક્રિયાપદ એ 'ઘ્રૈ'માંથી નીકળ્યું છે. 'રાયપ-સેણઇય'ની મુદ્રિત ટીકામાં 'ગન્ધઘ્રાણિ'ને બદલે 'ગન્ધપ્રાણિ' એવું બે ત્રણ વાર છપાયેલું છે જે તદ્દન અશુદ્ધ છે.

આંબાવેલ

૨૨ આ માટે મૂળમાં 'અપ્પલયા' શબ્દ છે. ન્યાયના ગ્રંથોમાં કેટલેક સ્થળે ઉદાહરણ માટે 'આમલતા' કે 'આમ્રલતા' શબ્દનો ઉપયોગ થયેલો છે તેનો અર્થ 'આંબાવેલ' છે. ઉંબરા [illegible]

જેવા મોટા મોટા આંબા તો સૌની જાણમાં છે પણ 'આબાવેલ'ને
ટલાક નહિ જાણતા હોય. ખેતીવાડીના પ્રદર્શનમાં ઘણા પ્રકારના
કાવ્યા આવેલા, તેમાં એક 'વેલિયો આંબો' પણ નજરે જોએલો.
ા આંબો પાતળો સોટી જેવો હોય અને જેમ બીજી વેલો ચડે છે
ય તેની વેલ ચડે અને કેરીઓ પણ થાય.

કા માર્ગો

૨૩ વનરાઇના ઉક્ત વર્ણનથી એમ સમજી શકાય છે કે
ાણે ત્યાંની નગરરચનાની વિદ્યા ઘણા ઉંચા પ્રકારની હતી. ઘણા
પ્રાચીન સમયમા પણ પૂથે અને પાકા માર્ગો વગેરે સુખસાધનો
લોકોના ધ્યાન બહાર ન હતા.

આઠ મંગલો

૨૪ સ્વસ્તિક શ્રીવત્સ નંદ્યાવર્ત વર્ધમાનક ભદ્રાસન કલશ
ાત્સ્યયુગલ અને દર્પણ એ આઠ મંગલરૂપ છે. આ સૂત્રમા ઘણે
સ્થળે આ આઠ મંગળોને મંગળ તરીકે સૂચવેલા છે. સ્વર્ગમા દેવોની
ચારીમા પણ આ જ આઠ મંગળ સર્વ પ્રથમ ચાલે છે જે નિર્ગ્રંથ
કો દ્રવ્ય મંગળ ઉપર ઓછો ભાર આપે છે તેઓ જ આ આઠ
ોને મગળ તરીકે જણાવે છે તેનું કારણ સમજાતું નથી. મંદિરમાં
જિનમૂર્તિ હોય છે ત્યા પણ આ આઠ મંગલની પાટલી પૂજાય
છ તે મહદાશ્ચર્યનો વિષય છે. બીજું તો ઠીક પણ 'મત્સ્યના યુગલ'ને
મગલ કહેવાનું શું કારણ હશે ! અથવા એ આઠ મગળોની પાછળ
કોઇ પ્રકારનો વિશેષ ઇતિહાસ છુપાએલો હશે !
ખોએલા હતા

૨૫ જુના સમયમા લોકો 'અશોકવૃક્ષ'ને પૂજતા હશે, એ
અશોકના આ જાતના વર્ણન ઉપરથી જણાય છે. હાલમા પણ
પીંપળા વગેરેના વૃક્ષો ઉપર લોકો ...

[illegible]

[illegible]

[illegible]

[illegible]

સૂચવવામાં આવી છે. એથી 'રાજા તરીકે જમીનની આવકરૂપે તેમને જે યોગ્ય મળવું જોઇએ તે તો મળતું જ હશે અને તે ઉપરાંત અર્થ-લાભના ઉપાયોને તેઓ યોજતા હશે' એવો આ વિશેષણનો ધ્વનિ નીકળી શકે. પણ આજના રાજાઓ, અર્થલાભના ઉપાયો કરતાં પ્રજાને ભારે રંજાડે છે તેમ એ પ્રાચીન રાજાઓ કરતા હશે કે કેમ ? એ એક પ્રશ્ન છે. ઉત્તરાધ્યયન સૂત્રના ખલુંકિજ્જ નામના સત્યાવીશમા અધ્યયનની ગાથા તેરમીમાં 'રાયવેટ્ઠિ' શબ્દ 'રાજાની વેઠ' અર્થમાં વપરાયો છે તેથી જૂના વખતમાં 'વેઠ' હતી એમ તો કહી શકાય અને અર્થલાભ સાથે 'વેઠ' નો ગાઢ સંબંધ છે એ તો જાણીતું છે.

એંઠવાડમાં ઘણું ખાવાનું ચાલ્યું જાય એને સંપત્તિની નિશાની રૂપે વર્ણવેલું છે, પણ એ સંપત્તિની નિશાની કરતાં બેદરકારીનું વધુ નિશાન છે એમ લાગ્યા વિના રહેતું નથી. ચારસેં વર્ષ પૂર્વે લખેલી એક પ્રાચીન પ્રતિમાં " तथा विच्छर्दितम्–तथाविधविशिष्टोपकारकारितया विसृष्टम् उकुरिटकादिषु प्रचुरं भक्तपानम् " ઇત્યાદિ પાઠ છે. તેનો અર્થ એમ થાય છે કે–" જે રાજાના રાજ્યમાં વિશિષ્ટ ઉપકાર કરવાને કારણે પ્રચુર ખાનપાન ઉકરડા વગેરેમાં ફેંકાય છે." આ ઉપરથી 'જેના એંઠવાડમાં અધિક ખાવાનું ફેંકાય તે વિશેષ ઉપકારી છે' એવું ટીકાકારનું કથન નીકળે છે. પરંતુ અહિંસાની દૃષ્ટિએ વિચારીએ તો આ પદ્ધતિ પ્રશંસનીય નજ ગણાય. કદાચ ખરેખર એવું બનતું જ હોય તોપણ રાજાની વર્ણનામાં તેનું આ જાતનું વર્ણન અહિંસાની દૃષ્ટિએ ન શોભે. એંઠવાડદ્વારા ઉપકાર કરવા કરતાં ચોકખા ભોજનદ્વારા ઉપકાર કરવાની પદ્ધતિને જ જૈન દૃષ્ટિ સ્વીકારે છે અને વિવેકીને તો એમ જ શોભે. એંઠવાડથી તો ઉપકારને બદલે અપકાર જ થાય અને માનવબંધુઓ તથા અન્ય પ્રાણીઓ પ્રતિનો આપણો પ્રેમ–સમભાવ પણ ન જળવાય અને ગંદવાડ થઇ રોગચાળો વધે એ તો જુદું જ.

પ્રભુ

૩૧ રાજાની પાસે અનેક ખજાના પેટીઓ વગેરે હોવાનું જણાવીને તેની સંપત્તિ વર્ણવી છે. દેશની દૃષ્ટિએ જોતાં રાજાની ખરી સંપત્તિ પણ તે જ છે. જ્યારથી રાજાઓએ એ સંપત્તિ તરફ દુર્લક્ષ કર્યું ત્યારથી તેમની પોતાની અને દેશની અધોગતિ શરુ થઈ.

લક્ષણો-વ્યંજનો-ગુણો

૩૨ હાથ પગમાં સાથિયો ચક્ર વગેરેના જેવી રેખાઓ હોવી તે સુલક્ષણો કહેવાય. શરીર ઉપર શુભસૂચક મસા કે તલ વગેરે હોવાં તે વ્યંજનો અને સૌભાગ્ય લાવણ્ય વગેરેને ગુણો સમજવા.

આપસર

૩૩ પાણીથી છલકાતા ભરેલા કુંડમાં પુરુષ કે સ્ત્રીના પડવાથી જે પાણી છલકાઇને બહાર નીકળે તેનું વજન દોણ જેટલું હોય તો તે પડનાર સ્ત્રી કે પુરુષ માપસર કહેવાય.

પોતાના આંગળથી એકસો ને આઠ આંગળ ઊંચાઇ હોય તો તે યોગ્ય ઊંચાઈ કહેવાય.

પાતળી કડ

૩૪ સ્ત્રીઓની કડ મૂઠીમાં આવી જાય એવી પાતળી હોય તો તે અધિક પ્રશસ્ત ગણાય છે. જન્મતાં તો પુરુષની જેમ સ્ત્રીની કડમાં પાતળાપણું ઓછું હોય છે પણ પછીથી યુરોપની સ્ત્રીઓ પોતાની કડને પાતળી કરવાના ઉપચારો કરે છે તેમ જૂના વખતમાં કડને પાતળી કરવાના એવા ઉપચારો ચાલતા હશે ખરા.

કામ-ભોગોને

૩૫ જૈન પરિભાષા પ્રમાણે શબ્દ અને રૂપ એ બે કામમાં ગણાય છે; ગંધ, રસ, અને સ્પર્શ ભોગમાં ગણાય છે. ભોગો સ્થૂલ

જણાય છે, ત્યારે કામો ભોગો કરતાં વિશેષ સૂક્ષ્મ લાગે છે. એ દૃષ્ટિએ આ વિભાગ થયો જણાય છે.

મહાવીર

૩૬ જૈન ધર્મના ચોવીશ તીર્થંકરોમાંના છેલ્લા તીર્થંકર. તેમના પિતાનું નામ સિદ્ધાર્થ, માતાનું નામ ત્રિશલા, ભાઇનું નામ નંદિવર્ધન, પત્નીનું નામ યશોદા, પુત્રીનું નામ અનવદ્યાંગી, અને જમાઈનું નામ જમાલી હતું. જમાલી મહાવીરની બેન પ્રિયદર્શનાનો પુત્ર હતો. મહાવીરના માતાપિતા પાર્શ્વનાથના શ્રમણોપાસક હતાં, તેમના પિતા જ્ઞાત કુળના ક્ષત્રિય હતા. (આવસ્યકચૂર્ણીમાં ઋષભદેવના જ પોતાના લોકોને જ્ઞાતો તરીકે જણાવેલા છે. તેઓનું કુળ તે જ્ઞાત કુળ અને તેઓનો વંશ તે જ્ઞાત વંશ.) મહાવીરનો જન્મ વૈશાલીમાં (અત્યારનું બસાર પટણાથી ૨૭ માઇલ ઉત્તરે) ક્ષત્રિયકુંડમાં થયો હતો. તેમનાં માતાપિતાએ તેમનું નામ વર્ધમાન રાખ્યું હતું. તે ત્રીશ વર્ષના થતાં તેમનાં માતાપિતા મૃત્યુ પામ્યાં. ત્યારબાદ મોટા ભાઇની રજા લઈ તેમણે પ્રવ્રજ્યા લીધી, અને બાર વર્ષ તપશ્ચર્યા અને ધ્યાનમાં ગાળ્યા બાદ સ્થિતપ્રજ્ઞપણું પ્રાપ્ત કર્યું. ત્યારપછી તેઓ ત્રીશ વર્ષ સુધી ઉપદેશ આપતાં જીવ્યા, અને બહોંતેર વર્ષની ઉમરે ઇ. સ. પૂર્વે ચારસો એંસીની આસપાસમાં તેઓ પાવાપુરીમાં નિર્વાણ પામ્યા. શ્વેતાંબરો તેમજ દિગમ્બરો બન્નેને મહાવીર સ્વામી તીર્થંકર તરીકે સરખાજ માન્ય હોવા છતાં તેમના જન્મની અને વિવાહની હકીકત તથા સમયાદિ વિષે બન્નેમાં મતભેદ છે.

તેમનાં બીજાં નામ આ પ્રમાણે છેઃ—વીર, ચરમતીર્થંકૃત, દેવાર્ય, જ્ઞાતનંદન, વૈશાલિક, સન્મતિ, મહતીવીર, ગોત્રકાશ્યપ, નાથાન્વય (જ્ઞાતાન્વય); બૌદ્ધ ગ્રંથોમાં તેઓ દીર્ઘતપસ્વી નિગ્રંથ નાતપુત્ત તરીકે પ્રસિદ્ધ છે.

રહેલી માલૂમ પડે છે. આ પરંપરાને અનુસરીને બીજા બધા સામાન્ય લોકો પણ પૂર્વ દિશાને મહત્ત્વ આપે છે. જૈન દૃષ્ટિએ તો કોઈ દિશાને ખાસ કશું મહત્ત્વ હોય એવું જણાતું નથી. ભગવાન મહાવીરના સમયમાં એક એવો સંપ્રદાય હતો કે જે દિશાઓની પૂજાઓમાં માનતો. જૈન સૂત્રોમાં એ સંપ્રદાયનું નામ 'દિસાપોક્ખી' જણાવેલું છે. ભગવાને દિશાઓની આ જડપૂજાના પ્રચારને રોકવા માટે અને દિશાના માહાત્મ્યની નિષ્પ્રયોજનતા બતાવવા માટે ભગવતી સૂત્રમાં દિશાઓને જીવાજીવાત્મક કહીને વર્ણવેલી છે. દિશાઓ માત્ર આકાશરૂપ હોઇ જીવાજીવરૂપ સમસ્ત પદાર્થના આધારરૂપ છે એ વાત ખરી છે, પણ એટલા માત્રથી તેની જડપૂજા કરવી જરાય ઉપયોગી નથી.

પર્યંકાસન

૩૯ પર્યંકાસનનો અર્થ પદ્માસન કરેલો છે, પણ તેનો શબ્દાર્થ જોતાં તેનો અર્થ પલંગ જેવું આસન થાય છે. ચત્તા સૂઇને બે હાથ અને બે પગ જમીન ઉપર ટેકવી બાકીનો શરીરનો બધો ભાગ તેને આધારે અદ્ધર રાખવો. એ પર્યંકાસનની પદ્ધતિ છે. સંભવ છે કે કદાચ ભગવાન આવું આસન કરતા હોય; અથવા 'પર્યંક' નો એક બીજો અર્થ 'પલોંઠી' પણ થાય છે તે રીતે જોતાં ભગવાન પલોંઠી વાળીને બેસતા હોય, પણ ટીકાકાર તો તેનો પદ્માસન અર્થ કરે છે: " 'संपलियंकनिसन्ने'त्ति पद्मासने निषण्णः " ઔપપાતિક પૃ૦ ૨૬

દીપસમાન

૪૦ ભગવાનનો પરિચય આપતા સ્તુતિરૂપ વર્ણકમાં ભગવાનને દીપસમાન, ત્રાણરૂપ, શરણરૂપ, આશ્રયરૂપ અને આધારરૂપ, જણાવેલા છે. તેને લગતો મૂળ પાઠ " દીવો, તાણં, સરણં ગઇ, પઇટ્ઠા " આ પ્રકારનો છે. મૂર્તિપૂજક સંપ્રદાયના લોકોમાં આ પાઠનો પ્રચાર નથી પણ સ્થાનકવાસી સંપ્રદાયના લોકોમાં આનો પ્રચાર છે.

'દીવો' વગેરે શબ્દો પ્રથમાવિભક્તિવાળા છે પણ તેમને બધાને છઠ્ઠી વિભક્તિવાળા કરીને પ્રસ્તુત સ્તુતિમાં યોજવાના છે.

જિતાવનાર

૪૧ શક્રસ્તવમાં વા ભગવાનનો પરિચય આપતા વર્ણકમાં ઘણા પાઠભેદો માલૂમ પડે છે. દાખલા તરીકે 'જિણ' પછી 'જાવય' શબ્દ આવે છે ત્યારે ક્યાંય ક્યાંય 'જાવય' ને બદલે 'જાણય' પદ દેખાય છે. વિશેષ વિચાર કરતાં 'જાણય' ને બદલે 'જાવય' પાઠ વધારે સુસંગત છે. 'તિન્નાણું તારયાણું' વગેરે વિશેષણો જોતાં 'જાવયાણું' પાઠ જ બરાબર છે.

આ ઉપરાંત એ શક્રસ્તવમાં બીજા અનેક પાઠભેદો છે.

શરીરની ઉંચાઈ

૪૨ ભગવાનના શરીરનું વર્ણન જોતાં એમ માલૂમ પડે છે કે તેઓ ગૃહસ્થાશ્રમમાં વિશેષે કરીને વ્યાયામપ્રિય હશે. શરીરની મજબૂતાઈ અને સુડોળપણું સાચવવામાં વ્યાયામ એ મુખ્ય કારણ છે. જૈન ગ્રંથોમાં કેટલેક ઠેકાણે વ્યાયામની પદ્ધતિના વર્ણનો ય આપેલ છે. કલ્પસૂત્રમાં ભગવાન મહાવીરના પિતા રાજા સિદ્ધાર્થનો અખાડો પ્રસિદ્ધ છે. ભગવાનના મસ્તક અને પેટનું જે વર્ણન કરેલું છે, તે તેમની મિતાહારિતા અને પથ્યાહારિતાને સૂચવે છે. ખાનપાનના આચારો વર્ણવતાં જૈન ગ્રંથોમાં ખાનપાનનાં પ્રમાણ વિશે ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે.

શ્વાસ સુગંધી

૪૩ પાણી જ્યારે પાયની આપના પૂરી કરે [illegible] અને પવન ઉપર પૂરેપૂરો કાબૂ મેળવ્યો હોય ત્યારે તન [illegible] સાધક [illegible] અને [illegible] પણ પ્રમાણમાં [illegible] કેટલાક [illegible] તેમ [illegible] વિભૂતિપાદમાં [illegible] આ

ખરા યોગીને સુલભ હોય છે. ભગવાન મહાવીરના શરીરનું વર્ણન તેમની યોગલબ્ધિને અનુરૂપ છે. છતાં ભક્તિમંત પ્રશંસકો તો તે વર્ણનમાં ભક્તિને ભેળવ્યા વિના રહી શકે નહિ.

ધોળા વાળવાળી

૪૪ પાંપણમાં એકાદ ધોળો વાળ વર્ણવવાનું કારણ સમજાતું નથી. કદાચ એ વિશેષ ગાંભીર્ય, સ્થિરતા અને વૃદ્ધત્વસૂચક હોય.

નિર્મળ દાંત

૪૫ ભગવાનના દાંતનું વર્ણન વાંચતાં આપણે તેમના દાંતોની શુદ્ધિનો ખ્યાલ મેળવી શકીએ છીએ. કેવળી થયા પછી ભગવાન નિયત આહારી રહ્યા છે. આહારને જે નિયત લેતો હોય તેના દાંતો આવા શુદ્ધ અને નિર્મળ ત્યારે જ રહી શકે જ્યારે તે દાંતો તરફ બેદરકાર ન રહે. કોઇ છૂમંતર કે અતિશય માત્ર કહેવાથી દાંતોની શુદ્ધિ થઈ જતી નથી. એ તો, સંયમસાધન, શરીરની વિશેષસંયમપૂર્વક કાળજી, આહારનું પ્રમાણ, સ્વાદેંદ્રિયનો જય, અજીર્ણનો અભાવ અને શરીરગત રક્તકણોની વિશુચ્છક્તિ ઉપર નિર્ભર છે.

ભગવાનના અનુયાયી આપણે, વધારે તો નહિ પણ તેમની દંતશુદ્ધિ જેટલુંય તેમનું અનુકરણ કરીએ તોય બસ છે.

દાઢી મૂંછ

૪૬ ગૃહસ્થાશ્રમમાં તો ભગવાન ક્ષૌર કરાવતા જ હશે, એથી તે સ્થિતિમાં તેમની દાઢીમૂંછ બરાબર વ્યવસ્થિત અને સુવિભક્ત રહે તે સ્વાભાવિક છે, પણ પછી ભગવાન સંયમી થઇ લુંચિતકેશ થયા ત્યારથી તેમની દાઢીમૂંછ બરાબર વ્યવસ્થિત રહી હશે કે કેમ એ એક પ્રશ્ન છે. ભક્તિમંત લોકો એમની ટેવ પ્રમાણે પોતાના ભજનીયનું સર્વ કાંઈ સર્વ રીતે અને સર્વ કાળે સારું જ જોવા ઇચ્છે છે, એ ઇચ્છાને વશ થઇ તેઓ શરીરપ્રકૃતિનો અચળ

શ્લોક ૧૩૬, અભિધાનચિંતામણિ. રુંવાટાનો એક ખાસ પ્રકારનો વળાંકો તે શ્રીવત્સ. જેની છાતીમાં એ વિશિષ્ટ પ્રકારનો રુંવાટાનો વળાંકો હોય તે સુલક્ષણો કહેવાય એવો લોકવાદ છે. શ્રીવત્સવાળી છાતી હોવાને લીધે કૃષ્ણનું એક નામ શ્રીવત્સ પણ છે. 'વત્સ'નો અર્થ 'વક્ષ–છાતી' થાય છે. જેને લીધે છાતી શોભાવાળી થાય તે શ્રીવત્સ. જે જે જિનબિંબો વર્તમાનમાં દેખાય છે તે બધાંની છાતીના બરાબર મધ્ય ભાગમાં લંબચોરસ જેવું એક ઉપસેલું નિશાન દેખાય છે અને એને 'શ્રીવત્સ' કહેવામાં આવે છે. એ નિશાન કોઈ ઉપસેલા હાડકાની સ્મૃતિ કરાવે છે, ત્યારે 'શ્રીવત્સ' તો રુંવાટાનો ખાસ પ્રકારનો વળાંકો છે એ ધ્યાન દેવા જેવી વાત છે.

મધ્ય ભાગ

૪૮ ભગવાનના શરીરના મધ્ય ભાગને મુસલ જેવો વર્ણવેલો છે. મુસલ–સાંબેલું–નો મધ્ય ભાગ–જેને પકડીને ખંડાય છે તે ભાગ પાતળો હોય છે. આમાં ભગવાનના શરીરનો મધ્ય ભાગ તેવો પાતળો કહેવાનો આશય જણાય છે. મધ્ય ભાગ પછી તરતજ કટી-ભાગનું વર્ણન છે, તેથી મધ્ય ભાગ અને કટી બન્ને જુદાં છે એ ન વિસરાય.

એક હજાર આઠ સુલક્ષણો

૪૯ ઉત્તમ પુરુષના શરીરમાં એક હજાર ને આઠ શુભતમ લક્ષણો હોય છે એ હકીકત જૈન ગ્રંથોમાં વારંવાર આવે છે. પણ તે લક્ષણો કયાં કયાં છે એ સંબંધી વીગતવાર હકીકત ક્યાંય નજરે ચડતી નથી. હાથમાં ચંદ્ર, સૂર્ય, શંખ, ચક્ર, સ્વસ્તિક વગેરેની જેવી રેખાઓ હોય અને પગમાં પર્વત નગર મગર સાગર ચક્ર વગેરેની જેવી રેખાઓ હોય–એ બધાં શારીરિક સુલક્ષણો છે. ૧૦૦૮ અને ૧૦૮ ની સંખ્યા ઘણા સંપ્રદાયવાળાને તેમ જૈન લોકોને વિશેષ પ્રિય છે એનું કારણ શોધવા જેવું છે.

આસ્રવ

૫૦ વિશ્વ, રાષ્ટ્ર, સમાજ કે વ્યક્તિ—એ ચારેનાં શરીર કે મનને દૂભવનારી પ્રવૃત્તિનું નામ આસ્રવ. જે પ્રવૃત્તિથી વિશ્વની શાંતિમાં ખલેલ પહોંચે, જે પ્રવૃત્તિથી રાષ્ટ્રની શાંતિ ભયમાં આવી પડે, જે પ્રવૃત્તિથી સમાજની શાંતિને જોખમ પહોંચે અને જે પ્રવૃત્તિથી વ્યક્તિ વ્યક્તિની શાંતિનો લોપ થાય તે પ્રવૃત્તિનું નામ આસ્રવ.

અકિંચન

૫૧ જેમની પાસે કિંચન—કાંઈ—નથી તે અકિંચન. આવા અકિંચનો બે પ્રકારના હોય છે. એક તો ઐચ્છિક અકિંચન અને બીજા ઓઘ અકિંચન. ઓઘ અકિંચનો પોતાની વૃત્તિને શોધ્યા વિના માત્ર આવેગ કે દેખાદેખીથી અકિંચનપણું માણે છે, એથી તેઓ અકિંચનો દેખાવા છતાં પોતાની અને પરની સમાધિમાં વિઘ્નરૂપ બને છે, તેમનામાં તૃષ્ણા કામ લોભ ઈર્ષ્યા અહંકાર વગેરે વૃત્તિઓ પડેલી હોય છે, તેમાની એક વૃત્તિને પણ તે ઓઘ અકિંચનો વિવેક ન હોવાને કારણે દાબી શકતા નથી, ઊલટું તે વૃત્તિઓના તેઓ દાસ બનેલા હોય છે. એથી ઓઘ અકિંચનોનો મોટો ભાગ સમાજ, રાષ્ટ્ર, વિશ્વ કે વ્યક્તિની શાંતિને હાનિ પહોંચાડનારો થાય છે. જેઓ પોતાની વૃત્તિને તપાસી તાવીને અને પોતાના બળ સામર્થ્ય અને મર્યાદા વગેરેને બરાબર સમજીને ઇચ્છાપૂર્વક અકિંચનપણું સ્વીકારે છે, તેઓ ઐચ્છિક અકિંચનો છે. આવા જ અકિંચનો પોતાનો વિકાસ સાધી શકે છે અને વ્યક્તિ સમાજ રાષ્ટ્ર કે વિશ્વની શાંતિમાં પોતાનો ફાળો નોંધાવી શકે છે. ભગવાન મહાવીર આ જાતના અકિંચન હતા, પણ ઓઘ અકિંચન ન હતા. સંસારનો પ્રત્યેક પ્રાણી પોતાના અજ્ઞાનનાને લીધે દુઃખના પંકમાં ફસાએલો છે સંસારમાં અજ્ઞાન અને દુઃખની માત્રા એટલી બધી વધારે છે કે તેનો એટલે સમસ્ત સંસારના સમગ્ર અજ્ઞાન અને સમગ્ર દુઃખનો સમૂળ નાશ, કોઈથી કોઈ પ્રકારે થઈ

શક્યો નથી, થઇ શકતો નથી અને હવે પછી થઇ શકશે કે કેમ એ પ્રશ્ન છે. આમ છતાંય જે મહાન આત્માઓનું હૃદય એ દુઃખ-પરંપરાને જોતાંજ કકળી ઊઠે છે, તેઓ તે દુઃખના સાધનરૂપે કદી પણ બનતા નથી અને એવા સાધનભૂત ન થવા માટેજ તેઓ ઐચ્છિક ગરીબીને સ્વીકારે છે. ઐચ્છિક ગરીબીને વરેલાજ મહાનુભાવો ખરા અકિંચન છે.

શ્રમણવૃંદમાં પરિવર્તન કરનાર

૫૨ આ અર્થ માટે મૂળ સુત્રમાં 'समणगविंदपरिअट्टए' શબ્દ આવેલો છે. ટીકાકાર 'પરિઅટ્ટએ'નું સંસ્કૃત રૂપાંતર 'પરિવર્તક' આપે છે. શ્રમણ સંસ્કૃતિમાં ભગવાને જે ક્રાંતિ કરેલી છે તેને આ વિશેષણ બરાબર બંધબેસતું છે. પાર્શ્વનાથ ભગવાનની પરંપરામાં જે શૈથિલ્ય પેઠેલું, તેને દૂર કરવા અને શ્રમણ સંસ્કૃતિનું તેજ વધારવા ભગવંતે ચાર યમના પાંચ યમ કરેલા, પોતાની જીવનચર્યામાં અચેલકત્વ ઉપર વધારે ભાર મૂકેલો અને કેટલીક સામાજિક હિંસાઓને દૂર કરવા તેમણે જાતિવાદને દૂર કરી ગુણવાદને અગ્રસ્થાને સ્થાપેલો, તેમજ સ્ત્રીઓ અને પછાત ગણાતા લોકોને ઊંચે ચડાવવા તેમને પોતાના તીર્થમાં સારું સ્થાન આપેલું. ભગવંતનું આ 'પરિવર્તક' વિશેષણ આ બધા ભાવને બરાબર સૂચિત કરે છે. ટીકાકાર તો 'પરિવર્તક'નો અર્થ 'વૃદ્ધિકારી' બતાવે છે પણ એ અર્થ વ્યુત્પત્તિની દૃષ્ટિએ સંગત છે કે કેમ એ વિચારવા જેવું છે.

ચોત્રીશ અતિશયો

૫૩ સમવાયાંગ સૂત્રમાં ચોત્રીશ બુદ્ધાતિશેષો આ પ્રમાણે જણાવેલા છેઃ ૧ કેશ દાઢીમૂંછ રુંવાડાં અને નખ એ બધાં ન વધે. ૨ કાયા નિરોગી અને પવિત્ર રહે. ૩ માંસ અને લોહી ગોક્ષીર જેવું ધોળું હોય. ૪ શ્વાસોચ્છ્વાસ પદ્મગંધી. ૫ ફક્ત ચર્મચક્ષુવાળા

વૈદિક પરંપરાએ અને બૌદ્ધ પરંપરાએ પણ પોતપોતાના તે તે પ્રવર્તકો માટે આવા આવા વા આથીય વધારે અદ્દ્ભુતતાવાળા અતિશયો નોંધેલા છે, એ ભૂલવું ન જોઇએ.

આ અતિશયોની ગણનામાં શાસ્ત્રીય એકવાક્યતા જણાતી નથી, તેથી પ્રવચનસારોદ્ધારમાં અને અભિધાનચિંતામણિમાં વળી આ અતિશયો વધઘટ કરીને બીજી રીતે બતાવેલા છે. તેમાં જે ભેદ છે તે આ પ્રમાણે છેઃ યોજનપ્રમાણ ભૂભાગમાં ત્રણ જગતનો જનસમુદાય માઇ શકે. ભગવાન એકમુખી છતાં ચતુર્મુખ બ્રહ્મા જેવા ભાસે. મણિકંચનમય નવ કમળોની રચના થાય. શુભ શકુનો થાય. વૃક્ષો પ્રણામ કરે અને દુંદુભીઓ વાગે (પ્રવચનસા૦). ભગવાનની આજુબાજુ ચારે પ્રકારના દેવો ક્રોડની સંખ્યામાં રહ્યા કરે. ત્રણ ગઢની રચના થાય (અભિધાનચિંતા૦). આમાંના કેટલાક અતિશયો જન્મથી હોય છે, કેટલાક કર્મક્ષયથી ઉપજેલા હોય છે અને કેટલાક દેવોએ બનાવેલા હોય છે, એવો વિભાગ ટીકાકારોએ બતાવેલો છે. ભગવાન અને ગોશાલકનો પ્રસંગ, ભગવાન અને જમાલિનો પ્રસંગ, ભગવાન અને ગાંગેયનો પ્રસંગ, ભગવાન અને સોમિલનો પ્રસંગ, ભગવાનના સમસમયી અને પાર્શ્વવર્તી કોણિક તથા હલ્લવિહલ્લ વચ્ચે યુદ્ધનો પ્રસંગ, ભગવાનના શરીરમાં રોગનું થવું વગેરે વગેરે, ભગવાનના જીવનપ્રસંગો જોતાં આ બધું ભક્તજનોનું ભક્તિપ્રદર્શન ભાસે છે. ભગવાનનો પુણ્યપ્રકર્ષ અપરિમિત હતો એ ખરૂં, પણ તેનું આ રીતે માપ કેમ નીકળી શકે? ખરૂં કહીએ તો એમના પુણ્યપ્રકર્ષનું માપ કાઢવાની ભાષા જ આપણી પાસે નથી. ઉપર જે માપ કાઢી બતાવ્યું છે તે તો કવિની ભાષા છે. ભલે કદાચ એવી ભાષાથી ભક્તોની ભક્તિ વધે અને ભગવાનના ગુણાનુરાગ તરફ ઢળે, પણ એવી ભાષાથી કોઈ વિવેકી જન ભગવાનના સ્વરૂપ સંબંધી ભુલાવામાં ન પડે, માટે જ આચાર્ય સમંતભદ્ર જણાવે છે કે–

देवागम-नभोयानचामरादिविभूतयः ।
मायाविष्वपि दृश्यन्ते नातस्त्वमसि नो महान् ॥

અર્થાત્–ઇંદ્રજાળ કરી બતાવનારા, પોતાની પાસે દેવો આવે છે એવું બતાવી શકે છે અને ચામર વગેરેને અદ્ધર રાખી બતાવે છે. હે ભગવન્! અમારે મન તું, તારી પાસે દેવો આવે છે તેથી મોટો નથી પણ તારું વીતરાગપણું જ તારી મહત્તાનું ખરું કારણ છે એમ હું માનું છું.

વચનના પાંત્રીસ ગુણ

૫૪ "સત્યવચનના પાંત્રીસ અતિશયો જણાવેલા છે" એમ સમવાયાંગસૂત્રમાં મૂળમાં લખેલું છે. એ માટે મૂળમાં "पणतीसं सच्चवयणाइसेसा पण्णत्ता" એવું વચન છે પણ એ પાંત્રીસ અતિશયો કયા કયા છે? એ બાબત મૂળમાં કશુંય જણાવેલું નથી. મૂળના એ વચનની ટીકા કરતા આચાર્ય શ્રી અભયદેવ જણાવે છે કે– "સત્યવચનના આ અતિશયો આગમમાં દીઠામાં આવ્યા નથી પણ ગ્રંથાંતરમાં નોંધેલા છે." ["सत्यवचनातिशया आगमे न दृष्टाः एते तु ग्रन्थान्तरदृष्टाः संभाविताः" સમવાયાંગ ટીકા પૃ. ૬૩] ટીકાકારના આ ઉલ્લેખ ઉપરથી 'આ અતિશયો આગમિક છે કે નહિ?' એવો પ્રશ્ન જરૂર ઉઠી શકે છે. એના સમાધાનનું આ સ્થાન નથી પણ એ વસ્તુ વિચારણીય તો ખરી જ. ટીકાકારે એ પાંત્રીસ અતિશયો આ પ્રમાણે બતાવેલા છે: ૧ સંસ્કારિતા, ૨ ઉદાત્તતા, ૩ ઉપચારોપેતતા, ૪ ગાંભીર્ય, ૫ પડછંદા પડવો, ૬ સરળતા, ૭ સંગીતયુક્તતા, ૮ મહાર્થતા, ૯ પૂર્વાપર અવિરોધ, ૧૦ શિષ્ટતા, ૧૧ અસંદિગ્ધતા, ૧૨ અખંડનીયતા, ૧૩ હૃદયંગમતા, ૧૪ દેશ અને કાળનું અનુસરણ, ૧૫ તત્ત્વાનુરૂપતા, ૧૬ અતિવિસ્તાર અને અસંબદ્ધ અધિકાર રહિતતા, ૧૭ પદોની પરસ્પર સાપેક્ષતા, ૧૮ અભિજાતતા, ૧૯ અતિસ્નિગ્ધ મધુરતા, ૨૦ પરમર્મનો અપ્રકાશ, ૨૧ અર્થ અને ધર્મ સાથેનો સંબંધ, ૨૨ ઔદાર્ય, ૨૩ પરનિંદા અને સ્વપ્રશંસાનો

અભાવ, ૨૪ પ્રશસ્યતા, ૨૫ વ્યાકરણનો અવિરોધ, ૨૬ સતત કુતૂહલ જનકતા, ૨૭ અદ્ભુતતા, ૨૮ અતિવિલંબરહિતતા, ૨૯ વિક્ષેપ વિભ્રમ વગેરે દૂષણનું ન હોવું, ૩૦ હકીકતોની નવીનતા, ૩૧ ખાસ પ્રકારની વિશેષતા, ૩૨ વર્ણ પદ અને વાક્યોની ઘટના, ૩૩ સાહસયુક્તતા, ૩૪ અખેદ અને ૩૫ વિવક્ષિત અર્થની સિદ્ધિ.

આકાશગત છત્ર વગેરે

૫૫ સમવાયાંગના મૂળમાં ' આકાશગત ' અર્થનો સૂચક ' આગાસગ ' શબ્દ આપેલો છે. તેનો અર્થ કરતાં ટીકાકાર લખે છે કે—" तया ' आगासग'त्ति आकाशगतं व्योमवर्ति आकाशकं वा प्रकाशकम् इत्यर्थः × × × एवम् आकाशगं छत्रं छत्रत्रयम् × × × आकाशके प्रकाशके श्वेतवरचामरे × आगासफालिहामयं त्ति आकाशमिव यद् अत्यन्तम् अच्छम् स्फटिकम् तन्मयं सिंहासनम् × ' आगासगओ 'त्ति आकाशगतोऽत्यर्थं तुङ्ग इत्यर्थः " — (પૃ. ૬૧). ટીકાકારના કહેવા પ્રમાણે ' આગાસગ ' શબ્દના ત્રણ અર્થો થયા. એક તો પ્રકાશક–પ્રકાશ આપતું–ચમકતું, બીજો ઘણું ઉંચું અને ત્રીજો વ્યોમમાં રહેતું–અદ્ધર રહેતું, આ ત્રણ અર્થોમાંથી અહીં જે અર્થ સંગત થઇ શકે તેમ હોય અને સ્વાભાવિક જેવો લાગતો હોય તે લેવો વધારે વ્યાજબી છે. એટલો 'અદ્ધર' અર્થ જ લેવાનો હોત તો ટીકાકાર એ એક જ અર્થનું સમર્થન ન કરતાં ત્રણ અર્થો શામાટે બતાવત ? વળી, મૂળમાં 'छत्तं' એવું એકવચન છે છતાં ટીકાકાર તેનો અર્થ ' ત્રણ છત્ર ' કરે છે. ' ત્રણ છત્ર ' જ અર્થ હોત તો 'ચામરાઓ' (ચામરો)ની પેઠે મૂળકાર જ 'छत्तं' ને બદલે 'छत्ताइं' લખી શકત, પણ મૂળમાં 'छत्तं' એ એકવચન છે માટે ટીકાકારનો અર્થ સ્વીકારતાં જરૂર વિચાર કરવો ઘટે.

આગળ ખેંચાતો

૫૬ 'ધર્મધ્વજ'ને દેવો ખેંચે છે એનો ઉલ્લેખ ઉવવાઇય

સૂત્રમાં છે. " धम्मज्झएणं पुरओ पकड्ढिज्जमाणेणं । 'पकड्ढिज्जमाणेणं' ति देवैः प्रकृष्यमाणेन इति " — (પૃ૦ ૨૧-૨૨) ધર્મધ્વજની પેઠે છત્ર ચામર વગેરે પણ દેવો ધરી રાખતા હશે એટલે એ બધું વહન અદ્ધર-નિરાધાર-ચાલે છે એમ તો કેમ કહેવાય ? આચાર્ય હેમચંદ્ર તો કહે છે કે રત્નમય ધ્વજ વગેરે બધું અદ્ધર ચાલે છે.

> खे धर्मचक्रं चमराः सपादपीठं मृगेन्द्रासनमुज्ज्वलं च ।
> छत्रत्रयं रत्नमयध्वजोऽङ्घ्रिन्यासे च चामीकरपङ्कजानि ॥
> (અભિધાનચિંતામણિ કાંડ ૧ લું શ્લો૦ ૬૧)

ચૌદ હજાર શ્રમણો

૫૭ ભગવાનના વિહારનો આ બધો વર્ણક ટીકાકારની ભલામણ પ્રમાણે ઉવવાઇય સૂત્રમાંથી લીધેલો છે. ઉવવાઇય સૂત્રના મૂળમાં "चउद्दसहिं समणसाहस्सीहिं छत्तीसाए अज्जियासाहस्सीहिं" એ પાઠ તો છે, પરંતુ ટીકાકારે એ સંબંધે કશી હકીકત લખી નથી એ જરૂર વિચારવા જેવું તો ખરું જ. અને એમ છે માટે ઉવવાઇય સૂત્રના સંપાદકે મૂળના એ પાઠને (   ) આવા નિશાનમાં મૂકેલો છે અને તે ઉપર " એ વચન વ્યાખ્યાનુગામી નથી " એવું ટિપ્પણ કરેલું છે. ટીકાકાર અને ટિપ્પણકારનું વલણ એ મૂળ પાઠ સંબંધે સંદેહ ઉપજાવે એવુ જણાય છે અર્થાત્ ભગવાન વિહાર કરતા હશે ત્યારે દરેક ઠેકાણે તેમની સાથે ચૌદ હજાર સાધુઓ અને છત્રીશ હજાર સાધ્વીઓ હમેશા રહેતાજ હશે એ નક્કી ન કહી શકાય પણ એ વચન ઉપરથી તેમના શ્રમણ શ્રમણીના પરિવારનું માપ તો જાણી શકાય.

ઘણા લોકો

૫૮ કોઇ પરિવર્તનકારી કે સંશોધક વક્તા આવે ત્યારે સંપ્રદાયના ભેદભાવ વિના દરેક પ્રજા તેને સાંભળવા ઇચ્છે છે એવું

લોકમાનસ [illegible] છે, તો પછી [illegible]
શી નવાઈ ?

ઉગ્રા

૫૯ ઉગ્ર ભોગ રાજન્ય ક્ષત્રિય ભટ્ટ યોધ મલ્લકિ લિચ્છવિ વગેરે, તે આગમના પ્રસિદ્ધ પ્રસિદ્ધ શબ્દોમાં ખાસ વિશેષ નામો છે એ ધ્યાનમાં રાખવાનું છે, અર્થાત્ ઉગ્ર એટલે શૂરવીર, ભોગ એટલે યુદ્ધ કરનારાઓ, એવો તે નામોનો અર્થ બરાબર નથી.

કેટલાક

૬૦ સભા સમિતિઓમાં જનારાના માનસનું આબેહૂબ ચિત્રણ આ કંડિકામાં છે.

બલિકર્મ

૬૧ કોઈ ગૃહસ્થ જ્ઞાની પાસે ધર્મ સાંભળવા જાય કે રાજદરબારમાં જાય ત્યારે 'બલિકર્મ' કરીને જાય–એવા અનેક ઉલ્લેખો જૈન આગમોમાં વિદ્યમાન છે. પણ એ 'બલિકર્મ' શું છે ? તે સંબંધી સ્પષ્ટ માહિતી મળતી નથી. 'પોતપોતાના ગૃહદેવો પાસે બલિ ચડાવવી–નિવેદ ધરવું–ભેટ ધરવી' એવો બલિકર્મનો અર્થ ટીકાકારે આપેલો છે. ("कृतं बलिकर्म स्वगृहदेवतानां यैः ते तथा"–ઉવવાઈય પૃ. ૫૯) આમાં 'ગૃહદેવતા' કોણ અને તેનું શું સ્વરૂપ–એ પ્રશ્ન ઊભો રહે છે.

કહ્યું કે

૬૨ ભગવાનની ધર્મસંશોધક દેશના જે અહીં જણાવેલી છે તેનું મૂળ ઉત્તરાધ્યયન સૂત્રનાં નીચેનાં પદ્યોમાં છે:

(१) जे पावकम्मेहि धणं मणुस्सा समाययंति अमतिं गहाय ।
पहाय ते पास पयट्टिए नरे वेराणुबद्धा नरयं उवेंति ॥२॥

(२) वित्तेण ताणं न लभे पमत्ते इमम्मि लोए अदुवा परत्थ ॥५॥

(૧) सिर्ण न करेइ निगिण्हेइ सम्मा चंक्रमाए पहाण कमे
(२) अडं अडं मोहाणे अदंते अलोगस्सा धम्मं धार्मं ॥१०॥
छाया: दुर्गति अचरणबहुं च न तेहु मिवरू मणसा पव्वइ ॥११॥

—अध्ययन ४

(५) सुवण्णरूपस्स य पव्वया भवे सिया हु केलासमा असंखया।
नरस्स लुद्धस्स न तेहि किंचि इच्छा हु आगाससमा अणंतिया ॥४८॥

—अध्ययन ९

સમવસરણ

૧૩ 'સમ્' અને 'અવ' ઉપસર્ગપૂર્વક 'સ-સરકવું-જવું'
ધાતુમાંથી 'સમવસરણ' શબ્દ નીપજેલો છે. ભગવાનના કે તેમના
શિષ્યોના આગમનને સૂચવવા સૂત્રોમાં અનેક ઠેકાણે 'સમોસઢ'
ક્રિયાપદ વપરાએલું છે. આજની ભાષામાં 'પધારવું' ક્રિયાપદ જે
અર્થને સૂચવે છે તે ભાવ એ 'સમોસઢ' ક્રિયાપદનો જણાય છે.
આ ઉપરથી 'સમવસરણ' નો પ્રથમ અર્થ 'પધારવું' થાય. બીજો
અર્થ 'જુદા જુદા મતવાળાઓનો મેળો' થાય. 'વાદિઓનું સમો-
સરણ' એ વાક્યમાં તે બીજો અર્થ વપરાએલો છે: ("चत्तारि
वाइसमोसरणा"—"वादिन तीर्थिकाः समवसरन्ति अवतरन्ति एषु इति
समवसरणानि—विविधमतमीलकाः"—(સ્થાનાંગ પૃ. ૨૧૭-૨૧૮)

'સમવસરણ' નો ત્રીજો અર્થ રહેઠાણ—રહેવાનું સ્થાન—થાય છે.
'समोसरणाइं'ति—समवसरणानि बहवः × यत्र भगवान् अवस्थितः इति
...ન—ભગવાન્ જ્યાં—જ્યાં મકાનમાં—ઊતર્યા છે ને જાણો—ઉપાશ્રય
(૧૧) અને ચોથો અર્થ ત્રિગડું—સમવસરણની રચના—થાય છે.
... ગણે અર્થો લઇને ભારે સ્વાભાવિક છે ત્યારે આ ચોથો અર્થ
... અલંકારવાળો છે. અહીં તો ત્રીજો 'રહેઠાણ' ...
... એમ છે.

ગોશીર્ષ

૬૪ ગોશીર્ષ [illegible] અને [illegible] ગ્રંથમાં પણ આવે છે. [illegible] ૨. પૃ. ૧૨૭-૧૨૮ ટિપ્પણ.

[illegible]

૬૫ [illegible] છે.

આગર આગર

૬૬ આ સ્થળે સૂર્યાભદેવના [illegible] પાઠ મૂકવામાં આવ્યો છે પણ તે સુપ્રસિદ્ધ હોવાને લીધે અહીં આપેલો નથી.

ચિંતનરૂપ

૬૭ એક જ ભાવને બતાવવા પર્યાયરૂપ અનેક શબ્દો મૂકવાની પદ્ધતિ સૂત્રોમાં પ્રચલિત છે, પ્રાચીન વૈદિક વા બૌદ્ધ ગ્રંથોમાંય તેવી વાક્યપદ્ધતિ યોજાએલી છે. વિવક્ષિત ભાવ ઉપર વિશેષ ભાર બતાવવા એક જ વાચ્ય માટે પણ અનેક શબ્દો મુકાતા હશે, પરંતુ ભાષામાં એવું ઠીક ન જણાયાથી આ અનુવાદમાં એ પદ્ધતિ સ્વીકારી નથી.

ક્ષમકર

૬૮ ટીકાકાર 'ક્ષમ'નો અર્થ 'સંગતિ' બતાવે છે: (क्षमाय-×संगतत्वाय–રાયપસેણઇય પૃ. ૧૦૨)

કહી સંભળાવો

૬૯ ભગવાન કેવળજ્ઞાની છે એ હકીકત તો સૂર્યાભદેવ જાણતો જ હશે અર્થાત્ સૂર્યાભદેવ જેમને મોકલે છે એવા આભિયોગિક દેવોનાં નામ ગોત્રો ભગવાનના ધ્યાન બહાર નથી, છતાં અવધિજ્ઞાન

લાકડાની પેઠે હાલ્યા ચાલ્યા વિના બેસી જ રહે છે એમ નથી, તેઓ તો ત્યાં જાવઆવ પણ કરે છે, એટલે રસ્તામાં આવતાં સજીવ પુષ્પો કચરાવાનાં અને દુઃખી થવાનાં તેનું શું? આ બધી હકીકત ધ્યાનમાં લઈ પ્રવચનસારોદ્ધારના ટીકાકાર એક તદ્દન વિલક્ષણ જવાબ ઘડી કાઢે છે અને તે આ છેઃ સમવસરણભૂમિમાં વરસેલાં પુષ્પો સજીવ હોય છે, એ વાત ખરી કિંતુ પરમકારુણિક તીર્થંકર ભગવાનનો એવો પ્રભાવ છે કે જેને લીધે તે પુષ્પો કચરાતાં છતાં ય લેશ માત્ર ત્રાસ અનુભવતા નથી, ઉલટું જાણે તે પુષ્પો અમૃતરસથી સિંચાતાં હોય એવો આનંદ અનુભવે છે. અંતમાં ટીકાકાર કહે છે કે અમારો આ ઉત્તર બધાય ગીતાર્થ પુરુષોને સંમત છે." આ વિશે અનુવાદકનો વિશેષ કહેવાનો અધિકાર નથી, પણ યજ્ઞમાં કામ આવતો પશુ યજ્ઞ-મંત્રના પ્રભાવને લીધે લેશ પણ દુઃખી થતો નથી, એવી વૈદિક પરંપરાની દલીલ અહીં યાદ આવે છે. બધા સંપ્રદાયોમાં આવી આવી અમર્યાદ અદ્ભુત કલ્પનાઓથી ભક્તિમાર્ગ કેટલો બધો વિકૃત થયો છે એ કોની જાણમાં નથી?

વૈક્રિય સમુદ્ઘાત

૭૧ આ ક્રિયાનું વાસ્તવિક સ્વરૂપ સમજાતું નથી. જૈન સૂત્રોમાં આ વિશે માહિતી તો ઘણી મળે છે પણ આ ક્રિયા અનુભવ બહારની થઇ જવાથી એ માહિતી શબ્દસ્પર્શ ઉપરાંત બીજું કશું બતાવી શકતી નથી. યોગીઓ પોતાનાં શરીરમાં ધારે એવો ફેરફાર કરી શકે છે એમ સંભળાય છે, તેમ દેવો પણ તેમને જ્યાં જ્યાં જવું હોય તે તે સ્થાનને યોગ્ય પોતાનાં શરીરો બનાવવામાં આ ક્રિયાનો ઉપયોગ કરે છે એમ આગમવચન કહે છે. પાતંજલ યોગશાસ્ત્ર પ્રસિદ્ધ 'નિર્માણકાય'ની ક્રિયા જેવી આ સમુદ્ઘાતની ક્રિયા લાગે છે અને તે એક પ્રકારની શક્તિરૂપ છે. આગમ તો કહે છે કે

તે ક્રિયા માનવોમાં પણ સંભવી શકે છે પણ તેને કેમ મેળવવી સિદ્ધ કરવી એ બાબત વિશેષ જણાવેલું નથી. ગરમ પ્રદેશનો માનવ ઠંડા પ્રદેશમાં જાય ત્યારે તે પોતાના શરીર ઉપર ગરમ કપડા પહેરે છે, ઓઢે છે, તેમ દેવસૃષ્ટિમાં રહેનારા લોકો જ્યારે માનવસૃષ્ટિમાં આવે છે ત્યારે તેમને પોતાના શરીરની રચના બદલવી પડતી હશે એમ આગમવચન ઉપરથી લાગે છે. આ વિશે વિશેષ તર્ક જઈ શકતો નથી, તેમજ તેમ કરવાના અર્થાત્ શરીરપરિવર્તનના કારણ સંબંધે પણ કશું કહી શકાતું નથી

તે દેવોએ સંવર્તક વાયુની

૭૨ મૂળમાં આ સ્થળે વાળીઝૂડીને સાફ કરવા બાબત નીચેનું ઉદાહરણ મૂકેલું છે.

જેમ એક કોઈ જાડુવાળાનો છોકરો હોય–તે જુવાન બળવાન નિરોગી સ્થિર બાંધાનો મારફાની કળામાં સિદ્ધહસ્ત લાંબા અને શીંગા હાથવાળો હોય, કૂદવું દોડી જવું વગેરે ક્રિયામાં કુશળ હોય, અને વળી મેધાવી દક્ષ તથા વાગ્મી હોય, એવો તે છોકરો પોતાના હાથમાં એક મોટી દંડસંપુચ્છની, શલાકાહસ્તક કે વેણુશલાકામયી અર્થાત્ એક મોટી સાવરણી લઈ કોઈ રાજાના આંગણાને કે અંતઃપુરને ધીરે ધીરે સાફ કરે વા દેવળને સભાને પરબને આરામને કે ઉદ્યાનને વાળવા માટે તેમ એ આભિયોગિક દેવોએ તે સંવર્તક વાયુદ્વારા એ ભૂમિભાગને વાળી ઝૂડીને સાફ કર્યો. (મોટા દાંડાવાળી સાવરણી તે દંડસંપુચ્છની. જેના હાથામાં સળીઓ જડેલી છે તે શલાકાહસ્તક અને વાંસડાની સળીઓથી બનેલી સાવરણી તે વેણુશલાકામયી – આ બધા જુદી જુદી સાવરણીનાં નામો છે).

સ્વચ્છ કર્યું

૭૩ ૬૨ મી કંડિકા જુઓ.

જેમ પ્રકાર વર્ણવેલો છે અને બીજે નરક વગેરે માનવીના કેમ આવે તે દેવલોક વિમાનના વર્ણનની પ્રકૃતિ વર્ણવેલી છે તો આ બધું વર્ણન, વર્ણનની ખાતર કવિસમયની દૃષ્ટિએ સત્યમાં કેને હેતુ છે કે તેમાંથી બીજું કાંઈ સમજવાનું છે તે સમજી શકાતું નથી.

ંતરાગ-ઉચ્ચંતક

૭૮ આનો અર્થ સમજાતો નથી, પણ ગળી જેવા રંગનો તે કોઈ પદાર્થ હોવો જોઈએ એમ એના પ્રસંગ ઉપરથી જણાય છે.

સુગંધી

૭૯ હીરા પન્ના મોતી કે મણિ વગેરે ઝવેરાતના ઊંચામાં ઊંચા પદાર્થો તો કોઈને પ્રત્યક્ષ છે, તેમાં પ્રકાશ તેજ ચળકાટ કે અમુક ખાસ પ્રકારનો રંગ વગેરે તો દેખાય છે, પરંતુ તેમાંના કોઈમાં કોઈ પ્રકારનો ઉત્કટ ગંધ હોવાનું જાણ્યું નથી. ત્યારે દેવસૃષ્ટિના એ મણિઓ વધુમાં વધુ સુગંધી હોય છે એ એક નવું જાણવા જેવું ખરું. પૃથ્વી ગંધવતી છે એ ખરી વાત, પણ મણિઓનો જેવો ગંધ અહીં વર્ણવેલો છે તેવો ઉત્કટતમ ગંધ, માનવીસૃષ્ટિના કોઈ પણ સ્થળમાં નીપજેલા કે નીપજતા મણિઓમાં જણાતો નથી, એ ધ્યાનમાં રાખવા જેવું છે.

કોમળ કોમળતર

૮૦ મણિઓ જેવો પાષાણમય પદાર્થ સુંવાળામાં સુંવાળો—અતિશય લીસો હોઈ શકે ખરો, પણ તે, રૂ માખણ કે શિરીષ જેવો નરમ હોવાનું કહેવામાં એ દિવ્ય મણિઓની અતિશય સુંવાળપ બતાવવા સૂત્રકારે ઉપરની કંડિકામાં એ વર્ણન આપેલું હશે.

ઘડા જેવડું

૮૧ મોતીને ઘડા જેવડું કહેવામાં મોતીની વધારેમાં વધારે મોટાઈ બતાવવા પૂરતું આ વર્ણન હોઈ શકે.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

વિમાનની પ્રદક્ષિણા

૯૨ વિમાન ઉપર ચડતા પહેલા દેવ, તેની ફરતી પ્રદક્ષિણા કરે છે તે શું વિમાનની પૂર્ણતા બતાવવા માટે કે પોતાના નિવાસનું બહુમાન સૂચવવા માટે? જે લોકો નવા ઘરમા પ્રવેશ કરવાના હોય છે તેઓ તેમા બેસતાં પહેલાં વાસ્તુશાસ્ત્રના નિયમ પ્રમાણે તે ઘરનું પૂજન કરે છે—શાંતિકર્મ કરે છે અને ત્યારપછી તેઓ તેમાં રહેવા આવે છે, તેમ શું આ દેવ પણ નવા બનાવેલા વિમાનમાં બેસતાં પહેલાં વાસ્તુશાસ્ત્રના નિયમને તો નહિ અનુસરતા હોય? લોકો નવા ઘરનું પૂજન ન કરે તો તેમને નવા ઘરનો અધિષ્ઠાતા દેવ હેરાન કરે એવી લોકમાન્યતા છે, પણ દેવ નવા વિમાનની પ્રદક્ષિણા ન કરે તો વળી તેને બીજો કયો દેવ હેરાન કરે એમ છે? અથવા આ વિમાન-દ્વારા તે દેવ, તીર્થંકર ભગવંતના દર્શને જાય છે એટલે કદાચ તેણે તેની પ્રદક્ષિણા કરી હોય, અથવા કોઈ પોતાના વિરોધી દેવે વિમા-નને કશું નુકસાન નથી કર્યુંને

[illegible]

[illegible]

નિર્યાણમાર્ગ

૮૫ [illegible] પ્રવાસ [illegible] ત્યારે [illegible]
[illegible] આધારે [illegible] કરેલા [illegible] માર્ગ ઉપર પ્રયાણ કરીને
[illegible] સ્થાને પહોંચીએ છીએ, તેમ દેવો પણ તે જ રીતે પ્રવાસ કરતા
જણાય છે. [illegible] પોતાના નિવાસરૂપ સૌધર્મકલ્પથી જંબૂદ્વી-
પમાં આવવા માટે એ કલ્પથી ઉત્તર દિશાએ આવેલા નિર્યાણમા-
ર્ગનો આશ્રય લે છે. મૂળ સૂત્રની એ હકીકત જ એમ બતાવી આપે
છે કે સ્વર્ગલોક અને માનવલોક વચ્ચે અવરજવર કરવાનો નિયત
માર્ગ હોવો જોઈએ. મહાભારતમાં તો અર્જુનને પ્રવાસ કરતો કરતો
[illegible] માર્ગે ઇંદ્રને ત્યાં પહોંચેલો વર્ણવેલો છે. આ વિશે વિશેષ
[illegible] થાય તો જરૂર અપૂર્વ હકીકત મળી શકે. આ માટે વધુ
[illegible] 'માનવેર આદિભૂમિ' અને મહાભારતમાં વર્ણવેલો
[illegible]ર્જુનનો પ્રવાસ વગેરે પુસ્તકો ધ્યાનપૂર્વક વાંચી જવા જોઈએ.

૮૬ દેવની ગતિનો વેગ લાખ યોજનનો છે. રેલ્વે મોટર કે
[illegible]નનો વેગ કલાકે અમુક માઇલનો હોય છે તેમ દેવની ગતિની

ઝડપ બતાવવા લાખ યોજનની સંખ્યા બતાવેલી છે. એ ઝડપનો સમય બતાવતાં મૂળકાર 'विग्गह' શબ્દનો ઉપયોગ કરે છે. "जोयणसयसाहस्सिएहिं विग्गहेहिं ओवयमाणे वीतीवयमाणे ताइ उक्किट्ठाए" એ મૂળપાઠનું વિવરણ કરતાં ટીકાકાર જણાવે છે કે "दिव्यया देवगत्या योजनशतसहस्रकैः योजनलक्षप्रमाणैर्विग्रहैः क्रमैः अवपतन् अधस्ताद् अवतरन्" ઇત્યાદિ (– પૃ૦ ૪૩) અર્થાત્ "એ સૂર્યાભદેવ પોતાની દિવ્ય દેવગતિના પ્રયોગદ્વારા લાખ યોજન પ્રમાણ વિગ્રહો વડે નીચે ઊતરતો ચાલ્યો આવે છે." ટીકાકારે વિગ્રહનો અર્થ 'ક્રમ' બતાવ્યો છે. 'ક્રમ'નો અર્થ 'પગલું' અથવા 'અનન્તરતા–અવ્યવધાન' થાય છેઃ "परंपरा–पादक्षेप–आनन्तर्य–पदसंधिषु अपि क्रमः" અહીં અવ્યવધાન અર્થ વિશેષ સંગત છે. દેવ પોતે વિમાનમાં બેઠેલો છે માટે પગથી તો ચાલતો જ નથી, એટલે એક લાખ યોજનની ગતિ જ્યારે એણે શરુ કરી ત્યારથી અવ્યવધાનપણે એ જ ઝડપે ચાલી રહ્યો છે. જ્યાંથી પોતે નીકળ્યો છે ત્યાંથી જ તેનો એ વેગ છે. અર્થાત્ આપણી ભાષામાં ક્ષણ કે પળ વા વિપળ જે શબ્દ કહીએ તે શબ્દ, લાખ યોજનની ગતિના કાળ માટે બંધ બેસે એમ છે. જે વિપળે એ, લાખ યોજન ચાલ્યો ત્યારપછીના તુરતના વિપળે પણ તે એટલું જ ચાલ્યો અને એમ નિરંતર ચાલતો ચાલતો તે ઊતરતો આવે છે અર્થાત્ એ દેવની ગતિની ઝડપ એક વિપળે એક લાખ યોજનની કહેવાય એમ આપણે આપણા શબ્દમાં કહી શકીએ. શાસ્ત્રીય ભાષામાં 'વિગ્રહ' શબ્દનો 'વાંક વળવું' પણ અર્થ પ્રસિદ્ધ છે. જ્યારે જીવ જન્માંતર માટે પ્રયાણ કરે છે ત્યારે તેને મળનાર વાંકવળો પડે છે એટલે ચાલતાં ચાલતાં જ્યારે તે વાંક વળે છે–વાંક લે છે ત્યારે વાંક વળતાં એક સમય જેટલો વખત જીવને લાગે છે એટલે 'વિગ્રહ'નો અર્થ એક સમય પણ કરી શકાય. આ ઉપરથી એમ પણ કહી શકાય કે સૂર્યાભદેવની ગતિની ઝડપ એક સમયે લાખ યોજનની હતી. પળ કે વિપળ કરતાં 'સમય' ઘણો સૂક્ષ્મ છે એમ

હોય, એટલે તેમને જોતાં સૂર્યાભદેવને, તેમને નાટક દેખાડવાનો સંકલ્પ થાય એ બરાબર સંગત લાગતું નથી; માત્ર ગણધરના ગણના ઇતર ઊતરતી કોટિના સાધુઓને નાટક દેખાડવાનો સંકલ્પ હોય તો તે કાંઇક વાસ્તવિક લેખી શકાય.

આદર ન આપ્યો

૯૧ ભગવાનની સ્થિતપ્રજ્ઞ દશા જોતાં તેઓ સૂર્યાભદેવના સંકલ્પને આદર ન આપે તે જ સ્વાભાવિક છે પણ આ તરફ સૂર્યાભદેવની મનોભૂમિકા જોતાં તે, તેમની પાસે નાટક કરી દેખાડવા સિવાય બીજું કરી પણ શું શકે ? ભક્તોની બે કોટિ છે. એક તો મનસા વચસા કાયેન પોતાના ભજનીયને અનુસરનારા વા અનુસરવા માટે અતુલ પ્રયત્નશીલ રહેનારા અને બીજા તેમના માત્ર પ્રશંસકો. પ્રથમ કોટિના ભક્તો આવા બાહ્ય ઉપચારમાં પડતા નથી, એઓ તો ભજનીયના શુદ્ધ અનુસરણને જ પોતાની ભક્તિ સમજે છે; ત્યારે જેઓ ભજનીયને અનુસરવા જેટલા પ્રબળ પુરુષાર્થશાળી નથી હોતા તેઓ તેમના પ્રશંસકો રહીને તોષ માને છે અને આવા પ્રશંસકો જ બાહ્ય ઉપચાર સિવાય બીજી ભક્તિ સુધી પહોંચી શકતા નથી. એ પ્રશંસકો, પોતાના ભજનીયનો બાહ્ય ઉપચાર સામે સખ્ત અણગમો જાણવા છતાંય તેમની પોતાની જાતની પ્રસન્નતા માટે તેઓ બાહ્ય ઉપચાર સિવાય બીજું કશું કરી શકે તેવા નથી હોતા. આ પરિસ્થિતિમાંથી ઔપચારિક ભક્તિનો આવિર્ભાવ થયો લાગે છે. આમાંથી વિવેકનું તત્ત્વ નીકળી જાય તો તે ઔપચારિક ભક્તિ રાષ્ટ્રીય, સામાજિક અને વૈયક્તિક હાનિને નીપજાવે છે. વળી બીજું— "यद् यदाचरति शिष्टः तत् तदेवेतरो जनः" એ ઉક્તિનું તત્ત્વ પણ ભગવાનના આમુખમાં રહેલું છે એ ધ્યાનમાં રાખવાનું છે. ટીકાકાર, સૂર્યાભદેવના એ નાટ્યવિધિને સ્વાધ્યાય વગેરે કર્તવ્યનો વિઘાતક બનાવે છે (गीतवादीनां च नाट्यविधेः स्वाध्यायादिविघातकारित्वात् પૃ० ૪૮).

સંખે

૯૨ વાદ્યોનાં જે જે નામો અહીં આપેલાં છે તેમાંના કેટલાક સ્પષ્ટ સમજાતાં નથી. મોકમેષ કહીને ટીકાકારે તેમની વ્યાખ્યા જતી કરી છે. જિજ્ઞાસુઓએ તે તે વાદ્યોની માહિતી ઉસ્તાદ વગાડનારાઓ પાસેથી જાણી લેવી ઘટે.

ઓગણપચાસે જાતનાં

૯૩ મૂળમાં વાજાંઓના ભેદની સંખ્યા ઓગણપચાસ જણાવેલી છે પણ એજ મૂળ પાઠ પ્રમાણે વાજાંઓની સંખ્યા ઓગણસાઠ થાય છે. આ વિસંવાદનું સમાધાન કરતાં ટીકાકાર કહે છે કે એ ઓગણપચાસ તો મૂળભેદો સમજવાના છે અને વધારાના તેના પેટાભેદો છે. (" एवमाइ एगूणपण्णं [४९] आतोज्जविहाणाइं विउव्वइ-मूलभेदापेक्षया आतोद्यभेदा एकोनपञ्चाशत् शेषास्तु एतेषु एव अन्तर्भवन्ति यथा वंशातोद्यविधाने वाली–वेणु–परिली–बब्बग (इ ?) ।। इति–पृ० ५०)

અભિનયો

૯૪ ભારતનું નાટ્યશાસ્ત્ર, નાટ્ય સંગીત વગેરેને લગતી અનેકવિધ માહિતીઓથી ભર્યું પડ્યું છે. અહીં નાટ્યના જે બત્રીશ પ્રકાર કહી દેખાડ્યા છે તેમાંના કેટલાક તો એ નાટ્યશાસ્ત્રમાં બતાવેલા છે. જેવા કે—સંકુચિત, પ્રસારિત, દ્રુત, વિલંબિત, અંચિત વગેરે. ૮૭ મી કંડિકાથી ૧૦૬ મી કંડિકા સુધીમાં એ બધા અભિનયોનો ચિતાર આપેલો છે. ઘણાખરા અભિનયોનો ભાવ સમજાય એવો છે એમાંના કેટલાક પશુપક્ષીને લગતા, વનસ્પતિને લગતા, જગતના અન્ય પદાર્થોને લગતા, પ્રાકૃતિક પ્રસંગોને લગતા અને ઉત્પાતોને લગતા છે. વળી કેટલાક લિપિને લગતા છે—જેવા અભિનયો 'ક' વગેરે અક્ષરોની આકૃતિને લગતા છે તે બધા લિપિસંબંધી અભિનયો છે. બ્રાહ્મી લિપિમાં + આવી આકૃતિ 'ક' ની છે એટલે એ આકૃતિ પ્રમાણે ગોઠવાઈને જે અભિનય કરી બતાવવો તે 'ક'ની આકૃતિનો અભિ-

નય ગણાય. એ જ પ્રમાણે લિપિસંબંધી બીજા બધા અભિનયો વિશે સમજી લેવું. છેલ્લો બત્રીશમો અભિનય ભગવાન મહાવીરની જીવનઘટનાના મુખ્ય મુખ્ય પ્રસંગોને લગતો છે. આ બધું જોતાં તે સમયની અભિનયકળાના પરમપ્રકર્ષનો ખ્યાલ આવે છે અને તે પ્રત્યેક અભિનયની ઉપયોગિતા પણ સમજાય એવું છે. ભગવતીસૂત્રમાં પણ સૂર્યાભદેવે કરી બતાવેલા અહીં જણાવેલા અભિનયોનો ઉલ્લેખ છે તે માટે જુઓ ભગવતીસૂત્રનો મારો અનુવાદ–ખંડ ૨, પૃ. ૪૩ ટિપ્પણ.

ક ખ ગ ઘ ઙ

૯૫ અહીં લિપિના અભિનયોના ઉલ્લેખમાં પાંચ વર્ગના પચ્ચીશ અક્ષરોના જ અભિનયોની નોંધ છે, તેમાં સ્વરના ય ર લ વ શ ષ સ હ ળ ક્ષ ક્ષ ત્ર ના અભિનયોનો ઉલ્લેખ નથી એ ધ્યાનમાં રાખવા જેવું છે. બ્રાહ્મી લિપિમાં 'ક' વગેરેની જે મૂળ આકૃતિઓ બતાવી છે તે આકૃતિના ઘાટના અભિનયો અહીં સમજવા જોઇએ. અશોકના શિલાલેખો બ્રાહ્મીલિપિમાં લખાએલા છે. એ લિપિના અક્ષરોની આકૃતિ માટે સુપ્રસિદ્ધ લિપિશાસ્ત્રી હીરાચંદ ગૌરીશંકર ઓઝાની પ્રાચીન લિપિમાળા જોઇ જવી ઘટે.

દ્રુત

૯૬ જુઓ ભગવતીસૂત્રનો મારો અનુવાદ–ખંડ ૨, પૃ. ૪૪ ટિપ્પણ.

પાદવૃદ્ધ

૯૭ શબ્દ ઉપરથી સંગીતના આ ચાર ભેદો સમજાય એવા છે પણ તેની વિશેષ માહિતી તો કોઈ સંગીતવિશારદ પાસેથી જ જાણી લેવી જોઇએ,

અભિનયો ભજવી

૯૮ મૂળકારે અભિનયના આ ચાર પ્રકાર બતાવેલા છે: ૧. દાર્ષ્ટાંતિક અભિનય તે કોઇ પ્રકારના દૃષ્ટાંતનો અભિનય. ૨

દેવ, સપ્તપર્ણદેવ, ચંપકદેવ અને ચૂતકદેવ છે. સ્વર્ગમાં એ ચાર વૃક્ષોની વિશેષ પ્રતિષ્ઠા હશે? નામોની શૈલી પણ વિચિત્ર પ્રકારની છે.

ઊંડાં છે

૧૦૩ "ते णं चेइयरुक्खा अट्ठ जोयणाइं उड्ढं उच्चत्तेणं, अट्ठ जोयणाइं उव्वेहेणं–પૃ० ૮૭ (અર્થાત્ "તે ચૈત્યવૃક્ષો ઊંચાઈમાં આઠ યોજન છે અને ઊંડાઇમાં આઠ યોજન છે") એવો મૂળપાઠ છે, ત્યારે ટીકામાં એ કરતાં તદ્દન જુદો જ અર્થ છે: ("प्रत्येकं चैत्यवृक्षा अष्टौ योजनानि ऊर्ध्वम् उच्चैस्त्वेन, अर्धयोजनम् उद्वेधेन–उण्डत्वेन" પૃ. ૯૦) અર્થાત્ "તે દરેક ચૈત્યવૃક્ષો ઉંચાઈમાં આઠ યોજન છે, ઊંડાઈમાં અડધું યોજન છે." આવો વિચિત્ર પ્રકારનો પાઠભેદ મૂળ અને ટીકા વચ્ચે છે.

એક યોજન પહોળા

૧૦૪ મહેંદ્રધ્વજની પહોળાઇ અને ઊંડાઇ મૂળમાં યોજન બતાવેલી છે. ત્યારે ટીકામાં એની જ પહોળાઇ અને ઊંડાઇ અડધો કોશ બતાવેલી છે.

"जोयणं उव्वेहेणं" — "ઊંડાઇ યોજન"

"जोयणं विक्खंभेणं"–"પહોળાઇ યોજન" —પૃ० ૮૮.

"अर्धक्रोशम्–अर्धगव्यूतम् उद्वेधेन"–"ઊંડાઇ અર્ધકોશ–અર્ધગવ્યૂત."

"अर्धक्रोशम् विष्कम्भतः"–"પહોળાઇ અર્ધકોશ".–પૃ० ૯૧

આચાર્ય હેમચંદ્ર કહે છે કે—

"योजनं तु चतुष्क्रोश्याम्"–અર્થાત્ યોજન એટલે ચાર ગાઉ. અનેકાર્થ સંગ્રહ–શ્લો० ૩૯૪.

"गव्यूतं क्रोशः"–"ગવ્યૂત એટલે એક કોશ"–અભિધાનચિં० કાં० ૩ શ્લો० ૫૫૨.

ટીકાકારનો અર્થ જો ઠીક હોય તો એમના સમયનું યોજન નાનું

ક્ષુદ્રક મહેંદ્રધ્વજ” આમ લખેલું છે, તે પણ પરસ્પર સંગત નથી. મોટો હોય તે ક્ષુદ્રક કેવી રીતે અને ક્ષુદ્રક હોય તે મોટો કેવી રીતે?

પ્રતિમાઓના

૧૦૮ પ્રતિમાઓનું આ વર્ણન કુતૂહલજનક છે. પ્રતિમા કે ચિત્રમાં જે ભાગ દૃશ્ય હોય તેનું તો વર્ણન થાય પણ જે ભાગ દૃશ્ય ન હોય તેનું વર્ણન વધારે પડતું નથી? આ વર્ણનમાં પ્રતિમાના અદૃશ્ય ભાગને પણ વર્ણવેલો છે જેમકે—પ્રતિમાની જીભ, તાળવું અને દાંત.

નાગપ્રતિમાઓ

૧૦૯ સૂર્યાભદેવના વિમાનમાં તો બધા વૈમાનિક દેવો રહે છે, ત્યાં નાગો અને ભૂતોનો નિવાસ નથી તેમ સંબંધ પણ નથી, છતાં એ વિમાનમાં નાગો અને ભૂતોની પ્રતિમાઓ શા માટે સ્થાપેલી હશે? સ્થાપેલી તો ઠીક પણ એમને જિનપ્રતિમાઓની આગળ શા માટે મૂકવામાં આવી હશે? નાગોની અને ભૂતોની પ્રાચીન પૂજાપદ્ધતિની આમાં અસર તો નહિ હોય? લોકો નાગોથી અને ભૂતોથી ભય પામતા અને તેમાંથી પોતાનું રક્ષણ મેળવવા તેઓએ નાગો અને ભૂતોની પૂજા પ્રવર્તાવેલી એ વાત પ્રસિદ્ધ છે; ત્યારે શું સૂર્યાભદેવ પણ નાગોની અને ભૂતોની પૂજા કરતો હશે ખરો? એને પણ એમનાથી ભય હશે કે કેમ? નાગ અને ભૂત એ બન્ને નામો એક બળવાન અને સુપ્રસિદ્ધ વંશને પણ સૂચવે છે, તો શું અહીં વાપરેલા તે બન્ને શબ્દો એ વંશના સૂચક છે કે નાગદેવતા વા ભૂત પ્રેત વ્યંતરના સૂચક છે, એ બાબત પણ વિચારવા જેવી તો ખરી જ.

સરસવ–તેલ

૧૧૦ શ્રી જિનની પ્રતિમાઓ પાસે પણ આ સરસવ તેલ ફિટકડી વગેરેના ડબાઓનું શું કામ હશે?

કરવાનું છે?

૧૧૨ ટીકાકાર લખે છે કે આ સ્થળે પુસ્તકોમાં ઘણોય વાચનાભેદ–પાઠભેદ છે અને તેમાંનો કેટલોક તો પ્રાયઃ અપૂર્વ છે, તેથી શિષ્યોને સંમોહ તો થવાનો પણ એ ન થાય તે માટે અહીં એક સુગમ પાઠ અમે આપેલો છે. ("इह प्राकृतो ग्रन्थः प्रायः अपूर्वः भूयान्, अपि च पुस्तकेषु वाचनाभेदः ततो मा भूत् शिष्याणां सम्मोह इति क्वापि सुगमोऽपि यथावस्थितवाचनाक्रमप्रदर्शनार्थं लिखितः–पृ० १०२) મારી સમજમાં ફેર ન હોય તો જે હકીકતને આશ્રીને જૈન સમાજમાં મોટો મતભેદ પ્રવર્તે છે તે હકીકતને લગતો આ પાઠભેદ લાગે છે. આ પાઠભેદ બાબત ખૂબ વિચારીને તત્ત્વશોધ થાય તોજ જૈન સમાજમાં શાંતિ પ્રવર્તે એ ધ્યાનમાં રાખવાનું છે.

પવિત્ર પાણી

૧૧૩ જુઓ ટિપ્પણ ૭૭ મું.

પ્રભાસ-તીર્થધૂળ

૧૧૪ એક તરફ કહેવામાં આવે છે કે મનુષ્યલોક અત્યંત દુર્ગંધમય છે અને તે એટલો બધો દુર્ગંધિત છે કે તેની તે દુર્ગંધને લીધે દેવો અહીં આવી શકતા નથી, ત્યારે બીજી તરફ દેવના અભિષેક માટે મનુષ્યલોકમાં આવેલાં તીર્થોની માટી, પાણી, ધૂળ અને પુષ્પો વગેરે સ્વર્ગમાં લઈ જવામાં આવે છે.

સુગંધી પાણીનો

૧૧૫ વિમાનશુદ્ધિના આ વર્ણનની કંડિકા જોતાં એમ લાગે છે કે સ્વર્ગીય વિમાનમાં પણ દુર્ગંધી હોય છે, ધૂળ હોય છે? વગેરે વગેરે.

દેવદૂષ્યયુગલ

૧૧૬ ભગવાન મહાવીરના સમયમાંના લોકો બે વસ્ત્ર પહેરતા એ હકીકત, તે સમયની વસ્ત્રપરિધાનપદ્ધતિનો [illegible] દરેક પ્રાચીન શિલ્પો ઉપરથી સમજી શકાય એમ છે, એ જોતે

શક્રસ્તવ પણ કહેલું છે પરંતુ તે અતિપ્રસિદ્ધ હોવાથી અહીં પૂરું આપેલું નથી. ("वन्दते ताः प्रतिमाः चैत्यवन्दनविधिना प्रतिदेन, नमस्करोति पश्चात् प्रणिधानादियोगेन इति एके. अन्ये तु अभिदधति– विरतिमतामेव प्रसिद्धः चैत्यवन्दनविधिः अन्येषां तथाऽभ्युपगमपुरस्सर· कायव्युत्सर्गासिद्धेः इति वन्दते सामान्येन, नमस्करोति आशयवृद्धेः अभ्युत्थाननमस्कारेणेति । तत्त्वमत्र भगवन्तः परमर्षयः केवलिनो विदन्ति। अत ऊर्ध्वं सूत्रं सुगमम्, केवलं भूयान् विधिविषयो वाचनाभेद इति"— पृ० ११०)

સદ્ભાવ બતાવ્યો

૧૧૮ પૂતળીઓ વગેરે તરફ સૂર્યાભદેવની પોતાની આ જાતની પ્રવૃત્તિ વિચિત્ર લાગે છે. શું તે બધીને સાફ કરવા તેણે એમ કર્યું હશે કે એનો કોઈ બીજો જુદોજ હેતુ હશે ? સાફ કરવા માટે તો સૂર્યાભદેવના તાબામાં ઘણા આભિયોગિક દેવો રહે છે પરંતુ એવું કાર્ય સૂર્યાભદેવે જાતે કરીને તેવા સાફસૂફ કરવાના કાર્ય તરફની લોકોની ઘૃણા ટાળવાનો પણ કદાચ પ્રયત્ન કર્યો હોય.

સૂચિત કર્યો

૧૧૯ આ કંડિકાથી તો સૂર્યાભદેવનો પુસ્તક પ્રતિ અતિ આદર સૂચિત થતો લાગે છે. આ પ્રવૃત્તિ કાંઈ પુસ્તકપૂજાની નથી. ખરી પુસ્તકપૂજા તો તેમાં લખેલું વાંચી આચારમાં મૂકવાથી થાય છે એમ તે વિબુધ જરૂર સમજતો હશે.

અર્ચનિકા

૧૨૦ સૂર્યાભદેવની આ આજ્ઞામાં બધું સાફસૂફ કરવાનું જણાય લાગે છે, કામકાજ તરફ લોકોની ઘૃણા ટાળવા માટે પણ એની આ આજ્ઞા હોય ?

આવેલા પાયાસિસુત્તંતમાં આ નગરીને 'સેતવ્યા' નામથી સૂચવે છે અને કોશલ દેશમાં (જૈન દૃષ્ટિએ અયોધ્યા અને તેની આ પાસનો પ્રદેશ) વિહાર કરતા કરતા કુમાર કાશ્યપ આ નગરી આવ્યા એમ સૂચવી એને કોશલોના નગર તરીકે જણાવેલી છે ("येन सेतव्या नाम कोसलानं नगरं तद् अवसरि"–દીઘનિકાય ભા ૨ પૃ. ૩૧૬)

પએસી

૧૨૪ મૂળમાં આ માટે 'પએસી' કે 'પયેસી' શબ્દ વપરાએલો છે, ટીકાકાર આ માટે 'પ્રદેશી' શબ્દ વાપરે છે અને આવશ્યકમાં 'પદેસી' શબ્દ સૂચવેલો છે. આ રાજા સંબંધી જે હકીકત હવે પછી આ 'રાયપસેણઇય' સૂત્રમાં આવનારી છે, તેને લગભગ મળતી હકીકત દીઘનિકાયના 'પાયાસિસુત્તંત' નામના લાંબા પ્રકરણમાં આવેલી છે. ('पायासि' શબ્દમાં 'य' ની પહેલાં જે કાના જેવું નિશાન છે તે, ખરેખર કાનો નથી પણ પડિમાત્રાની લિપિમાં એ કાના જેવું નિશાન 'य' ઉપરની માત્રા છે એટલે એનું ખરું વાંચન 'પયેસિ' થાય, પણ માત્રા વાંચવાની ભૂલના પરિણામે અને 'ય' પછી બીજો એક કાનો વધી જવાને કારણે 'પયેસિ' ને બદલે 'પાયાસિ' થયું હોય એમ ન બને ?) એ સુત્તંતમાં મુખ્ય પ્રશ્નકાર રાજા 'પાયાસિ' છે, તેમાં તેને રાજન્ય વંશનો જણાવેલો છે અને તેનો સંબંધ કોશલ વંશના રાજા 'પસેનદિ' સાથે બતાવેલો છે. રાયપસેણઇયમાં જેમ રાજા પયેસીને અત્યંત પાપિષ્ઠ તરીકે વર્ણવેલો છે તેમ દીઘનિકાયમાં નથી. પરંતુ એમાં એમ તો કહેલું છે કે–એ રાજાને પાપમય વિચારો હતા; પરલોક નથી, ઔપપાતિક સત્તા નથી અને સુકૃત તથા દુષ્કૃતનો કોઈ પ્રકારનો ફળવિપાક–પરિણામ–નથી. આ રાજા વિશે બીજી કોઈ ઐતિહાસિક માહિતી મળી નથી. (तेन खो पन समयेन पायासि

રસ્મો હેતમ્યં ભઽન્તવસતિ × × × પસેનદિ કોસલેન દિન્નં રાજદેય્યં × × × પાયાસિરાજઞ્ઞસ્સ એવરૂપં પાપક દિટ્ઠિગતં ઉપ્પન્નં હોતિ ઇતિ પિ નત્થિ પરલોકો, નત્થિ સત્તા ઓપપાતિકા, નત્થિ સુકતદુક્કટાનં કમ્માનં ફલં વિપાકો તિ-દીઘનિકાય ભાગ ૨ પૃ૦ ૩૧૭)

ચિત્ત

૧૨૫ આ માટે ટીકાકાર ‘ ચિત્ર ’ શબ્દ વાપરે છે. દીઘનિકાયમાં આ માટે ‘ખત્તે’ શબ્દ છે. આ સૂત્રમાં જેમ રાજા પએસી અને ચિત્ત વચ્ચે ગાઢ સંબંધ બતાવેલો છે તથા તે બેની વચ્ચે વિશેષ વાતચીત થયાની હકીકત લખેલી છે, તેમ દીઘનિકાયના પાયાસિસુત્તંત પ્રકરણમાં રાજા પાયાસિ અને ખત્તે વચ્ચેનો સંબંધ જણાવેલો છે અને તે બેની વચ્ચે વિશેષ વાતચીત થયાની નોંધ કરેલી છે. ‘ ખત્તે ’ નો સંસ્કૃત પર્યાય ક્ષત્તૃ-ક્ષત્તા છે અને તેનો અર્થ સારથિ-રથ હાંકનાર-છે. હું ન ભૂલતો હોઉં તો રાયપસેણઇયમાં જે ‘ ચિત્તે ’ શબ્દ વપરાયો છે તે, જેમ ‘ ખત્તે ’ને બદલે છે અને તેમ થવામાં લિપિભ્રમ કારણ જણાય છે ‘ ખત્તે ’ શબ્દ કોઈ કાળે ‘ચિત્તે’ વંચાયો હોય અથવા ચકારબહુલ ભાષાવાળા લોકો ન ‘ ખત્તે ’ને ‘ ચિત્તે ’ સમજ્યા હોય ક વર્ગને બદલે ચ વર્ગ બોલવાનો રિવાજ ગુજરાતના કેટલાક ભાગમાં કાંઈ નવો નથી, એથી ‘ ખત્તે ’ને બદલે ‘ ચિત્તે ’ થયા પછી તે-‘ ચિત્ત ’-વિશેષ નામ કલ્પાયું હોય અને ત્યારબાદ તે માટે ‘ સારહિ ’—સારથિ એવું વિશેષણ યોજાયું એમ કેમ ન બને ? દીઘનિકાયમાં ‘ ખત્તે ’ પદ નિર્વિશેષણ વપરાયું હોવાથી ‘ ચિત્તે ’ ઉપરથી ‘ ખત્તે ’ની કલ્પનાને અવકાશ રહેતો નથી.

૧૨૬ સૂત્રોમાં આ નગરીને કુણાલની રાજધાની કહી છે. બૌદ્ધો તેને ‘ શ્રાવસ્તી ’ કહે છે. દીઘનિકાયના મહાસુદસ્સનસુત્તમાં સાવત્થીને તે સમયનું ‘ મહાનગર ’ કહેલું છે, ‘સદ્દેનમદ્દેન’

૧૪

ના નામથી જે ગામ આજે જાણિતું છે તે આ 'સાવત્થી' છે એમ પ્રાચીન ભૂગોળના શોધકો કહે છે. આ માટે વધારે જાણવા સારૂ જુઓ મારી 'ભગવાન મહાવીરની ધર્મકથાઓ'માંનું 'શ્રાવસ્તી' ઉપરનું ટિપ્પણ.

ભેટ આપી આવ

૧૨૭ મૂળ સૂત્રમાં જણાવેલું છે કે "સાવત્થીનો રાજા જિતશત્રુ, સેયવિયાના રાજા પએસીનો અંતેવાસી હતો." અંતેવાસી શબ્દ શિષ્યના ભાવને સૂચવે છે. શિષ્ય જેમ ગુરુની આજ્ઞાનો ધારક હોય છે તેમ રાજા જિતશત્રુ, રાજા પએસીની આજ્ઞાનો ધારક હતો અર્થાત્ તેના તાબાનો ખંડિયો રાજા જિતશત્રુ હતો. પરિસ્થિતિ આમ છતાં રાજા પએસી પોતાના સારથિ ચિત્તને પોતાના તાબાના રાજા જિતશત્રુને ભેટણું આપી આવવાની જે ભલામણ કરે છે તેનું શું કારણ હોવું જોઈએ? ખરી રીતે તો તાબાના ખંડિયા જિતશત્રુ રાજાએ પોતાના ઉપરીભૂત રાજા પએસીને પ્રથમ ભેટણું મોકલવું જોઈએ. આ સંબંધે મૂળમાં કે ટીકામાં કશો ખુલાસો મળતો નથી, પણ કલ્પનાથી જે ખુલાસો સૂઝે છે તે આ છે. કેટલીએક વાર તાબાના ખંડિયા રાજાઓ, પોતાના ઉપરીભૂત રાજા કરતાં બળ, સેના, કોશ–ધનભંડાર અને બીજી બાબતોમાં આગળ વધવાનો ગુપ્ત પ્રયાસ કરે છે અને તેમ કરી પોતાના ઉપરીભૂત રાજાને હઠાવી તેને સ્થાને આવવાનો અને પોતાનું ખંડિયાપણું ભુંસવાનો પ્રયત્ન પ્રચ્છન્નપણે સેવતા હોય છે, આ પરિસ્થિતિની જાણ જ્યારે ઉપરીભૂત રાજાને થાય છે ત્યારે તે મુખ્ય રાજા, રાજનીતિશાસ્ત્રને અવલંબીને તે માટે તપાસ કરવા પ્રયત્ન કરે છે અને તે પ્રયત્ન કરવાનાં જેમ બીજાં પણ અનેક નિમિત્તો હોય છે તેમ 'ભેટ મોકલવી' તે પણ એક નિમિત્ત છે. આ જ વસ્તુને રાજા પએસી પોતાના સારથિ ચિત્તને નીચેના શબ્દોમાં જણાવી રહ્યા છે: "ચિત્ત! તું આ ભેટ આપી

[illegible] ત્યાંના [illegible], [illegible] અને [illegible]નું અને કે તેનો આગમને. [illegible] વચન [illegible] જ્ઞાન [illegible] પાળે કદી પણ આવ "

કેશી કુમારશ્રમણ

૧૨૮ દીઘનિકાયમાં આગમને સ્થાને કુમાર કાશ્યપ (પાયાસી-કુમાર કસ્સપ)નું નામ છે. કાશ્યપના ભિક્ષુ અનુયાયી પાયાસીની સેવામાં આવેલા છે. કુમાર કાશ્યપને શ્રમણ ગૌતમના (ગૌતમ બુદ્ધના) શ્રાવક તરીકે વર્ણવેલા છે (બૌદ્ધ શાસનમાં ત્યાગી હોય તે શ્રાવક અને ગૃહસ્થ હોય તે ઉપાસક) આ કુમારકાશ્યપ ગૌતમ જ્યારે સેતવિયા નગરીમાં આવે છે ત્યારે કેશીકુમાર-શ્રમણ શ્રાવસ્તીએ આવ્યા પછી સેતવિયા આવી જાય છે. આજન્મ બ્રહ્મચારી હોય તે કુમારશ્રમણ કહેવાય. મૂળ તો કુમારશ્રમણ શબ્દ યૌગિક છે પણ પછી તે બ્રાહ્મણ મુનિ વગેરે શબ્દની પેઠે રૂઢ થયો લાગે છે. પાણિનીયના સૂત્ર અષ્ટાધ્યાયમાં પણ એ શબ્દનો ઉલ્લેખ છે એટલે એ શબ્દ પ્રાચીન છે

બહિદ્ધા દાન

૧૨૯ સ્થાનાંગસૂત્રની ટીકામાં (પૃ૦ ૨૦૨) બહિદ્ધા એટલે મૈથુન અને આદાન એટલે પરિગ્રહ એમ જણાવેલું છે અથવા સ્ત્રી-પરિગ્રહ વા બંનેને પણ એક પ્રકારનો પરિગ્રહ 'બહિદ્ધાદાન'માં સમાઈ જાય છે કેશી કુમારશ્રમણ ભગવાન પાર્શ્વનાથના અનુયાયી હતા માટે તેમણે ચાર મહાવ્રતોને ઉપદેશ્યા છે.

અણુવ્રત-શિક્ષાવ્રત

૧૩૦ ભગવાન મહાવીર પછી કેટલાક સમયે અણુવ્રત, શિક્ષાવ્રત અને ગુણવ્રત એવો સ્પષ્ટ વિભાગ થયેલો છે, જે વર્તમાનમાં પ્રચલિત છે એ વિભાગ મનોને સ્પષ્ટતાપૂર્વક સમજવા માટે જ યોજાયેલો છે.

૧ દેશી ત્રીભુવનદાસ છગનલાલ
૨ મહેતા મંગળદાસ નાનચંદભાઈ
૧ શાહ મોહનલાલ મોતીભાઈ

અમદાવાદ.

૧ દેશી ખીમચંદ વખતચંદ
૨ મોદી સંતુભાઈ મગનલાલ
૧ શાહ તલકચંદ ખીમચંદ
૧ શાહ શિવલાલ જેનશી
૧ ડૉક્ટર કેશવલાલ જેઠાભાઈ
૧ મેઘજી મોહનલાલ પ્રેમજી
૧ કોઠારી પુરશોત્તમ ઠાકરશી
૧ શેઠ લાલચંદ જેઠાભાઈ
૧ શ્રી ચમનભાઈ ખંભાતવાળા
દેશી મોતીચંદ ધારશી
મોહનલાલ કુંવરજી નવનાખીલા
મણિયાર મનસુખલાલ

જંબુભાઈ

દેસાઈ જીવનલાલ પ્રેમજી
. શ્રી પાર્વતીબાઈ
૧ શાહ ડાહ્યાભાઈ મોતીચંદ
દા. બા. શ્રી લક્ષ્મીબાઈ
૧ સાહ મણીબાઈ
૧ શાહ જગજીવન નાનજી
૧ નવલ બહીરા ખીમચંદ ગોવિંદભાઈ
૧ શાહ મણિલાલ મગનલાલ
૧ શાહ મોહનલાલ ખુશાલચંદ
૧ ગોસળીયા હરિલાલ માધવજી

૧ દેશી નાગરદાસ જુઠાભાઈ
૧ શાહ લક્ષ્મીચંદ ફુલચંદ
૩ શાહ રમણલાલ મગનલાલ
૧ શાહ પુરશોત્તમ હાથીદાસ
૧ શાહ મોહનદાસ કેશવલાલ

કલોલવાળા

૧ પ્રધાન સુખલાલ દલીચંદભાઈ
૧ શાહ પોપટલાલ લક્ષ્મીચંદ
૧ ભાવસાર મોહનલાલભાઈ

ખેડાવાળા

મુંબાઈ.

૧૦ ડાહ્યાભાઈ એમ. ભાવસાર
૧૦ લાલચંદ નાગરદાસ વસ-
માણીયા
૨૫ શ્રી શાન્તિલાલ ઠાકરશીભાઈ
માગધરાવાળા
૧૦ શ્રી દલીચંદ જગજીવનદાસ
થાનવાળા
૫ શ્રી નાનાલાલ નાગરદાસ
લીંબડીવાળા
૫ શ્રી રામજી કરશનજીભાઈ
થાનવાળા
૧ જેઠાલાલ ત્રીભુવનદાસ શાહ
થાનવાળા
૧૦ શેઠ મનજીભાઈ દેવશી ઘાટકોપર
૧૦ શેઠ નગીનદાસ એન્ડ ભાણે-
કલાલ

૧૦ શેઠ નારણજી પુરૂષોત્તમ
૫ શાહ જેઠાલાલ રામજીભાઇ
૫ ગોસળીયા ફીરચંદ ખેતશીભાઇ
૫ શ્રી રામજીભાઇ જાદવજીભાઈ
૫ શાહ વનમાળીદાસ ગુલાબચંદ
૫ શાહ ત્રીભુવનદાસ વલમજી ચોરડીવાળા
૫ ગં. સ્વ. રત્નગવરીબ્હેન મુનીમ
૫ શેઠ લાધાભાઈ મણશીભાઈ
૫ શાહ હેમચંદ હરખચંદભાઇ
૫ શાહ ન્યાલચંદ જાદવજીભાઇ
૫ શાહ ગંગાદાસ લાલજીભાઇ
૫ શાહ લક્ષ્મીચંદ ડાહ્યાભાઈની કુંપની
૫ શ્રી ડુંગરશી ડાહ્યાભાઇ
૫ કેશવજી મોનજી ખેતાણી
૨ શાહ કાનજી માધવજીભાઇ
૨ શાહ ત્રીભુવનદાસ નરભેરામભાઈ
૨ શાહ ભગવાનદાસ સૌભાગ્યચંદ
૨ શ્રી લખમશી રતનજી
૨ શ્રી ફતેચંદ મોતીચંદ દેશાઇ
૨ શ્રી અમૃતલાલ નાગરદાસ
૨ શ્રી સુંદરજી મુળજીભાઇ
૨ શ્રી જગજીવન દયાળભાઈ
૨ શ્રી ચંદુલાલ જગજીવનભાઇ
૨ શ્રી મકનજી મુળચંદ
૨ શ્રી [illegible] ડોસાભાઇ
૨ શ્રી [illegible] દામોદર દફતરી

૧ શ્રી હેમચંદ રામજીભાઇ
૧ શ્રી હરિદાસ જગજીવનભાઇ
૧ શ્રી ખોડીદાસ મૂળજીભાઇ
૧ શ્રી ચીમનલાલ ભગવાનજી કામદાર
૧ શ્રી માણેકચંદ ગોપાળજી શેઠ
૧ શ્રી નરભેરામ મોરારજી
૧ શ્રી ભગવાનજી ભાણજીભાઇ
૧ શ્રી પ્રેમચંદ નાનચંદભાઇ
૧ શ્રી તુળશીદાસ હરખચંદભાઇ
૧ શ્રી અ. સૌ. બ્હેન લક્ષ્મીબાઇ ધનજી
૧ શ્રી બ્હેન ગરવાબાઈ

વાંકાનેર.

૨ શ્રી દીપચંદ વાલજી શાહ
૧ મહેતા પોપટભાઇ કુલચંદભાઇ
૧ મહેતા રૂપચંદ કુલચંદભાઈ
૧ મહેતા મલુકચંદ મોતીચંદભાઇ
૧ મહેતા કાન્તિલાલ કપુરચંદભાઇ
૧ સોલાણી મોહનલાલ હરજીવનભાઇ
૧ સોલાણી ધરમશી નાનચંદભાઇ
૧ શ્રી વીરચંદ હંસરાજભાઇ
૨ શ્રી કરસનજી ભીમજીભાઇ દોશી
૧ શ્રી લીલાધર પાનાચંદભાઇ દોશી
૧ શ્રી જગજીવન પાનાચંદ દોશી
૧ શ્રી પ્રેમચંદ લાલજીભાઈ દોશી
૧ શ્રી [illegible]